આગ્રા

દીલ્હી.

ફરદુનજી મા. પાવરી.

The Capitals
of Hindu-Mehommadan India
Agra and Delhi.

A Historical Work on both of these antique cities written on the authority of several English and Gujarati works, and of a personal visit of the notable places of both cities.

WITH ILLUSTRATIONS

BY

FARDUNJI MANECKJI PAVRI, B. A,

BOMBAY.

(Registered under Act XXV of 1867)

Fort Printing Press.

1916

Edited and Published by F. M. Pavri, at No. 3, Karelwadi, Bombay,
and Printed by M. J. Tavaria at the FORT PRINTING PRESS, No. 1, Parsi Bazar, Fort, Bombay.

આગલી
હીંદુ-મુસલીમ સલતનતના પાયતખ્તો
આગ્રા અને દીલ્હી.

આ બન્ને પુરાતન શેહેરોની નોંધલાયક જગ્યાઓની
જાતી મુલાકાત તથા ઘણાક અંગ્રેજી-ગુજરાતી ગ્રંથોને
આધારે લખાયલું તવારીખી પુસ્તક.

ચીત્રો સાથે.

કર્ત્તા

ફરદુનજી માણેકજી પાવરી, બી. એ.

મુંબઇ.

(સને ૧૮૬૭ નાં એકટ ૨૫ મુજબ રજીસ્ટર થઇ છે.)

ધી ફોર્ટ પ્રીન્ટીંગ પ્રેસમાં, માણેકજી જીવણજી તવરીઆએ છાપ્યું છે.
નં૦ ૧, પારસી બજાર સ્ટ્રીટ, કોટ, મુંબઈ.

૧૯૧૬.



મી૦ કાસમઅલી જેરાજભાઇ જે. પી.

THIS VOLUME

IS MOST RESPECTFULLY DEDICATED

TO

Cassumalli Jairazbhoy Esq. J. P.

આ પુસ્તક

શેઠ કાસમઅલી જેરાજભાઇ જે. પી. ને

માન પૂર્વક અર્પણ કર્યું છે.

પ્રસ્તાવના.

વીસમી સદીના ચૌદમા સાલનાં પેહેલા મહીનાની પેહેલી તારીખે મુંબઇથી આગ્રા જવા ઉપડયો. આગ્રા લગભગ એક મહીનો રહ્યો તે દરમિયાન દીલ્હી તથા જેપુરની મુલાકાત લીધી હતી. મુસાફરી લગાર લાંબી અને કાંઇક કંટાળા ભરેલી લાગે છે, પણ ત્યાંની ઇતિહાસિક ઇમારતો વીગેરેની મુલાકાતથી સર્વ રંજ-ગંજનો ખંગ વળી રહે છે. ઠંડીની મોસમમાં કકડતી ઠંડી પુષ્કળ અને ગરમીની રૂતુમાં ગરમાગરમ ટપોટો બેશુમાર. પણ ઠંડીના દીવસ પસંદ કરવા જોગ છે. તેજ રૂતુ તંદુરસ્તીને પણ લાભકારક હોવાથી મુસાફરો વીગેરેની એજ મોસમમાં આમદ થાય છે.

આગ્રામા રહેવું એટલે તાજમહેલનાં દર્શન અનેકવાર કરવાનુ કુદરતીજ મન થાય છે. તે મહાન તાજની એક મુલાકાત દરમિયાન આ અદના લખનાર તે ગંજાવર મેહેલની કાંઈ નોધ ઉતારી લેતો હતો ત્યાં તાજ નજદીકનો એક ચોપડી વેચનાર (Book-stall-keeper) પાસે ઉભો હતો તેણે કાંઇ અર્થસૂચક સૂચના કરી કે જો મારો ચોપડી લખવાનો ઇરાદો હોય તો મારે તે ગુજરાતીમાજ લખવી. લખનારની નેમ આ બન્ને નામાકીંત શહેરો માટે અંગ્રેજી ભાષામાંજ એક ચોપડી લખવાની હતી. પણ તલાશના પરીણામમાં માલુમ પડયું કે અંગ્રેજી અને ઉરદુ ભાષામાં ઘણી ચોપડીઓ આગ્રા-દીલ્હી વિષે લખાઇ છે, પણ આ બન્ને

પુરાતન તવારીખી શહેરો જેણે હીંદુ, મુસલમીન, મરાઠા તેમજ અંગ્રેજ રાજવંશાઓની તાજપોશી નિહાળી છે, તે શેહેરો માટે એકજ સંપૂર્ણ ચોપડી ગુજરાતી ભાષામાં એવી લખાએલી જણાતી નથી કે જે આ બન્ને નામીચાં શેહેરોની નોધલાયક (notable) જગ્યાઓ સાથે તેની ટુંક તવારીખ પણ આપે. તેંટલા કાજે જે બારીક નોંધો આ અદના કલમે પોતાની મુસાફરી દરમિયાન, સર્વ જગ્યાઓ નજરોનજર જોઇ એકઠી કરી હતી, તેને અનેક અંગ્રેજી, ફારસી, તથા ગુજરાતી ગ્રંથોને આધારે, એક ચોપડીના આકારમાં મુકવાનો પ્રયત્ન કર્યો છે, એવી મતલબથી કે તે મુસાફરને તેમજ પુરાતન તવારીખના અભ્યાસીને મદદગાર થઇ પડે. મગર આ કમીની કોશેશમાં કાંઇક ખામી માલુમ પડે તો તે માટે દરગુજર ચાહવામાં આવે છે.

આ ચોપડીમાં અંગ્રેજી વીગેરે ભાષામા ઘણા ઉતારા આપવા પંડયા છે પણ તેની સાથેજ ગુજરાતી ભાષામાં તેનો સારાંશ આપ્યો છે સબબ કે કોઇ વાંચનાર અંગ્રેજી ભાષાનું મુદ્દલ જ્ઞાન ધરાવતા નહી બી હોય તે પણ આ નાના પુસ્તકનો લાભ લેઇ શકે.

આ ચોપડીને બે ભાગ અને બાર પ્રકરણમાં વેહેંચી નાખી છે. પહેલો ભાગ પાંચ પ્રકરણનો આગ્રા વીશે જ્યારે બીજો ભાગ દીલ્હી વીશે બાકીનાં સાત પ્રકરણમાં લખાયો છે. છેવટે બે પુરવણી (appendix) આમેજ કીધી છે. પેહેલીમાં નામાંકિત અંગ્રેજ, ફ્રેન્ચ તથા જર્મન મુસાફરોના મત તાલેવંત નસીબના તાજ મેહેલ માટે ચુંટી કાઢી એકઠાં કીધાં છે કે જે વાંચ્યાથી વાંચનારને તાજ મેહેલની ખરી ખુબી વિષે બીજાં પ્રકરણમાં લખેલું વર્ણન સહરાહત ભરેલું ન લાગે. બીજી પુરવણી જેપુર શેહેરની લાયક જગ્યાનો ટુંક ચીતાર છે. ત્યાંની જ્ઞાન-

વર્ધક જગ્યાઓમાં ત્યાંનું આલબર્ટ મ્યુઝીઅમ પેહેલી પંકતી ઉપર મુકી શકાય. એ સંગ્રહસ્થાનને જોઈ અભ્યાસ કરવા માટે અભ્યાસીએ દીવસો રોકેલા વ્યર્થ જશે નહીં. ચોપડીને બે ભાગમાં વેહેંચવાનો વિચાર મુસાફરની સગવડના ખ્યાલે પૂરો પાડ્યો છે, સબબ જેનાથી બન્ને શહેરો એકી વખતે ન જોવાઇ શકાય તે પ્રત્યેક ભાગ વાંચી તે શેહેરનો લાભ લે. બીન અનુભવી મુસાફરને દરેક શેહેર થોડા વખતમાં અને ટુંક ખરચમા જોવા કાજે આ અદના કલમના જાતી અનુભવે સુચિપત્ર પૂરો પાડ્યો છે જે પ્રમાણે અમલ કરવાથી ફકત ત્રણ ત્રણ દીવસમાં દરેક શેહેર સેહલાઇથી જોઇ શકાશે. વળી દરેક પ્રકરણની પણ એવી વેહેંચણી કરી છે કે કોઈ ચોકસ નોંધલાયક જગ્યા જોવી હોય તો સાંકળ્યામાં તેનુ પ્રકરણ જોઈ તેજ પ્રકરણ ફકટ વાંચી પોતાની ખાહેશની જગ્યા જોઇ લે. આગ્રા મધે ખસુસકરી તાજમેહેલ તથા આગ્રા ફોર્ટ અને દીલ્હી મધે ખાસ કરી કુતુબ મીનાર, દીલ્હી ફોર્ટ તથા જુમા મસજીદ જોવા માટે આ કલમની ભલામણ છે.

આ પુસ્તક પ્રસિદ્ધ કરવામાં સવળતા અને સગવડ આપવા કાજે ફોર્ટ પ્રીનતીંગ પ્રેસના માલેક, મારા મીત્ર મી૦ હોશંગ તહેમુરસ્પ અંકલેસર્યાનો આ તકે સાચાં જીગરથી આભાર માનું છું. નીચલી ચોપડીઓની મદદ આ ગ્રંથ તૈયાર કરવામાં ઘણી કિમતી થઈ પડી છે જે માટે તેઓના કર્તાનો ખરાં અંતઃકરણથી એહસાનમંદ છું:—

1. History of Indian and Eastern Architecture, by James Fergusson, D. C. L., F. R. S., M. R. A. S.

2. Delhi—Past and Present, by H. C. Fanshawe, C. S. I., I. C. S.

3. Archæological Survey of India (Four Reports), Vol. I, by Major-General Alexander Cunningham, C. S. I.,

4. Archæological Survey of India, by Messrs J. S. Beglar and A. C. L. Carlleyle, Vol. IV.

5. Travels in the Mogul Empire, by Francis Bernier, translated from the French by Irving Brock, (in two volumes).

6. Picturesque India, by W. S. Caine.

7. Travels in India including Sinde and the Punjab, Vol. II, by Captain Leopold von Orlich, translated from the German by H. Evans Lloyd Esq.

8. Glimpses of India, by a corps of well-known writers, edited by J. H. Furneaux.

9. Three Days at Delhi, by Major H. A. Newell.

10. A Sketch of the History of Hindustan, by H. G. Keene, C. I. E., M. R. A. S.

11. The History of Hindostan, translated from the Persian by Alexander Dow Esq. in 3 volumes.

૧૨ રાસ્ત ગોફ્તારનો તાજ પોશી ગ્રંથ. (૧૯૧૧).

૧૩ ઉત્તર હિંદમાં થોડાક દીવસો, લખનાર મી૰ શોરાબ પે. ન. વાડીઆ.

મૂખ્યત્વે, મી૰ ફરગ્યુસનની "History of Indian and Eastern Architecture," મેજર કનીંગહેમના "Archæological Reports," અને દીલ્હીના કમીશનર મી૰ ફનશાની "Delhi-Past and Present," ઘણું સત્તાધારી ઉપયોગી પુસ્તકો છે જેઓનો ખાસ-સઘળા ભેગો-આ અદના કલમ ફરી ઉપકાર માને છે.

ઉપલી હારમાળા ઉપર નજર નાખતાં આપણે કબુલ કરીશું કે જે અંગ્રેજી આદેલ અમલે આ ઈતિહાસીક ઇમારતોને મોટે ખરચે ગોયા અગ્રગી બક્ષી છે તેજ રાજના ઘણાક નામીચા લખનારાઓએ ગ્રંથો લખી તેની કીર્તિ દુન્યામાં ચોમેર મશહુર કરી છે. તેટલા કાજે આ પુરાતન ઇમારતોના પરવરતાવનાર ભેગો આપણી રહેમદીલ આદેલ અંગ્રેજ સરકારને પણ ધન્યવાદ આપીશું !

સેવક,

ફરદુનજી માણેકજી પાવરી.

નં૰ ૩, કરેલવાડી,

મુંબઇ, તા૰ ૪ થી માર્ચ ૧૯૧૫.

સાંકળ્યું.

ભાગ પેહેલો—આગ્રા.

પ્રકરણ પેહેલું

પ્રવેશ.

પ્રકરણ બીજું.

આગ્રાનો જગજાહેર તાજમેહેલ.

પ્રકરણ ત્રીજું.

આગ્રાનો અસલી કીલ્લો.

પ્રકરણ ચોથું.

ફતેહપુર સીક્રી.

પ્રકરણ પાંચમું.

સીકંદ્રા તથા એતેમાદ–ઉદ–દઉલા.

ભાગ બીજો–દીલ્હી.

પ્રકરણ છઠું.

દીલ્હીની ટુંક તવારીખ.

પ્રકરણ સાતમું.

દીલ્હીનો કીર્તિવંત કુતુબમીનાર.

પ્રકરણ આઠમું.

આલી દરવાઝા–કઉવત–ઉલ–ઇસલામ.

પ્રકરણ નવમું.

દીલ્હીનો દીલપઝીર કીલ્લો.

તખ્તે તાઉસ.

પ્રકરણ દશમું.

જાણીતી જુમા મસજીદ—પુરાણા કીલ્લા.

પ્રકરણ અગ્યારમું.

હુમાયું–નીઝામ-ઉદ-દીન–સફદર જંગ.

પ્રકરણ બારમું

તગલખ–આબાદ, કીલ્લા રાય પીથોરા, ચાંદની ચૉક.

પુરવણી એ.

પુરવણી બી.

જેપુર વિષે બે બોલ.

આગલી હિંદુ-મુસલીમ સલતનતના પાયતખ્તો.

આગ્રા અને દીલ્હી.

ભાગ પેહેલો.

આગ્રા.

પ્રકરણ પેહેલું.

પ્રવેશ.

“જીવ્યા કરતાં જોયલું ભલું” એ કહેવત આપણા લોકમાં અસાધારણ નથી. ‘જીવ્યા કરતાં જોયલું ભલું’, કારણ જોવાથી ઘણુંક જાણવાનું અને શીખવાનું મળે છે. અલબત જે શ્રીમંત સાહેબો તે કીરતારની કરીમ કરામતથી પાંચ પૈસે સુખી છે તેઓને ગોરાં યુરોપ અમેરીકા જવાથી ઘણું જોવાનુ અને જાણવાનું મળે છે. પણ સામળાં હીંદમાંથી અનેક એવાં શહેરો મુંબઇ, કલકત્તા, કરાંચી, મદ્રાસ, લાહોર, દીલ્હી અને

આગ્રા જેવાં પડેલાં છે, જ્યાં પણ મધ્યમ શક્તિવાળાઓ માટે બહોળું જોવાનું અને શીખવાનું ખેતર છે. ઇંગલંદની પાઠશાળાઓમાં પોતાનો અભ્યાસ ખલાસ કરી શ્રીમંત જવાનો યુરોપખંડના બીજા મુલકો (continent)ની મુલાકાત લેવાનું અભ્યાસક્રમનો એક ભાગ લેખે ગણે છે. તેમજ ગરીબ હીંદના તવારીખી શહેરોની મુલાકાતથી અભ્યાસીઓ અને તવારીખનવેશો પુરતો ખોરાક મેળવી શકે તેમ છે. એવાં અનેક શેહેરોમાંના બે મોટાં ઇતીહાસીક શહેરો આગ્રા અને દીલ્હી મુંબઈથી અનુક્રમે ફક્ત ૭૮૮ અને ૮૬૫ માઇલને અંતરે છે.[1]

આગ્રા અને દીલ્હી અસલ મુસલીમ સલતનતની ઇધાણીઓથી ભરપુર છે. જી. આઇ. પી લાઇનથી જતાં મારગમાં દેવલાલી, ભુસાવળ, ભોપાળ, ઝાનસી, ગ્વાલીયર અને મથરા તથા બી. બી. લાઇનથી મુસાફરી કરતાં ઉદવાડા, નવસારી, સુરત, ભરૂચ, વડોદરા, ગોધરા, રતલામ, ભરતપુર અને મથરા પસાર થાય છે. જી. આઇ. પી નો પંજાબ મેલ અને બી. બી. નો નોરથરન એક્ષપ્રેસ મુસાફરને ૨૪–૨૫ કલાકમાં આગ્રા લાવી શકે છે. પહેલી રેલવેનું આગ્રા કેનટોનમેંટ સ્ટેશન તથા બીજી લાઇનનું આગ્રા-ફોર્ટ આગ્રા શહેર જોવા માટે અનુકુળ સ્ટેશનો છે. બન્ને સ્ટેશને રીફ્રેશમેંટ રૂમની સગવડ છે. હાલના અંગ્રેજ અમલમાં એક દીનની એશ–આરામની સસ્તી મુસાફરી સાથ શાહજેહાંન અને અઉરંગઝેબનાં મોગલ જમાનાની દીવસોના

---

૧ આગ્રા, બો. બા. રેલવેથી ૭૮૮ અને જી. આઇ. પી. રેલવેથી ૮૩૫ માઇલ દુર છે. દીલ્હી બી. બા. લાઇનથી ૮૬૫ અને જી. આઈ. પી. લાઇનથી ૯૫૭ માઇલ દુર છે.

દીવસોની હાડમારી ભરેલી ખરચાલુ મુસાફરીનો મુકાબલો બર્નીઅર નામના ફ્રેંચ મુસાફરની મોગલ મમલકતની મુસાફરી પુરી પાડે છે.[1] શહેરમાં ઘણા હોટેલો છે જેમાં જાસ્તી ચીચોરાવાળાઓ માટે સેસીલ હોટેલ (Hotel Cecil) અને મધ્યમ શક્તિવાળાઓ માટે આગ્રા હોટેલ છે. રસ્તા પહોળા અને મજબુત હોવાથી સાઇકલ તથા મોટરને અનુકુળ છે. કેનટોનમેંટ તથા ફોર્ટ સ્ટેશન વચ્ચે ૩ માઇલ ઉપર રોજની ૧૦ લોકલો (shuttle trains) પંદર મીનીટમાં એકથી બીજી જગ્યાએ દોડે છે. તે ઉપ્રાંત લેંડો, બ્રુમ, ટેંગા તથા એકકા ગાડીની ઘણી સગવડ છે.

આગ્રાની ટુંક તવારીખ.

આગ્રા શહેરની જોવા લાયક જગ્યાઓ દરશાવ્વા આગમજ તેની આગલી તવારીખની એક ટુંક નોંધ બંધબેસ્તી થઇ પડશે. ઇ. સ. ૧૪૯૨ ના સાલમાં તે સીકંદર લોદીની રાજધાની હતી.[2] મોગલ શહેનશાહતનો પાયો નાખનાર બાબર બાદશાહે ઇબ્રાહીમ લોદીને પાનીપટની જંગમાં ૧૫૨૫ માં શીકસ્ત આપી તેના જુના મહેલો વીગેરેનો કબજો લીધો હતો. બાબર તથા તેનો વારસ બેટો હુમાયું અત્રે ઘણો વખત રહ્યા હતા. અત્રેજ ૧૫૩૦ ના છેલ્લા મહીનાની છવીસમીએ બાબર બાદશાહ મરણને શરણ થયો અને અત્રેજ પાછળ જણાવેલા

૧ Travels in the Mogul Empire, by Francis Bernier, translated from the French by Irving Brock. Vol. I, p. 4.

૨ "The house of Lodi appears to have been the *first of the Muhammadan* dynasties of India who made Agra their occasional residence."—Report of the Archaeological Survey of India, by A. C. L. Carlleyle, under the superintendence of Major-General A. Cunningham. C. S. I., Vol. IV p. 98.

પ્રખ્યાત વીશાળ 'રામબાગ' મધે તેનું સબ અમર આરામમાં પડયું હતું પણ પાછળથી તેને કાબુલ લેઈ જવામાં આવ્યું હતુ.[1] હુમાયુંએ આગ્રા શહેરને દીલ્હી કરતાં વધારે વારંવાર સરકારનું વડું મથક (seat of government) બનાવ્યું હતું. ત્યારબાદ બાબરનાં પૌત્ર આદેલ અકબરે આગ્રા શહેરમાં જમના નદીને જમણે કીનારે પોતાની રાજધાની સ્થાપી હતી. એ અમીરી બાદશાહના આગ્રા મધેના અમલની મુખ્ય ઇમારતો સીકંદ્રા (અકબરની કબર), આગ્રા કોર્ટ અને ફતેહપુર સીક્રીના મહેલો હજી જોવા લાયક છે. તેનો પુત્ર જેહાંગીર પોતાની પાદશાહતની ઇધાણીઓ તરીકે "ઇતીમાદ-ઉદ-દઉલા" અને કીલ્લા મધેનો "જેહાંગીરી મહાલ" મુકી ગયો છે. લીકન ઉપલી સર્વ ઇમારતોને ભુલાવે તેવો સફેદ સંગેમરમરનો દમામદાર રેનકી ડુંગર-તાજમહેલ-લગભગ ૩૦૦ વરસો પસાર થવા છતાં શાહજેહાંન પાદશાહના અમલની અખંડ ઇધાણી આપતો અચુક આકારમાં ઉસ્તવાર ઉભો છે! એજ શાહના વખતમાં આગ્રાની જુમામસજીદ, મોતી મસજીદ અને દીલ્લીના કીલ્લાને દીપાવતો દીવાને ખાસ બાંધવામાં આવ્યાં હતાં. એના બેટા અવરંગઝીબે દીલ્હીને પોતાની રાજધાની જાહેર કરવાથી તેના અમલ દરમ્યાન આગ્રાની અગત્યતા કાંઇક ઓછી થઇ હતી. ત્યાર પછી આ શહેર જત, મુસલમાન અને મરાઠાઓના હાથમાથી પસાર થઇ લોર્ડ લેકની મરાઠાઓ ઉપરની સને ૧૮૦૩ ની ફતેહ પછી ઈંગ્રેજોનાં હાથમાં આવ્યું.[2] ૧૮૩૬ થી ૧૮૫૮ સુધી તે વાવ્ય પ્રાંતો (north-west provinces)નું મુખ્ય શહેર ગણાતું હતું પણ તે પછી અલાહબાદ મુખ્ય શહેર ગણાય છે.

---

૧ A Sketch of the History of Hindustan, by H. G. Keene, C.I.E., M. R. A. S., p. 70.

૨ Ibid p. 455.

પ્રકરણ બીજું.

આગ્રાનો જગજાહેર તાજમહેલ.

પ્રોગ્રામ—ત્રણ દિવસ.

પહેલો દિવસ, સવારે—તાજમહેલ.
,, ,, સાંજે—એતમાદ-ઉદ-દઉલા, રામબાગ, જમના બ્રીજ.
બીજે દિવસ, સવારે—સીકંદ્રા.
,, ,, સાંજે—આગ્રા ફોર્ટ (૩ કલાક)
ત્રીજે દિવસ, સવારે—ફતેહપુર સીક્રી.
,, ,, સાંજે (વખત બચે તો)--તાજમહેલ યા શહેરનું કીનારી બજાર વીગેરે.

વાવ્ય પ્રાંતનાં રાજ્ય શહેરનો દાવો ખોવાથી આગ્રા શહેરની કીર્તિ કાંઇ કમી થઇ નથી, કારણ તે પ્રાંતમાં મુખ્ય શહેર તરીકે નહીં પણ તાજમહાલનાં મુખ્ય ધામ તરીકે તે આજ સુધી મગરૂર અને મશહુર છે. તેની શોહરત દુન્યાની ચોમેર પથરાઇ છે. હજારો મુસાફરો (tourists) ખુદ અમેરીકા, યુરોપ અને આફ્રીકાથી તેની મુલાકાત લઇ ગયા છે અને હજી લે છે. જી આઇ. પી. નો પંજાબ મેલ તો ગોયા નવેંબરથી ફેબ્રુઆરી સુધી મુસાફરો માટેજ (tourists' mail) છે. ઘણાકો તો મુંબઇ અને કલકત્તા માર્ગે પોતાના વેલાતી સામાન સુધાં સીધા આગ્રાના દર્શણ પહેલાં કરે છે. અને તે શાને માટે? શાહજેહાંન બાદશાહની માનીતી બેગમ મુમતાઝમહાલની[1] કબર-પેલા જગજાહેર

---

૧ "Mumtâza Zemâni, or, The Most Exalted of the Age."—The History of Hindostan, translated from the Persian by Alexander Dow, Esq., Vol III, p. 149.

તાજમહેલ-નાં દર્શણ કરવા કાજે. માથેરાન અને મહાબ્ળેશ્વર, ઉટી (ઉતાકામંદ), મસુરી અને નેનીતાલ જેવાં હીંદી પહાડી સ્થળો કુદરતી દેખાવો રજુ કરે છે તેની આગળ તો બેશક માણુસાઇ કળા આજેઝ છે. પણ આફ્રીન કે કાળાં માથાંનો આદમી શું શું કરી શકે છે તેનો પકકો પુરાવો-લગભગ ત્રણ સદી આગમજની ઇજનેરી કળાનો નાદર નમુનો-આ બીનહરીફ તાજમહેલ પુરો પાડે છે! તેની જોડી દુનિયામાં એકે નથી. ઇજનેરી જ્ઞાનવાળો તવારીખનવેશ ફકત તાજમહેલ ઉપર એક પોથો ભરી લખાણ કરવા છતાં તાજમહાલનો પુરેપુરો ખ્યાલ આપી શકશે નહી. તે તો એને જોવાથીજ મળી શકે છે. પણ ઉત્તમ કારીગીરીના આ નાદર નમુનાને જોવાની તરસ એક વખત નીહાળવાથી કાંઇ છીપી શકાતી નથી. આ લખનાર પોતે જુદે જુદે દિવસે અને વખતે પાંચ મરતબે તેના દર્શણ કરી આવ્યો છે. સુરજ ઉગવા આગમજ અને અસ્ત પામવા પછીનો દેખાવ ઘણો રમણીય અને દમામદાર દીસે છે, પણ માહતાબની રોશનીમાં તો સફેદ સંગેમરમર સેતારા માફક ચમકે છે. એનો મુકાબલો મળવો મહાલ છે. દુન્યાની નવાઇઓમાંની તે એક ગણાય છે, એ પણ ગરીબ હીંદના સુભાગ્ય. કેનટાનમેંટ સ્ટેશનથી આશરે ૩ અને ફોર્ટ સ્ટેશનથી ૧ માઇલ દુર છે. હીંદુસ્તાની જાણનારા તેમજ અંગ્રેજી ફેંકનારા ગાઇદો મળે છે.

તાજમહેલ આ તરફ 'તાજ' અથવા 'તાજ બીબીકારોજા'ના નામથી પણ ઓળખાય છે. બન્ને હાથ ઉપર લીલોત્રી વચ્ચે દાખલ થતાં પહેલે. દરવાજે લાલ પથરનો પસાર કરી જમણી અને ડાબી બાજુએ લાંબા ઓટલા ઉપર આરકાંરૂપી નાના ઓરડાઓ તમામ લાલ પથરના બનાવેલા નજર પડે છે. એ ગરીબ રાહદારીઓ અને મુસાફરો માટે મુસાફરખાનાં (caravansary) તરીકે વપડાતા હતા. થોડાંક

Taj Mahal, Agra



(૬ ઠાં પાના સામે)

તાજમેહેલ—આગ્રા.

દમ ચાલ્યા પછી ડાબા હાથ ઉપર સફેદ સંગેમરમર તથા લાલ પથરના ત્રીજા ગંજાવર ઓરડારૂપી આરકાંવાળા દરવાજામાં પહોંચતાં સુફેદ સંગમરદસ્ત હાથી સરખા તાજમહેલનાં પહેલાં દર્શણુ થાય છે. આ જગ્યાને એ મહેલને દુરથી જોવા માટે લાયક સમજવામાં આવે છે. તાંબા–પિત્તળથી મઢી લીધેલો દરવાજો દાખલ થવાના આરકાંને ઉઘાડ-બંધ કરે છે. આરકાં ઉપર કોરાનમાંથી લખાણુ લખેલું છે. દાખલ થવાનાં તેમજ ઓરડો પસાર કરી તાજ તરફ જવાના બન્ને ગંજાવર આરકાંઓ ઉપર ૧૧–૧૧ સંગેમરમરના નાનાં અણીદાર (tapering) ગુંબડો ગોઠવાયા છે, જયારે આ ઓરડારૂપી દરવાજાને મથાળેનાં ચારે ખુણે એથી સેહેજ મોટા ૪ ગુંબડો ગોઠવયા છે. આરકાંમાંથી દાખલ થતાં ડાબા હાથ ઉપર સીડીઓવાળો એક નાનો ઓરડો છે જેને મથાળે 'અજાયબખાના' (museum) નું પાટીયું ધ્યાન ખેંચે છે. અંદર જતાં તાજમહેલ, આગ્રા ફોર્ટ, એતેમાદ–ઉદ–દઉલા, સીકંદ્રા, શેખ સલીમ ચીસ્તીની કબર વગેરેના દેખાવો રેશમી કપડાં ઉપર (coloured) રંગમાં સજેલા ખુલ્લા મુકયા છે. તાજમહેલને નીચેથા સીલીંગ સુધી એક ઉંચા તકતામાં તુલોતવીલ ચીતાર્યો છે. તે ઉપર નીચે પ્રમાણે લેખ છે:—

Plan[1] of the Taj with the main buildings in elevation.

This plan is copied from an original drawing in the possession of Sharf-ud-din Ahmad of Agra. The owner claims direct descent from one Mahammad Isa of Shiraz, an architect who is said

---

1 For a plan of the Mausoleum and Garden of Taj Mahal, vide Journal of the Royal Asiatic Society of Great Britain and Ireland, Vol. VII, p. 42.

to have been in the service of Shah Jahan and to have supervised the buildings of the Taj.

તાજનો પ્લાન તેની આસપાસની મુખ્ય ઇમારતો સાથે.

આગ્રાવાળા શર્ફ-ઉદ-દીન અહમદની માલેકીના એક અસલ ચીતાર ઉપરથી આ પ્લાન ઉતાર્યો છે શીરાઝવાળા મહમદ ઇસા નામના શખ્સ જેને વીશે કહેવામાં આવે છે કે તે શાહ જેહાનની ખીદમતમાં એક શિલ્પશાસ્ત્રી હતો અને તાજની ઇમારતની ઉપર દેખરેખ રાખી હતી તે શખ્સ તરફથી ઉતરી આવ્યાનો આ શર્ફ-ઉદ-દીન દાવો કરે છે.

ઓરડા રૂપી દરવાજાનું બીજું આરકું છોડી નીચે ઉતરતાં બન્ને બાજુની દીવાલો વચ્ચે એક સુંદર બગીચામાં જવાય છે. એક બાજુએ દાખલ થવા આરકાંવાલો ઓરડો અને તેની બરાબર સાંમે બીજી બાજુએ જગ આશકારા તાજમહેલ. આ બન્નેની બરોબર વચમાં દુધ જેવા સફેદ સંગેમરમરના ઉંચા હોજ અંદર પાંચ સુંદર ફુવારાઓ સવાર સાંજ ઉડે છે. ઉપર અખંડ મારબલના બાંકો ગોઠવાયા છે. હોજની નિચાણમાં ચારે બાજુ સીધાં સરોવરની ગટા વચ્ચે પથ્થરના ફરસબંદીવાલા હોજ મધે ચારે બાજુ અનેક ફુંવારા ઉડે છે. આરકાંવાળો ઓરડો છોડી ફુવારા આસપાસના પથરના ફુટપાથો પસાર કરી બન્ને હાથ ઉપર ૨૧-૨૧ સફેદ મારબલની સીડીનો દાદર ચઢતાં સફેદ દુધ જેવા મરમરની બહોળી ચાદર ઉપર પગ મેહલ્યે છીએ. આ એક મસ મોટું સંગેમરમરનું ચોગાન છે જેનાં ઉપર જાણે બુટ સાથ પગ મુકતાં આંચકી લાગે છે. આ ચોગાનને ચાર ખુણે તમામ સફેદ મારબલના ચાર તબકેનાં ચાર જરૂખાવાળા ૧૩૩ ફીટ[૧] ઉંચા ચાર મીનારા

---

૧ History of Indian and Eastern Architecture by James Fergusson, D. C. L., F. R. S., M. R. A. S., pp. 595-98

Captain Leopold Von Orlich in his "Travels in India," translated from the German, by H. Evans Lloyd, Esq., Vol. II p. 45, gives the figure 120 feet.

છે. મીનારાની મારબલની સીડી ઉપર જરાક સંભાળથી ચઢો ટોંચ ઉપર જઇ દમ ખાઇ જોતાં એક બાજુ શહેરનો દેખાવ અને બીજી બાજુ જમના નદીના દર્શણ. તાજમહેલ ખુદ જમના જળના કીનારા ઉપરજ છે. આ રૂપેરી ચાદરને ચારે બાજુથી મારબલના રૂપેરી કટેરાથી ઘેરી લીધી છે. ચોગાનની વચ્ચોવચમાં જગજાહેર તાજમહાલ પોતાનું સર જાણે આકાશ સાથ લગાડી ઉભો રહ્યો છે! ખુદ તાજમહેલની ઇમારતમાં એક બુલંદ મારબલના આરકાંરૂપી દરવાજા મારફતે દાખલ થવાય છે. આરકાંની બન્ને બાજુએ એક ઉપર બે ગંજાવર કોતરી કાઢેલાં ફુલો (inlaid floral work)થી મઢી લીધેલી મહેરાબો છે. મહેરાબ અને આરકાંની વચમાં અને આરકાંને મથાળે તુગરા હરફમાં કોરાનમાંથી ઉતારાઓ કાળા મારબલનાં જડીત કામથી સફેદ મારબલમાં મઢી લીધા છે. આ એક મોટી અજાયબી છે. જેમ એક વીંટી અથવા બ્રાસલેટ અંદર હીરા-જવાહીર મઢી લે છે તેમજ આ પણ સફેદ મારબલની સપાટી (ground)માં કાળા મારબલના ટુકડાઓનું લખાણ પુરેલું સમજવું; અને તેની ખુબી શું કે ગમે તેટલો પણ લાંબો હરફ ટુકડે-ટુકડે નહી, પણ એકજ અખંડ મારબલનો છે. એનો ખરો ખ્યાલ જોવાથીજ મળી શકે એમ છે. સફેદ સંગેમરમરનાં મહાન આરકાં પછી મારબલની ઉમદા કોતર કામની જાળીઓવાળા એક નાના દરવાજા વાટે તાજમહેલનાં ઉંબર ઉપર પગ મેલ્યે છીએ. તાજવાળાં રૂપેરી ચોગાનમાં દાખલ થયા પછી ખુદ તાજમહેલનાં ભીતરના ભાગ સુધી-જમીન, દીવાલ, સીલીંગ, સીડી, આરકાં, મહેરાબ, કટેરા, જાળી વગેરે વગેરે-દરેક ભાગ સફેદ ચળકતા મારબલનો બનાવેલો જાણે તાજમહેલને મારબલના મહેલનું રૂપ આપે છે. ઉંબર ઓળંગી ૩-૪ કદમ ચાલતાં ત્રણ તબકકેની મારબલની સીડી મારફતે નીચે આંઠ ખુણાનાં

ભોંયરાંમાં ઉતરાય છે. ભોંયરાંની સીડીઓ, દિવાલ, ફ્લોરીંગ તથા સીલીંગ સર્વ સફેદ સંગેમરમરનું ભોંયરાંની બરાબર વચમાં, જમીનની સપાટીએ, બે કીમતી કદીમ કબરો—જમણા હાથ ઉપરે શાહજેહાંન બાદશાહની બેગમ મુમતાઝમહાલની અને ડાબા હાથ ઉપર તેથી સહેજ ઉંચી બાદશાહ શાહજેહાનની-દુધ જેવાં સફેદ મરમરમાં અસલ અકીક, સંગેયશમ, હકીક, પરવાળાં, સંગેસુલેમાની, લિલમ (agate, jasper, cornelian, coral, onyx, sapphire) વીગેરે તરેહવાર જાતના, બહુ, લાલ, કાળા કીમતી જવાહીરથી ફુલોના આકારમાં મઢી લીધેલી-જમાનો પસાર થવા છતાં જાણે કાલેજ તૈયાર થઇ હોય તેમ ઝમકે છે. બહાદુર બ્રીટીશ સરકાર કે જેણે આ મહાન કદીમ કબરો તરફ માનથી જોઇ તેને હજી સુધી ઝળકતી જાળવી રાખી છે તેને માટે ખુદ મુસલમીન આલમ પણ આફ્રીન પોકારે છે! આ બન્ને રાજવંશીઓની ખરી અસલ કબરો છે, જેને જાણે પુજવા હજારો માઇલથી, દૂર દેશાવરથી, લોકોની આમદ થાય છે. બચિત, આ પ્રતાપી પ્રેમી બાદશાહી જોડું અકેકની ગોડમાં જાણે બાગે બહેસ્ત વચ્ચેના એક મહાન મહેલમાં અમર ઉંઘમાં પોઢયું છે!

એક લખનારનાં જણાવ્યા મુજબ 'બાદશાહનામા'માંથી માલમ પડેછે કે શાહે પોતાની માનીતી મોહરદાર અર્જમંદબાનુ બેગમની કબર પહેલાં નકકર સોના તથા હીરા મોતીથી મઢી લીધી હતી, પણ પાછળથી ચોરીની ધાસ્તીથી શાહે પોતેજ આ જવાહીરો કાઢી લીધાં હતાં. આ કબરોની બે વિલક્ષતા (peculiarities) જોનારનું ધ્યાન ખેંચે છે. કબરો ઉપરથી ચોખંડી (rectangular) છે, અને બેગમની કબર ઉપર મારબલની સ્લેટ અને બાદશાહની કબર ઉપર મારબલની કલમદાન-ઓરત

અને મરહુની ઓળખાણ રૂપે-બનાવ્યાં છે. આગ્રા તથા દીલ્હીમાં ઘણાં બાદશાહ તથા બેગમની કબર ઉપર આ ફરક દરશાવેલા દીસે છે. કબરનું ભોંયરૂં બર્નીઅરના લખવા પ્રમાણે વરસમાં ફકત એકજ વખત મોટી ક્રીયા સાથે બાદશાહ તરફથી ખુલવામાં આવતું હતું, પણ પરકોમનાં લોકોને દાખલ થવા દેવામાં આવતાં ન હતાં.[૧] તાજમહેલની પાછળ બરાબર સામે જમનાજીને પેલે પાર 'મહેતાબખાનકા બાગ'ને નામે ઓળખાતી જગ્યાએ એવાજ એક યાદગારીનાં સ્થંભની પડત હાલતની નીશાણીઓ હજુબી મોજુદ છે. તે શાહજેહાન બાદશાહે પોતાની કબર માટેની યાદગારીની તાજમહેલ જીસાલનીજ ઈમારત અત્રે બાંધવા ધારી હતી. એને મારબલના પુલથી બાદશાહ અને બેગમ વચ્ચેના મરણ પછીના પણ જાણે કાયમી એખલાસ અને પવીત્ર પ્યારનાં ગાંઠ (bond of affection)ની ઈધાણી તરીકે જોડી દેવાની ધારણા હતી; પણ કમનસીબે ગલબો કરવાથી શાહજેહાન પોતાના બેટા અઉરંગઝેબને હાથ કેદ પડયો અને તેથી આ તેની આશા ભ્રષ્ટ થઇ, જેથી મરણ બાદ તેની ખાહેશ મુજબ તેની વહાલી બેગમની પાસેજ તેને પણ દફનાવવામાં આવ્યો છે. મુમતાઝ મહાલની સફેદ મારબલની કબરમાં કાળા મારબલના જડાત કામથી મઢી લીધેલા મરહુમ બેગમનાં નામ, એલકાબ તથા મરણની તારીખ દરશાવનારો નીચે મુજબ ફારસીમાં લેખ છે: —

مرقد منور ارجمند بانو بیگم مخاطب بممتاز محل توفی سنہ ۱۰۴۰

"મરકદ મુનવ્વર અર્જમંદ બાનુ બેગમ મખાતેબ બમુમતાઝ મહલ તવફ્ફે સનેહ યક હઝાર વ ચહલ."

---

૧ Travels in the Mogul Empire by Francis Bernier, translated from the French by Irving Brock, Vol. I p. 339.

(આ) પ્રખ્યાત કબર મુમતાઝમહલના ખેતાબની અર્જમંદબાનુ બેગમની (છે), જેણી સને ૧૦૪૦ (હીજરી)માં મરણ પામી હતી.

એજ કીસમનો બાદશાહની કબર ઉપરનો ફારસી ઝબાનમાં લેખ નીચે પ્રમાણે છે:—

مرقد منور مضجع مطهر بادشاه رضوان دستگاه خلد آرامگاه علیحضرت علیین مکانی فردوس آشیانی ¹صاحب قران ثانی شاه جهان بادشاه غازي طاب ثراه و جعل الجنة مثواه در شب بیست و ششم شهر رجب سنه هزار و هفتاد و شش هجري از جهان فانی برمگاه جاودانی انتقال کردند ٭

"મરકદ મુનવ્વર મઝજએ મતહર બાદશાહે રઝવાન દસ્તગાહ ખુલ્દ આરામગાહે અલી હઝરત અલીન મકાની ફેરદુસ આશયાની સાહેબે કેરાન સાની શાહજેહાન બાદશાહ ગાઝી તાબેસરાહ વજઅલઉજેન્નતેહ મેસ્વા-દર શબે બીસ્ત વ શશુમ શહરે રજબ સનેહ હઝાર વ હફ્તાદ વ શશ હેજરી અઝ જેહાને ફાની બરમગાહે જાવેદાની એનતેકાલ કરદંન્દ."

(આ) ખુબસુરત કબર, પાક શ્વોર, બહેશત મુકામી બાદશાહ-જે (કબર) હંમેશગી સુધી રહેજો-(તે) આલા દરજજા, મોતેબર મકાન અને

1. صاحب قران = The august hero, (a royal title)—શાહબુદ્દીન મહમદ શાહજેહાનના વખતનાં સોનાના સીકકા ઉપર નીચે મુજબ તેનો એલકાબ હતો:—

شهاب الدین محمد صاحب قران ثانی شاه جهان بادشاه غازی

The bright star of religion, Muhammad, a second Sâhibi Kirân, Shâh Jahân, the victorious emperor (Sâhibi Kirân is a royal title, similar to Cæsar, Augustus &c. It was adopted by Tamerlane).—Persian, Arabic and English Dictionary by John Richardson, Esq., F. S. A., Vol. I, pp. 536 and 720.

صاحب قران ثاني—"The Second Lord of the Happy Conjunctions"—Travels in the Mogul Empire, by Francis Bernier, Vol II (Appendix, p. 222.)

બહેસ્તમાં વાસો કીધેલા બીજા કેરાન સાહેબ ફતેહમંદ બાદશાહ શાહજેહાનની (છે)—જેનાં ઉપર શાંતી હોજો (યા જેની મટી સુગંધી રહેજો) અને જેનો બદલો બહેસ્ત મકાનમાં (મલજો)—હીજરી સને ૧૦૭૬ ના રજબ મહીનાની ૨૬ મી રાત્રે આ ફાની દુન્યાંમાંથી હંમેશગીની આરામગાહ તરફ (તે) કુચ કરી ગયો.

મારબલની સીડી પાછી ચઢી આગળ ચાલતાં તરેહવાર કમલ, ટ્યુલીપ વીગેરે ફુલો તથા વેલાના કોતરકામવાળા મસમોટા મારબલોના ટુકડાની દીવાલ મધેના મારબલની જાળીવાળા દરવાજામાંથી પસાર થતાં તાજમેહેલના મધ્યખીંડમાં જઇ પહોંચાય છે. આ મધ્ય ઓરડાની સફેદ મારબલની દીવાલમાં કાળા મારબલનું મઢી લીધેલું લખાણ દરેક બાજુ ફરતાં માલમ પડે છે. વચ્ચોવચમાં ભોંયરાંની અસલ કબરોની બરાબર ઉપર અને તે ગીસાલનીજ બે બીજી કબરો જોઇએ છીએ. આ ખરી કબરો નથી, પણ અસલ કબરની નકલ છે. તે મધ્ય ગુંબડની બરાબર વચમાં, અસલ કબરની માફક, કીમતી ભાતભાતના રંગ બેરંગી મારબલોનાં ફુલો વગેરેનાં વેલારૂપી સણગારથી સજી લીધી છે. એ નકલી કબર આસપાસ અતિ સુંદર મારબલની બારીક કોતરકામની કીમતી મારબલી ફુલોથી મઢી લીધેલી નાજુક દીસ્તી પણ સંગીન આંઠખુણી જાળી (marble screen of floral patterns of inlaid work) ઓરડાની ૮ દીવાલ માફક ઉભી છે. આ જાળી આશરે ૩૫૦,૦૦૦ ની કીમતે બાદશાહ અઉરંગઝીબે ઉભી કીધી હતી. આ જાળી ઉત્તમમાં ઉત્તમ કોતરકામ તથા મઢી લીધેલાં કામના અસાધારણ હુનરનો નાદર નમુનો છે, જે જોનારને બનાવનાર કારીગર માટે ખચિત આફ્રીન પોકરાવે છે. અત્રે જાણવું અવશ્યનું છે કે ચાહો તેવા ઝમકદાર અને ગમે તેટલા લલચાવનારા શબ્દો પણ—પીકચરો અને

ફોટો સુધાં—ઉત્તમ કારીગરીના આ નાદર નમુનાનો પુરેપુરો ખ્યાલ આપી શકશે નહી. એનો પુરો અને ખરો ખ્યાલ તો એને અનેક વાર નજરે જોયાથીજ મળે છે. બેગમ બાનુની નકલી કબર ગુંબજની બરોબર વચમાં છે, જેની ઉપર હીંદના માજી વાઇસરાય લાર્ડ કરઝને ભેટ આપેલાં રૂપાંના ફાનસમાંની ધીમી રોશની કબર ઉપર પોતાના આકાશીત કીરણ ફેંકે છે. વચલો ગંજાવર ગુંબજ નીચેથી ૨૨૦ ફીટ[૧] ઉંચો છે. બાદશાહી કબરો ઉપર કોઇ ફુલ યા ફુલના હારો તો કોઇ રૂપાંનાણું અર્પણ કરે છે. આ ગુંબજની આસપાસ ચારે બાજુ ફરતા નાના ગુંબડરૂપી ઓરડાઓ છે જે તાજના દેખાવ તથા દમામમાં ઓર વધારો કરે છે. વચલા ગંજાવર ગુંબડ ઉપ્રાંત મથાળે ચોમેર ચાર નાના ગુંબડો તથા ચારે ખુણે મીનારા છે. બબે કલાકની નોકરી કરતા ૧૮ મુસલમીન ખદીમો આ બાદશાહી કબરોની રાત-દીન પાસબાની કરે છે. તાજની બન્ને બાજુએ આશરે ૧૦૦ વારને અંતરે લાલ પથરની બે સુંદર ઇમારતો તાજ મીસાલ છે—એક મસજીદ અને બીજી જમાતખાનાં.

અક્કલને હેરત કરનારી આ બાદશાહી તાજ-ઇમારત બાંધવાની નેમ વીશે અત્રે બે બોલ જણાવ્વાનું અનુકુળ થઇ પડશે. આગલા તાર્તર અને મોગલ શહેનશાહો પોતાની જીંદગીમાં એક ખુશનુમા જગ્યા પસંદ કરી તેની અંદર બાગ બનાવી તેને ઉંચી દીવાલોથી ઘેરી લેતા. બાગ વચ્ચે એક 'બારા દરી' (બાર દરવાજાનું) મકાન મોજમજાહ માટે

---

૧ Picturesque India, by W. S. Caine, p. 211.

Fergusson (p. 598) gives 58ft. as the diameter and 80ft. as the height of the principal dome only.

"A Sketch of the History of Hindustan," by H. G. Keene (p. 215 foot-note) gives the height as nearly 250 ft.



(૧૫ માં પાના સાંમે.)

અર્જમંદબાનુ બેગમ-મુમતાઝ મહાલ.

બાંધતા. આ હૈયાતીની એશઆરામની જગ્યા મરણ પછી બાદશાહી આરામગાહમાં ફેરવાઇ જતી! એક વખતનો રંગરાગ સાથનો શોરબકોર શહેનશાહ વગેરે સાથ દફન થઇ હમેશની શાંતી પકડતો! જ્યારે તાજમહેલ પણ, એક વખત, ઉપર મુજબનુંજ શાહજેહાન બાદશાહનું 'બારા દરી' મોજનું ધામ હતું, ત્યારે તે મી૰ જેમ્સ ફરગ્યુસનના નીચે જણાવ્યા પ્રમાણે એક અતિ સુંદર બાદશાહી બાગ હતો જે પાછળથી એક પવીત્ર કબરમાં ફેરવાઇ ગયો છે! તે જોતાંજ માણુસના મન ઉપર તેની અપૂર્વ ખુબસુરતી તથા પવીત્ર મોટાઇનો છાપ મારે છે. તે લખેછે કે:-

"When used as a Barrah Durrie, or pleasure palace, it must always have been the coolest and the loveliest of garden retreats, and now that it is sacred to the dead it is the most graceful and the most impressive of the sepulchres of the world."[1]

શાહજેહાન બાદશાહની ત્રણ બેગમોમાની અર્જમંદબાનુ બેગમ-તવારીખમાં મશહુર થયલી મુમતાઝમહાલ (exalted of the palace)-શાહની ઘણી માનીતી મનમોહન મોહરદાર હતી કે જેણે બાદશાહને ૮ બેટા તથા ૬ બેટીની નવાજેશ કરી હતી.[2] શાહને આ બેગમ માટે એટલી મોહીની હતી કે હીંદના દૂરના ભાગોમાં લડાયક પ્રવાસ વખતે પણ તેનાથી તે છુટો પડતો ન હતો. આવી એક દીલદારને તેણીની ૩૯ વરસની ભર જુવાન વયે એક બેટી-પાછળથી પ્રખ્યાત જેહાનઆરા-

---

૧ History of Indian and Eastern Architecture by James Fergusson, p. 598.

૨ A Sketch of the History of Hindustan, by H. G. Keene, p. 194.

ના પ્રસવ વખતે સને ૧૬૩૧ માં ગુમાવ્વાથી પાદશાહને ઘણી ગમી ઉત્પન થઇ જેથી બેગમની યાદગારી સંગીન આકારમાં અમર રાખવાની ખાહેશથી તેણીની કબર ઉપર આ બેમીસાલ સુંદર ગંજાવર મહેલ (monument) બાંધ્યો છે. બર્નીઅર જણાવે છે કે તેણે તેની અસાધારણ ખુબસુરત મ્હોરદારની યાદમાં તે બાંધ્યો હતો કારણ તે તેની ઉપર એટલો કુરબાન હતો કે તેણીની સોડ જીંદગીમાં તો જરાબી છોડતો ન હતો પણ તેણીના મરણ પછીબી તેણીની સાથે કબરવાસ થાય તેટલી હદે તેના મગજ ઉપર અસર થઇ હતી:—

"..and Shah-Jehan raised the other to the memory of his wife Taje-Mâhil, that extraordinary and celebrated beauty, of whom her husband was so enamoured that it is said he was constant to her during life, and at her death was so affected as nearly to follow her to the grave."[1]

તાજમહેલ પુરો થાય ત્યાં સુધી બેગમની કબર ઉપર એક કામચલાઉ ગુંબડ ઉભો કીધો હતો. તાજને બનાવનાર તરીકે રજુ થતાં જુદાં જુદાં નામો મધે કાંઇક ખાત્રીપુર્વક નામો વીનીશ્યન જેરોનીમો વેરાન્યો (Geronimo Verroneo)[2] અને ઓસ્તીન ડ બોરડો

૧ Travels in the Mogul Empire, by Francis Bernier, Vol. I, pp. 334-35.

૨ "At the death of Verroneo, the work was made over to a Bysantine Turk, and the French artist, Austin, was consulted about it."—Glimpses of India, edited by J. H. Furneaux, p. 302. Also vide "Travels in India", by Capt. Leopold Von Orlich, Vol. II. p. 47, and "A Sketch of the History of Hindustan", by H. G. Keene, p. 214.

(Austin de Bordeaux)[1] નાં છે. દીલ્હી શહેરના કીલ્લાની અંદર "દીવાને આમ"ની દિવાલમાં રંગીન મારબલમાં મઢી લીધેલો કાપી લીધેલા હાથ સાથનો એક માણસનો ચીતાર આપ્યો છે. ગાઇડો જણાવે છે કે તે તાજમહેલ બનાવનાર ઈતાલ્યન ઇજનેરનો ફોટો છે જેનાં હાથ શાહજેહાંને એવી મકસદથી કાપી લીધા હતા કે તે તાજમહેલની કીસમનો બીજો અમલો બનાવી શકે નહી! એની કીંમત આશરે પાંચ કરોડ રૂપીઆની અંકાય છે.[2] એની બાંધણી માટે વપરાયલો સંખ્યાબંધ સફેદ મારબલ જેપુર મધે મકાના તરફથી આવ્યો હતો. બીજી જાતના પીળા, કાળા, બલુ વગેરે ઉંચી જાતના કીમતી પથરો હીંદુસ્તાન ઉપ્રાંત સીલોન, ચીન, અરેબ્યા અને ઇરાંન દેશો પુરા પાડયા હતાં. ફતેહપુરસીક્રીએ તમામ લાલ પથર પુરો પાડયો હતો. ઘણો ખરો કીમતી પથર હીંદુસ્તાનના રાજાઓ તરફથી ભેટ યા ખંડણીના આકારમાં મળ્યો હતો લાહોર તથા પેશાવરનાં દેશી કારીગરો ઉપ્રાંત, દૂર દેશાવર ટર્કી, ઇરાંન અને સીર્યાનાં શહેરો બગદાદ, શીરાઝ, બલ્ખ, કંદહાર વગેરેનાં હજારો કારીગરોને રૂ૧૦૦ થી રૂ૧૦૦૦ સુધીનાં પગારે રોકવામાં આવ્યા હતા. દર્શણના દરવાજા ઉપરનો સને ૧૬૪૮ નો આંક આ મશહુર મીલકતની બાંધણી નો સાલ દરશાવે છે.[3] મુસાફર બૅરન તવરનીઅર (Baron Tavernier

૧ For the Italian artists in the reigns of Jehangir and Shah Jehan. vide "History of Indian and Eastern Architecture," by James Fergusson, (p. 588, foot-note.)

૨ "The cost is said to have been Rs. 41,148,826".—Glimpses of India, edited by J. H. Furneaux, p. 302. Also vide "Archæological Report", by Major-General A. Cunningham Vol. IV, p. 159.

3 "This mausoleum was ....commenced to be built, in A. H. 1040, or A. D. 1630, by Shah Jahân"—Archæological Report, by Major-General A Cunningham, Vol. IV, p. 159.

d' Aubonne) તાજને બાંધતાં લાગેલી બાવીસ વરસની મુદત તથા રોકાયલાં વીસ હજાર માણસ વીશે નીચે મુજબ લખે છે:-

"I witnessed the commencement and accomplishment of this great work, on which they have expended twenty two years, during which twenty thousand men worked incessantly"

સને ૧૭૮૪ માં જત લોકો તેના રૂપાંના દરવાજા લૂટી લઈ ગયા હતા તેમજ શાહજેહાને પોતાની બેગમની કબર ઉપર અર્પણ કરેલી મોતીની ચાદર તવારીખમાં બાદશાહ-બનાવનારા (King-makers)ના નામથી જણાયલા બારા સૈયદો ઉઠાવી ગયા હતા. મુસલમાન, જત અને મરાઠાઓએ વારાફરતી એ ઇમારતની ઉપર લૂંટ ચલાવી હતી, છતાં અંગ્રેજ સરકારે મોટી રકમો ખરચી એને હાલની દીલપઝીર હાલતમાં મેલી છે. એનો વહીવટ અત્રેનાં કમીશનર, કલેકટર, જજ, એકઝીકયુટીવ ઇજનેર અને સરકારી બગીચાના સુપ્રીનટેનડંટ મળી પાંચ ઓધેદારોની કમીટી હસ્તક મેલાયો છે. આફ્રીન બ્રાટીશ સરકારને કે આ મોગલ જમાનાના મહાન મહેલને મોટે ખરચે દુન્યાની એક નવાઇ તરીકે હજી જાળવી રાખ્યો છે! ! જયારે આ મહેલ તેની અસલ લુંટાયલી-પીંખાયલી હાલતમાં આજે બેમીસાલ ઇમારત ગણાય છે તો તે તેની અસલ તાજી હાલતમાં-આશરે ૩૦૦ વરસ ઉપર-કેવીક છક કરનારી સ્થીતીમાં હશે તેનો વીચાર કરવો મુશ્કેલ છે! એની ખરી ખુબી તો દરેક બાજુથી એકસરખાપણું (symmetry), એકસરખું કોતરકામ, અને તરેહવાર કીમતી રંગીન મારબલનાં મઢી લીધેલાં કામમાં સમાયલી છે. એક બાજુનો મહેરાબ બીજી બાજુના મહેરાબનો ઇંચે ઇંચ મુકાબલો. દિવાલની આ તરફનું

કોતરકામ ફુલો અને વેલા પેલી તરફનાંને ઇંચે ઇંચ બંધબેસતાં. આ ખુણેનો ગુંબડ ને મીનારો પેલે ખુણેનાં ગુંબડ ને મીનારાને ગોળાકાર તથા ઉંચાઇમાં એક સરખાં મળતાં. આવી બારીકી જાળવવા જતાં, ખુદા માલુમ, કેટલા મારબલોનો નાશ થયો હશે. એક લખનાર જણાવેછે તેમ બેશક તે એક સંગેમરમરનો સ્વપનો ("Dream in marble") છે, એટલે કે એવી ઇમારત માટે આદમજાત ફક્ત સપનામાંજ ખ્યાલ ધરાવી શકે અને નહી કે તેને ખરા સંગીન રૂપમાં હૈયાત (in reality) જોઇ શકે.[1]

---

૧ તાજ મહેલની ખુબી વીશેના અંગ્રેજી તથા ગુજરાતી ચુંટી કાઢેલા ઉતારાઓ માટે જુઓ છેવટે આપેલી પુરવણી (appendix).

પ્રકરણ ત્રીજું.

આગ્રાનો અસલી કીલ્લો.

આગલા પ્રકરણમાં આગ્રા શહેરના તાજનાં લગાર સવિસ્તર વર્ણન પછી તે મોગલાઇ શહેરની બીજી બાબદોને ટુંકમાં હાથ ધરશું. આગળ જણાવ્યા મુજબ તાજમેહેલ તો બેમીસાલજ છે અને કદાચ જમાના સુધી તેમજ રહેશે. પણ તાજમેહેલ માટે તસદી લીધી તો ત્યાંની બીજી જગ્યાઓનો પણ લાભ લેવાનું કુદરતી મન થશે.

અકબર, શાહજેહાંન અને છેલ્લે અઉરંગઝીબે આગ્રાનો ઇતીહાસીક કીલ્લો સંપુર્ણ કરવા પછી, જત લોકો, ભર્તપોરના સુરજમલ તથા સીંધ્યાએ એના ઉપર ઘેરો ઘાલી લૂટ ચલાવી હતી. ત્યારપછી મરાઠાઓનાં કબજામાં આ પુરાણો કીલ્લો ૧૮૦૩ સુધી રહ્યો. ૧૮૫૭ સુધી અત્રે કાંઇ જાણવાજોગ બન્યું નહીં. પણ ૧૮૫૭ માં આગ્રામાં પણ બળવો જાગ્યો. જોકે બ્રીટીશ લશકરે બળવાખોરોને મારી હઠાવ્યા, છતાં વાવ્ય પ્રાંતનો લફટનંટ ગર્વનર મી૦ જોન કોલવીન તેઓને હાથ માર્યો ગયો. ૧૮૫૭ પછીથી બ્રીટીશ લશકરની પાસબાની હેઠળ આ કીલ્લો છે. આ મોગલ કીલ્લો-થોડાક અપવાદ સીવાય-હજી વખાણવા લાયક સ્થીતીમાં છે. તે જોવા કેનતોનમેંટ માજીસટ્રેટ પાસેથી ૪ આના માટે એક પાસ ૫-૧૦ માણસની પાર્ટી માટે મેળવવી પડે છે. આગ્રા ફોર્ટ સ્ટેશનની બરાબર સામે ૨ મીનીટના રસ્તા ઉપર આ કદીમ કીલ્લો પોતાના દમામમાંજ ઉભો છે! તાજમેહેલ કરતાં અત્રે એક ગાઇડ માટે પૈસા ખરચેલા વસુલ થશે, કારણ અહીં ઘણાક જુદા જુદા વીભાગો-કોઇ સફેદ સંગેમરમર યા રાતા પથરના,

તો કોઇક કાચ (looking-glass) ના-વિશાળ ખાલી પડેલા છે, જે ઉપર તખ્તી જેવું ઝાઝું ન હોવાથી એક ગાઇડ યા ગાઇડબુક મદદગાર થઇ પડશે. આજ નામાંકિત કીલ્લામાં આગળ જણાવ્યા મુજબ બાદશાહ અઉરંગઝેબે પોતાના પિતા, પેલા જગ જાહેર તાજના શાહ, શાહજેહાનને કેદ નાંખ્યો હતો, જેનાથી તેની ખુબસુરત બેટી જેહાનઆરા (દુન્યાનો સણગાર) પિતા તરફની ફીદાગીરી ખાતર છુટી પડી ન હતી. ફ્રેંચ મુસાફર બર્નીઅર, જે શાહજેહાંનનો હકીમ અને તેની દરબારના ઉમરાવ દાનેશમંદનો મીત્ર હતો, તેના જણાવ્વા મુજબ આ બેગમ ઘણી ખુબસુરત, ખુશ મિજાજી અને પિતાની પસંદગી પામેલી પુત્રી હતી જેના ઉપર શાહનો પુરતો વિશ્વાસ હતો. પિતાની સલામતી માટે તેણી એટલી બધી કાલજી રાખતી કે તેણીની તપાસ વગરનુ કાંઇ પણ ખાણું બાદશાહ માટે પીરસ્વામાં ન આવતું હતું.[1] શાહજેહાન કીલ્લાનો કેદી હોવા છતાં પોતાના રાજવંશી દમામમાંજ રહી શકયો હતો.[2] વફાદાર શાહજાદી જેહાનઆરા માટે અત્રે ખાસ મેહેલ તેણે ૧૬૩૬ માં બાંધ્યો હતો. જો કે કીલ્લાનો મોટો ભાગ અકબરના અમલમાં બંધાયો હતો, તોપણ અંદરની હાલ જોવામાં આવતી મુખ્ય ઇમારતો પાછળથી જુદા જુદા પાદશાહોના વખતમાં તૈયાર થઇ હતી. અકબરે આગ્રા શહેરને પોતાની રાજધાણી બનાવી હતી જે ઉપરથી આગ્રાનુ નામ 'અકબર આબાદ' પડયું હતું. તેનાં રાજઅમલમાં આ કીલ્લો ૮ વરસની મુદતે પહેલો ૧૫૭૫ માં તૈયાર થયો હતો. એના ઉપર આશરે ૪૦ લાખની રકમ ખરચાઇ હતી. તેની આસપાસની ઉંડી ખાહીઓ અને તેની અંદરનો 'દીવાને આમ'


૧ Travels in the Mogul Empire, by Francis Bernier, Vol. I. p. 11

૨ Ibid, Vol. I, p. 186.

ઔરંગઝીબના વખતમાં બન્યાં હતાં. લગભગ બ માઇલ સુધી લંબાતો ૭૦ ફીટ ઉંચી દમામદાર દીવાલ સાથનો આ કીલ્લો મરાઠાઓના હાથમાંથી લોર્ડ લેકે ૧૮૦૩ માં જીત્યો હતો. એજ તવારીખી કીલ્લાનો સને ૧૮૫૭ ના બદબખ્ત બળવા વખતે ઇંગ્રેજ વગેરે અમલદારોએ આશરો લીધો હતો. એજ પુરાણા કીલ્લા મધેના 'દીવાને આમ' યાને આમ લોકની દરબાર સામેના ચોગાનમાં વાવ્ય પ્રાંતનાં લફ્ટનંટ ગવર્નર મી૦ જોન આર. કોલવીનની-જે ઉપલા બળવામાં બળવાખોરોનો ભોગ થઈ પડયો હતો તેની-લાલ પથરની કુબર તે ઉપરના લેખ સાથે લોખંડી કટેરાથી જળવાઈ રહી છે! 'રોયલ ગેરીસન આરટીલરી'ની એક ટુકડી એ કીલ્લાની રાતદીન પાસબાની કરે છે. સને ૧૮૭૬થી અંદરની ઇતીહાસીક ઇમારતોની સાચવણી ત્યાંના પબલીક વર્કસ ખાતાને હસ્તક છે. હીંદના માજી વાઇસરાય લોર્ડ કરઝનની અસલ અમલાઓને જાળવી રાખવાની ઉમદા કાળજીનાં પ્રતાપે બીજા અમલાઓ ભેગા આ બાદશાહી બુલંદ કીલ્લાને મોટે ખરચે મોટે ભાગે સારી હાલતમાં સાચવી રાખ્યો છે, જે માટે તેને વાજબી શાબાશી ઘટે છે. જોકે આ કીલ્લો દીલ્હીના કીલ્લા કરતાં વીસ્તારમાં મોટો છે, છતાં દીલ્હીનો કીલ્લો તેની અંદરની એક પણ ઇમારત ભાંગીતુટી હાલતમાં ન હોવાથી તથા અંદર સુંદર બગીચો ધરાવ્વાથી સારો દેખાવ આપે છે.

આપણા શહેરનો એક સાધારણ ઓરડો બની શકે તેટલી જાડી દીવાલ સાથના ગંજાવર દરવાજામાંથી દાખલ થતાં ખુલ્લી બેયોનેટ સાથનો ગોરો અમલદાર પાસ તપાસી જરા દમમાંજ દાખલ કરે છે. જમણા હાથ ઉપરના દીલ્હી દરવાજામાં દાખલ થતાં ઉપર નજર નાખતાં ૧૬૦૦ નો સને દેખાય છે તે અકબર બાદશાહનું

The Pearl Mosque in Fort Agra



(૨૩ માં પાના સાંમે.)

મોતી મસજીદ–આગ્રા.

ફતેહપુરસીક્રીથી આવી પહોંચવાનું સાલ છે.[1] દીલ્હી ગેટ પસાર કીધો કે બાદશાહ શાહજેહાને ૧૬૫૪ માં બંધાવેલી મોતી મસજીદ (Pearl Mosque) તરફ આવી પહોંચીએ છીયે.[2] આશરે ૩ લાખની ૧૪૨ ફીટ લાંબી આ ઇમારત અંદરથી તમામ સંગેમરમરની છે. આવી કીસમની હીંદુસ્તાનની ઇમારતોમાં તે એક બીનહરીફ ખરાં મોતી સમાન છે.[3] સઘળી મસજીદોમાં તેમ અહીં પણ નેમાઝીઓ માટે એબાદત કરવા સારૂ ત્રણ ગુંબડ સાથના ૮૯૯ વીભાગ છે. મોતી મસજીદની પછાળી શાહ જેહાંગીરનો તેનાં અસલ નામ સલીમ ઉપરથી સલીમગર નામનો મહેલ હતો. મસજીદની બન્ને બાજુએ મારબલનાં કોતરકામની નાજુક જાળીઓ બન્ને બાજુની ઓરતોની એબાદતગાહને છુટી પાડે છે. મી. ફરગ્યુસન જણાવે છે કે તેણે આવી સાફ અને સુંદર ઇમારત કવચીતજ જોઇ હશે કે જે આ કીલ્લા મધેની અકબરની ઇમારત સાથ સરખાવતાં અજાયબી ઉત્પન કરે છે.

"...I hardly know, anywhere, of a building so perfectly pure and elegant, or one that forms such a wonderful contrast with the buildings of Akbar in the same palace."[4]

---

૧ For the Persian Inscription on Delhi Gate, vide, Archæological Survey of India, by Major-General A. Cunningham, Vol. IV p. 113.

૨ આગ્રા કીલ્લા મધેની 'મોતી મસજીદ' વેલાતના 'વીંડસર કેસલ'નાં 'સેંટ જીઓર્જીસ ચેપલ'ની માફક લાગે છે.—Picturesque India, by W. S. Caine, p. 203.

૩ Travels in India, by Capt. Leopold Von Orlich, Vol. II, p. 53.

૪ History of Indian and Eastern Architecture, by James Fergusson, p. 600.

આગળ ચાલતાં મોટાં ચોગાનમાંથી અઉરંગઝીબે સને ૧૬૮૫ માં બાંધેલી ૧૯૨ ફીટ લાંબી દીવાને આમ[1] (Hall of Public Audience) તરફ જવાય છે, જે મધ્યે સુંદર રંગબેરંગી પથરોથી મઢી લીધેલાં તખત ઉપર બાદશાહ પોતાની દરબાર ભરતા હતા,[2] જયારે નીચે એક મોટા લાંબા મારબલનાં પલાટફોરમ ઉપર વજીર ઉભો રહેતો. ઓરતોને દરબારનું કામ નીહાળવા માટે બન્ને બાજુએ વચમાં સુંદર બારીક જાળીકામ સાથે, જગ્યા અલાહેદી રાખી છે. આજ દીવાનખાનામાં આપણા સુલેહના સ્તંભ મરહુમ શહેનશાહ સાતમા એદવર્ડ-જેનું રૂહ હમેશાં ખુશનુદ રહેજો-પોતાની પ્રીન્સ ઑફ વેલ્સ તરીકેની હીંદી આમદ વખતે ૧૮૭૬ માં દેશી રાજાઓની દરબાર ભરી હતી. દીવાને આમની એક છેડે શાહજેહાને દરબારની ઓરતો માટે બંધાવેલી એક નાની ત્રણ ગુંબડી જવાહીર સરખી મસજીદ-નગીના મસજીદ-આવી છે. અહીંથી પસાર થતાં એક ઝરૂખા સરખા પડત ઓરડામાં થોડાક પુરાણો બાદશાહી સામાન-મારબલ તખત, ખુરસી, નગારાં વગેરે—ભાગીતુટી હાલતમાં હજી પડેલાં રાખ્યાં છે. 'દીવાને આમ' છોડી આગળ જતા શાહજેહાને સને ૧૬૩૭ માં બંધાવેલી ૬૪ ફીટ લાંબી 'દીવાને ખાસ' (Hall of Private Audience) તરફનો રસ્તો

---

૧ Picturesque India, by W. S. Caine. p. 204.

મી૦ કારલાઇલ પોતાના "આરકીલોજીકલ રીપોર્ટ" (વૉલ્યુમ ૪ પા ૧૪૪) માં આ દીવાનને શાહજેહાંને બંધાવેલી જણાવે છે.

૨ મોગલ શહેનશાહ દરબારમાં બીરાજતા તે વખતનો દમામદાર દેખાવ ફ્રેંચ મુસાફર બર્નીઅર પોતાની 'મોગલ મમલકતની મુસાફરી,' વૉ. ૧, પા. ૩૦૫ ૩૦૭, (Travels in the Mogul Empire, Vol. I pp. 305—307) માં ચીતારે છે.

છે. આ આખી ઇમારત સફેદ સંગેમરમર મધે મઢી લીધેલા રંગીન મારબલથી સજ થઇ છે. અમીરી તોખમના અર્લ નોર્થબ્રુક મોટે ખરચે તેની રોનક સજીવન કરી છે. દીવાને આમની પછવાડે બાદશાહ અને બેગમોનો મચ્છીના શીકારનો શોખ પુરો પાડવા કાજે બાંધેલી મચ્છી ભવન (Fish Palace) નામની જગ્યા હજી સુંદર મારબલમાં ઝળકાટ આપે છે. આ 'ફીશ-પોંડ'ની અંદર જમના જળ સાથ મચ્છી દાખલ કરી બાદશાહી કુટુંબીઓ મચ્છીના શીકારની ગમત મેળવતાં. તેના ઉપર એક છત્ર (canopy) બનાવ્વામાં આવ્યું હતું કે જેને રંગબેરંગી કાચોથી મઢી લીધું હતું, જેથી ફોસફરસની રોશનીથી ચંદ્ર, તારા વગેરેનો પડછાયો પાણી ઉપર પડી ઘણો રમણીય દેખાવ આપતો. હાલ તે છત્ર હૈયાત નથી. ૧૫૬૭ માં ચીતોરના કીલ્લાને ઘેરો ઘાલી ત્યાંનાં મજબુત જસદ (bronze)ના દરવાજા અકબર ઉઠાવી લાવ્યો હતો તે અત્રે જોવામાં આવે છે. મારબલની આ મચ્છી ભવનની ટાંકીને ભરતપુરના રાજા સુરજમલે નુકસાન પહોંચાડી ખરાબ કરી હતી; પણ હીંદના આગલા વાઇસરોય લોર્ડ મેયો તથા લોર્ડ નોર્થબ્રુક આ તેમજ દીવાને આમને ગરથ ખરચી હાલની હાલતમાં મેલ્યાં છે. અસલ ઇતીહાસીક અમલાઓને આમ અમર રાખવા માટે આપણો દેશ અંગ્રેજ અમલને આભારી છે. પણ આ સર્વે ઇમારતને ઝાંખી પાડે તેવો અત્રે નદીની સામેનો એક બુરજ શાહજેહાને પોતાની બેગમ મુમતાઝમહાલ માટે બનાવેલો "સમાન બુર્જ" અથવા "જેસમીન ટાવર" (Jasmine Tower) છે. તમામ મારબલનો આ બે માળનો પેવીલીઅન કીલ્લાનો સણગાર છે. તે રોનક અને સફાઇમાં ("in elegance and refinement") બીનહરીફ છે. જેમ તાજમેહેલને તેમજ આ મેહેલને પણ તારાજ કરવામાં જટ લોકોનો હાથ હતો, જેઓ તે મધેના સર્વે

કીમતી પથરો ઉપાડી ગયા હતા. દીવાલની ટોચ ઉપર બે નાની ટાંકાબારી ખુલ્લી દીસે છે તેને બતાવો ગાઇડો જણાવે છે કે તે મધે અર્જમંદ-બાનુ સોનાની સીડી ઉપર ચઢી પોતાના જવાહીરો રાખતી. શાહજેહાન વીશે બાદશાહીનામું જણાવે છે કે તેનાં મરણની છેલ્લી ઘડી આ તાજના શાહે જ્યારે આ બુરજ ઉપર તેની બાજુએ વફાદાર બેટી જેહાનઆરા સાથે પસાર કરી હતી ત્યારે તેણે તેની આંખો તેની વહાલી સ્ત્રીની કબર-પેલા જગ જાહેર તાજમહેલ-તરફ ટાંકી પ્રાણ છોડયો હતો.[1] આ હકીકત તેની સાચી મહોરદાર તરફનાં મરણ તુલીકના ઉંડા પ્રેમનો અચુક પુરાવો પુરો પાડે છે! 'જેસમીન ટાવર'થી થોડેક દૂર ઉપર જણાવેલા જેહાનઆરાના 'ખાસ મહેલ'ની દક્ષીણ દીશાએ 'જેહાંગીરી મેહેલ'[2] નામે ઓળખાતી લાલ પથરની મોટી પણ સેહેજ ભાંગેલી ઇમારત જોવામાં આવે છે, તે મુસલમીન કરતાં હીંદુ ઇમારતનો વધુ દેખાવ રજુ કરે છે. અને તેનું કારણ એ છે કે શાહ જેહાંગીરે તેની રાણી, જોધપુરના રાજા મોથની બેટી જોધબાઇ--જેણી મરીઅમ ઝમાનીના એલકાબથી પણ ઓળખાતી હતી તેને-માટે બંધાવી હતી. અત્રે થોડાક વીચીત્ર બાંધણીના ઓરડાઓ માલમ પડે છે જેને "આંખ મીચવલી"નું નામ આપ્યું છે. તે બાદશાહી કુટુંબીઓ માટે નાસોગોસો(hide-and-seek) ની

---

૧ A Sketch of the History of Hindustan, by H. G. Keene, p. 210.

૨ મી૦ કેન, તેને શાહ અકબરે જેહાંગીરના ખાનગી મહેલ તરીકે બાંધેલો જણાવે છે.-(Picturesque India, by W. S. Caine p. 206). ફરગ્યુસન તેને અકબરે બાંધેલો જણાવે છે.-(History of Indian and Eastern Architecture, by James Fergusson, p. 578). કનીંગહેમ તેને જેહાંગીરે બાંધેલો જણાવે છે.-(Archaeological Survey of India, by Major-General A. Cunningham, Vol. IV, pp. 124-125). તવારીખનવેશ કીન કદાચ જેહાંગીરે બાંધેલો જણાવે છે.-(A Sketch of the History of Hindustan, by H. G. Keene, p. 187.)

રમત કાજે વપરાતા. ખુલ્લાં ચોગાનમાં એકજ જબરદસ્ત સફેદ પથરમાંથી પ્યાલાં માફક કોતરેલો ૫ ફીટ ઉંચો અને ૨૫ ફીટ ગોળાકાર એક બોલ (bowl) છે જેની ઉપરના ત્રસાયલા લેખ અને ૧૦૧૯ હીજરી સને ઉપરથી જેહાંગીરના હમામ (Jehangir's Bath) તરીકે ઓળખાય છે. અત્રે બે ઓરડાઓ ૩ સદી પસાર થવા છતાં ચકચકીત હાલતમાં જળવાઇ રહ્યા છે: એકનું નામ 'શીશ મેહેલ' (Palace of glass) અને બીજા તેની પાસેનાનું 'હમામ' (Baths). પહેલો ઓરડો બાદશાહની બેગમ વગેરે માટે પોશાક કરવા (dressing-room) કાજે અને બીજો નાહણી તરીકે વપરાતો હતો. ચકચકીત કહેવાનું કારણ આ કે તે બન્નેની દીવાલને તેમજ સીલીંગને સુંદર ઝળકતા નાના ગોળ તથા ગુંબજી (convex) કાચોથી દીપાયમાન બનાવ્યાં છે. જોકે અહીં તહીં તેના કાચો ખરી પડયા છે યા ઝાંખા પડયા છે, છતાં એક કાંડી સળગાવી જોતાં આખો ઓરડો કાચની ઝળેહાર રોશનીથી નહી વરણવી શકાય એવી ઝળક આપે છે. કીલ્લા મધેનાં ભોંયરાં તેની એક અજાયબી છે. ખાસ મેહેલની નીચેના એક નાના દરવાજા વાટે નીચે ઉતરાય છે. તે મોગલાઇ બંદીવાનો માટે કેદખાના તરીકે વપરાતાં હતાં. લોકો માનેછે કે અહીંથી તાજમેહેલ અને ફતેહપુરસીક્રી ઉપ્રાંત દીલ્હી સુધી જમીનની સપાટી નીચે રસ્તા હતા, પણ હજી સુધી કોઇ બહાર જવાનો રસ્તો માલમ પડયો નથી. આ ભોંયરાંને લોખંડના દરવાજાથી બંધ કરી કોઇને અંદર દાખલ કરવામાં આવતાં નથી. અંગ્રેજ લશ્કરની ટુકડીઓ આ કીલ્લામાં કુટુંબ સાથ રહી રાત દહાડો તેની પાસબાની કરે છે.

જુમા મસજીદ.

કીલ્લો ખલાસ કરી બહાર નીકળ્યા તો તેની સાંમે ફોર્ટ સ્ટેશનની બીજી બાજુએ આવેલી આગ્રાની જુમા મસજીદ દશ મીનીટમાં જોઇ શકાશે. એકેક આરકાં તથા સફેદ અને લાલ પથરના ગુંબદ સાથના ત્રણ વીભાગો તેની દક્ષીણે આવેલાં વીશાળ ચોગાન સાથે આ મસજીદ બનાવે છે. ૧૩૦ ફીટ લાંબી આ એબાદતગાહ દુરથી જોનારને સહેજ દબદબા ભરેલી લાગે છે. પોતાની વ્હાલી બેટી જેહાંનઆરાના માનમાં શાહજેહાંને આ કેબલેગાહને સને ૧૬૪૪માં બંધાવી હતી.[૧]

---

૧ A Sketch of the History of Hindustan, by H. G. Keene, p. 216.

પ્રકરણ ચોથું.

ફતેહપુર સીક્રી.

" It is, however, at Futtehpore Sikri that Akbar must be judged of as a builder. During the whole of his reign it was his favourite residence. He apparently was the first to occupy the spot, and apparently the last, at least, to build there, no single building being identified as having been erected by any of his successors."[1]

જેમ શાહજેહાંન પાદશાહ તાજમહેલ, આગ્રાની તથા દીલ્હીની જુમા મસજીદ તેમજ દીલ્હીના કીલ્લાનો રચનાર, તેમ ફતેહપુર સીક્રીનો રચનાર શાહ અકબર હતો. પોતાનો આખો રાજ અમલ શાહ અકબરે આ માનીતાં ફતેહપુરમાંજ પસાર કર્યો હતો. દેખઇતી રીતે તે જગ્યાએ રહેનાર પહેલોજ પાદશાહ તેમજ છેલ્લો બાંધનાર તે હતો, કારણ તેના વારસોમાનાં કોઈનું પણ નામ અત્રેની એક પણ ઇમારત સાથે જોડાયું નથી

તવારીખનું થોડું જ્ઞાન ધરાવનારને પણ ખબર હશે કે મોગલ શહેનશાહતનો પાયો નાખનાર બાબર બાદશાહે ૧૫૨૭ માં સીક્રીની લડાઇમાં ચીતોરના સાંગા રાણાને મારવાડના બીજા ખંડયા રાજા સહીત જબરી શીકસ્ત આપી હતી. તે ફતેહપુર સીક્રીની રંગભૂમિને જાતે

1 History of Indian and Eastern Architecture, by James Fergusson, p. 578.

જોવાની લોક ઉલટ તાજમહેલ તરફની ઉલટ કરતાં ઉતરતી લાગતી નથી. આગળ લોકોને ૨૩ માઇલની ઘોડા ગાડી યા મોટરની મુસાફરીની ઝુસરી ભારી પડતી, પણ હાલ થોડોક વખત થયો બી. બી. રેલવે કુંપનીએ આ તરફ આગ્રા–બયાના લાઇન નવી નાખવાથી તયાં રેલવેથી જવાની સગવડ થઇ છે. વળી મુસાફરો માટે ખાસ સગવડ કરી હાલ મોસમ દરમિયાન એક 'મોટર ત્રેન' દોડાવે છે. આ તાજી તકનો લાભ લઇ પ્રવાસના પુજારીઓ એ મશહુર મોગલ રાજધાનીનો કીલ્લો[1] જોવા ઉતરી પડે છે. ફતેહપુર અને સીક્રી નામના બે ગામડાંના નામ ઉપરથી આ કીલ્લાનું નામ ફતેહપુર સીક્રી રહી ગયું છે. ઇંગ્લંદની મહાન રાણી એલીઝાબેથના જમાનાના શાહ અકબરે મોગલ શહેનશાહતને તેની ફતેહની ટોચ ઉપર ચઢાવી પોતાના વારસ બેટા જેહાંગીરને દખણથી હીમાલાયા અને બરમા સુધીનો મુલક હવાલે કર્યો હતો. તેજ શાહ અકબરે પોતાની દરબાર હંમેશ અત્રેજ કાયમ રાખવાના ઈરાદાથી સને ૧૫૭૦ માં તેને મોગલ શેહનશાહતની રાજધાની કરી હતી તયારથી એનો સેતારો અર્ધી સદી સુધી બુલંદ રહ્યો, પણ ત્યાર પછી દીલ્હી રાજધાની થવાથી એની પડતી થઇ પાંચ માઇલ સુધી જાણે એક નાનું ગામડું સમાઇ જાય તેટલો વીસ્તાર એની ઉંચી દીવાલ ઘેરી લે છે. લોકો એનું આશકારા નામ સમજી માઇલો દુરથી ઉલટભેર આવી તેની ખડીઆખડખડ હાલત જોઇ લગાર નાસીપાસ થાય છે. કીલ્લાની દીવાલોએ સર્વ બાજુથી ખખડી પોતાનો મસાલો રસ્તા વચે ફેંકી, લાલ પથરનાં જાણે નાના ટેકરા બનાવી દીધા છે. ખુદ ફતેહપુર સીક્રીનું સ્ટેશન કીલ્લાના કોટની અંદર આવી જાય છે. દાખલ થવા માટે ત્રણ

---

૧ સને ૧૫૬૯ માં અકબરે આ કીલ્લાનો પ્રારંભ કર્યો, Vide "A Sketch of the History of Hindustan", by H. G. Keene, p. 103.

ગુંબડ સાથનો મજબુત ઉંચો શોભાયમાન દરવાજો–"બુલંદ દરવાજો"–છે. તેનાં ઉપરનો લેખ તેને ફતેહ ભરેલી જીતની યાદમાં બાંધેલો જણાવે છે.

"The façade is richly decorated and inlaid, pierced by a huge concave doorway, which is said by architects to be the most successful effort in the world to give dignity to a doorway in a great building used by men six feet high"[1]

તેનાં દર્શણુનના ભાગે ઘણી અચ્છી રીતે મઢી લીધેલાં કાતરકામનો સણુગાર પ્હેર્યો છે જેના અંદર મસ મોટો ગુંબજી દરવાજો શોભે છે. ઇજનેરો આ દરવાજાને ૭ ફીટ ઉંચા માણુસ માટેની મોટી ઇમારતને જેબ આપતો ગણે છે. આની જમણી બાજુએ ૩૦ ફીટ ઉંડો એક પહોળો કુવો છે જેના અંદર તેની સામેની મસજીદ ઉપરથી ગરીબ તરનારાઓ તુટી પડી ડુબકી મારી મુસાફરોને મજાહ આપી પૈસા પેદા કરે છે.

અંદરની ઘણી ઇમારતો બીસ્માર હાલતમાં છે. પણ સૌથી સુંદર તો છત્ર સાથના ચાર પૈઆના ધોલ્યા માફક શેખ સલીમ ચીસ્તી—મુસલીમ જોગી–ની કબર હજી રોનક આપતી ઉભી છે. લોકોની આમદ આ કબર ખાસ જોવા માટે છે. આ કબર અકબરે પોતાના માન પામેલા વેરાગી ચીસ્તી જે ૧૫૭૨ માં મરણુ પામ્યો હતો તેની ધોર ઉપર સને ૧૫૮૧ માં બનાવી હતી, કારણુ તેની કરામતથી શાહજાદા સલીમ–પાછળથી શેહેનશાહ જેહાંગીર–નો જન્મ થયો હતો. સને ૧૬૦૫ માં રાજ ગાડીએ આવ્યો ત્યા સુધી શાહ જેહાંગીરે પોતાનું આ ફકીરી નામ સલીમ છોડયું ન હતુ. બુલંદ દરવાજામાંથી દાખલ થતાં સફાઇદાર સંગેમરમરના

---

1 Picturesque India by W. S. Caine, p. 232.

એક ઓરડા વચ્ચે એ કબરના દર્શણ થાય છે. કબર આસપાસ મારબલની કોતરકામની લેસ માફક જાળી અને ઉપર બલુ વગેરે રંગની રેશમી ચાદર. આ પાક કબરનો પાસબાન ગમે એટલી અરજ છતાં ચાદર ઉંઘાડી કબર બતાવતો નથી. લોકો આ મુસલીમ મુરીદની કબરપર પોતાની મુરાદ માટે રેશમી ચાદર વગેરે અર્પણ કરવા બાધા લે છે! કીલ્લાની બીજી જગ્યાઓ કરતાં આ શેખ સાહેબની શાપથી મઢી લીધેલી કબર જોવાનેજ મુસાફરો વગેરે તુટી પડે છે તેમાં નવાઇ નહી. એની બનાવટની ખુબી આગ્રા અથવા દીલ્હીની એક પણ કબરમાં નથી. કબરની ચાર બાજુ મારબલનાં કોતરકામના કટેરા અને ચારે ખુણે થાંભલા ઉપર એક છત્ર (canopy) કારીગરોની બુધ્ધિનો નમુનો છે. છત્ર અને થાંભા નોંધ કરવા સમાન છે. બન્ને તમામ મોતીની છીપ (mother-of-pearl) જડોત છે જે એક અજાયબી છે! એકાદ બે કાંડીની રોશનીથી શીપ મોતી માફક ચળકે છે, જે માણસાઇ કારીગીરી માટે ખરેખર આફ્રીન કરવા લાયક છે. કેપતન લીઓપોલ્દ વૉન ઑરલીક એને રંગીન પથરોની ફ્લોરેનતાઇન ઢબ ઉપર બાંધેલી અને એક સુંદર જવાહીરના દાબડા મીસાલ ગણે છે.[1]

આગ્રા અને દીલ્હીની અસલ ઇમારતોમાં તાજમહેલ અને આ શેખની કબર સર્વોતમ લાગે છે. બાજુમાં ડાબા હાથ ઉપર લગભગ ૫૦૦ ચોરસ ફીટ મોટી અને ૭૦ ફીટ ઉંચી સને ૧૫૭૧ માં બાંધેલી સફેદ સંગેમરમરની દરગાહ છે, જેના ઉપર ત્રણ મારબલના ગુંબદો શોભે છે.

"The glory, however, of Futtehpore Sikri is its

---

1 Travels in India, by Capt. Leopold Von Orlich, Vol. II, p. 66.

mosque, which is hardly surpassed by any in India."[1]

ફતેહપુર સીક્રીની ખરી ખુબી તેની મસજીદમાં છે કારણ કવચીતજ કોઇ બીજી એબાદતગાહ તેની સર્વોપરી કરી શકતી હશે. આ અકબરની મસજીદ મક્કાની મસજીદની આબેહુબ નકલ ગણાય છે. મસજીદની પછાળી શેખ સલીમના બાળક બેટાની કબર છે. દરગાહની બાજુએ અકબરના વીખ્યાતી પામેલા કાબેલ વજીર અબુલ ફઝલ અને તેના ભાઇ ફાઝેલ ફૈઝીના ઓરડાઓમાં હાલ ગામનાં બાળકોની નીશાળ ભરાય છે. ગાઇડો અત્રે બીરબલના તથા અકબરની ખ્રીસ્તી મહોરદાર (Christian lady) ના મેહલો બતાવે છે. અકબરનાં હીંદુ વજીર બીરબલનું મકાન સહેજ પણ લાકડ યા લોખંડ કામ વગર તમામ લાલ પથરનું બારીકીથી કોતરેલું જોઇએ છીએ. લોક-કથા પ્રમાણે આ ક્રીશચીઅન લેડીનું રહેઠાણ તે અકબર બાદશાહની બીબી મરયમ નામની પોરટુગીઝ મહોરદારનું મકાન હતું કે જેની અંદરના ચીત્ર વીગેરે ખ્રીસ્તી દેખાવો રજુ કરતાં હતાં; પણ હાલ તો તેવું કાંઇએ નથી. આની નજદીક ૬૫ ફીટ ઉંચું થાંભળાઓના જમેલાનું પાંચ માળવાળું-પંચમહાલ—મકાન જોવામાં આવે છે. ભોંયતળીએ ૫૬ થાંભળા અને પાંચમે મજલે ચાર થાંભળા ઉપર એક ગુંબડ લટકે છે. જેમ સર્વ કીલ્લામાં તેમ અત્રે પણ દીવાને ખાસ (Council Chamber) અને દીવાને આમ (Hall of Judgment). દીવાને ખાસ એક અજબ જેવી ઇમારત દેખાય છે. બહારથી બે માળી હોવાનો દેખાવ કરે છે. જ્યારે અંદરથી જોતાં જમીનથી ટોંચ સુધી ખુલ્લી; પણ વચમાંની એક થાંભળારૂપી સીડી વાટે ઉપરની અગાસી ઉપર પોંહચાય છે.

---

૧ History of Indian and Eastern Architecture, by James Fergusson, pp. 579-80

આ દીવાનખાનામાં દર સુક્રવારની રાત્રે વીધ્યા તેમજ ઇશ્વરજ્ઞાન સંબંધી (literary અને theological) બાબદ ઉપર વાદવીવાદ ચાલતો જેમાં અકબર બાદશાહ પણ ભાગ લેતા.[1] એક દરવાજો 'હાથી પૉલ' (Elephant Gate) નું નામ ધારણ કરી બેઠો છે, કારણ તેના ઉપર જબરદસ્ત કાળા પથરના બે હાથીઓ સવાર થયા છે. હાથી બાપડાના સરને શાહ અઉરંગઝીએ મુસલીમ ઝનુનમા છટકાવી નાંખ્યાં હતાં, તેથી ધડ ઉપરજ ઉભા છે. આની સામે હાથીના દાંત માફક દાંતા દાંતાવાળા લાલ પથરના આશરે ૭૦ ફીટ ઉંચા બે મીનારા જેનો ઉપયોગ અકબર બાદશાહ સામે આવેલાં જંગલ મધેના હરણનો શીકાર કરવામાં લેતા, તે 'હરણ મીનાર' (Deer-Tower) તરીકે ઓળખાય છે. ૧૮૫૭ ના બળવાની આખેરીએ આ ઈતીહાસીક કીલ્લો બ્રીટીશને કબજે થયો હતો. ખચ્ચીતજ નીચે જણાવ્યા મુજબ ફતેહપુર સીક્રી તો, સામટી રીતે લેતાં, કવચીતજ જણાયલો પથ્થરનો એક કહાણીરૂપી ડુંગર છે. બીજાં સાધણો કરતાં આ પથ્થરનો જમાવ તેના બાંધનાર મહાન નરની મગજ શકતીનો ખરો ખ્યાલ આપે છે:—

"Taking it altogether, this palace at Futtehpore Sikri is a romance in stone, such as few—very few—are to be found anywhere; and it is a reflex of the mind of the great man who built it more distinct than can easily be obtained from any other source."[2]

---

૧ A Sketch of the History of Hindustan, by H. G. Keene, p. 107.

૨ History of Indian and Eastern Architecture, by James Ferguson, p. 582.

પ્રકરણ પાંચમું.

સીકંદ્રા તથા એતેમાદ-ઉદ-દઉલા.

સીકંદ્રા.

" Perhaps, however, the most characteristic of Akbar's buildings is the tomb he commenced to erect for himself at Secundra, near Agra, which is quite unlike any other tomb built in India either before or since, and of a design borrowed, as I believe, from a Hindu, or more correctly, Buddhist, model."[૧]

કદાચ શાહ અકબરની ઇમારતો મધેની સૌથી લક્ષણસુચક આગ્રા નજદીક સીકંદ્રા ગામ મધેની તેણે શરૂ કીધેલી પોતાની કબરની ઇમારત છે. હીંદુસ્તાન દેશમાં તેની આગમજ અને તેની પછી બંધાયલી કબરોથી તે જુદી પડે છે કારણ તે એક હીંદુ યા બુધીસ્ત રૂપની નકલ છે.

મોગલ મમલકતના મહાન માલેક શાહ અકબરે પોતાની કબર (mausoleum) માટે આગ્રાથી ૬ માઇલ દુર સીકંદર લોડીના નામ ઉપરથી જાણીતી સીકંદ્રાની જગ્યા પસંદ કરી હતી. આગ્રા કેનટોનમેંટથી આ જગ્યા ૬ માઇલ દુર છે અને જી. આઇ. પી. ની મેન લાઇન ઉપર આજ નામનું સ્ટેશન છે તે ઉપરથી અકબર બાદશાહની કબરનું નામ સીકંદ્રા પડી ગયું છે. આગ્રા-દીલ્હી ગયા તો સીકંદ્રા સ્ટેશને ઉતરી ૫–૭ મીનીટના રસ્તા ઉપર આવેલી મોગલ શેહેનશાહતને

૧ History of Indian and Eastern Architecture, by James Fergusson, p. 583.

તેની ટોચે પહોંચાડનાર દુરઅંદેશ શાહ અકબરની આ કબરને સેજદો કરવાની તલબ થાય છે, તે કુદરતીજ છે; કારણ શાહજેહાન અને જેહાંગીર કરતાં–બલકે તમામ મોગલ શેહેનશાહો કરતાં–પોતાનાં અમલ અને અદલ ઇનસાફની બાબદમાં તવારીખમાં તે પહેલી પંકતીનો પાદશાહ હતો તેથી ઉલટ થાય છે કે આ પ્રતાપી પાદશાહની કબર તેનાં નામને છાજતી કેવીક હશે તે જોઇ લઇએ ! એક મોટા રાતા પથરના દરવાજામાંથી પસાર થઇ ૧૫૦ વાર લાંબો પથરની પુરણીનો રસ્તો કાપી બાગ વચેનાં પાંચ–માળી મકાનમાં આ આલા–દરજજાનો અકબર હમેશગીની નીંદમાં સુતો છે. ઇમારતના પ્રમાણમાં દરવાજો ઘણો મોટો છે. આ મકાનની બે અસાધારણુતા (peculiarities) ધ્યાન ખેંચે છે. એક તો આ કે તે મુસલમીન કરતાં હીંદુ યા બુધીસ્ત ઢપનો દેખાવ રજુ કરે છે. બીજી આ કે ઇસલામી રસમ પ્રમાણે મરણ પામેલા માણસનું મુખ પશ્ચિમ ભણી (મકકા તરફ) હોવાને બદલે અત્રે તેથી ઉલટી એટલે પુર્વ બોરદુએ રાખ્યું છે. ઉંચો પલાટફોરમ સરખો ઓટલો છોડી આ પાંચ મજલાનાં મકાનમાં પગ મેલતાં એક નાના દરવાજા વાટે સીડી વગરનાં ઢળતાં ભોયરાંમાં દાખલ થઇ શું જોઇએ છીયે ? આજ કે ખોદાઇ દાવો કરનાર અકબરની મટી–આવા મહાન માણસનાં મરણ પછીની હાલતનુ આબેહુબ ચીત્ર–મગરૂર માણસની તકબ્બુરીને આ ખાકી દુન્યાનો ગંભીર ખ્યાલ આપી પુરતો ધડો પુરો પાડે છે ! જેટલો મહાન નર અકબર, તેટલી બુલંદ અને રોનકદાર કબર તેની નથી.[૧] લાખ્ખો ચોરસવારનો ધણી ફકત ૩૮ ચોરસવારનાં

૧ "There are many good points in Akbar's tomb, but it is not worthy of Akbar"—Glimpses of India, edited by J. H. Furneaux, p. 302.

અંધારાં ભોંયરાં (vault) માં સદાનો સુતો છે ! અલબત તેની કબર પણ સફેદ સંગેમરમરમાં સજ થયલી છે, પણ અંધારી ગોળ કોટડીમાં આવેલી આ કબર જોતાં તો રોનક કરતાં ગંભીરતાનો વધારે છાપ બેસે છે. બાદશાહનાં માથાં આગળ 'અલ્લાહ અકબર', (اللّٰه اکبر-God is Great)[1] નો જાણીતો લેખ છે. વઝીર અબુલફઝલની મશવરતથી અકબર બાદશાહે ખુદાઇ મઝહબ (Divine Faith) નામનો નવો ધરમ બરપા કીધો હતો અને પોતાને ખુદા માફક ઓળખાવતો હતો, તે ઉપરથી કેટલાકો ઉપલા લેખનો ભાવાર્થ અકબર તેજ ખુદા (God is Akbar—Akbar is God) એવો કરે છે.

આજુબાજુના ઓરડાઓમાં બીજા બાદશાહી કુટુંબીઓની કબરો- અકબરની બેટી, આરામ બાનુ, રખીના સલતન વગેરેની-નજરે પડે છે. ઉંચે ચઢતાં અંકકથી નાનાં એમ પાંચ મજલાનું આ મકાન છે. પાંચમાં મજલા સીવાય ચાર મજલા દમ ધરી ચઢવાજ જાઓ, કારણ લાલ પથરના અગાસીરૂપી માળ ઉપર આજુબાજુ નાનાં આરકાંવાળા ઓરડાઓ સીવાય બીજું જોવા યા જાણવા લાયક કાંઇ નથી. પણ સૌથી ઉપલો મજલો ખેંચાણકારક છે. તમામ સફેદ મારબલની કોતરકામની જાળી ચારે બાજુની દીવાલ બનાવે છે. નીચેની કબરની બરાબર ઉપર

---

૧ Cf—"The Lord to me the kingdom gave,
He made me prudent, strong, and brave,
He guided me with right and ruth,
Filling my heart with love of truth;
No tongue of man can sum His state—
Allāhu akbar ! God is great."
A Sketch of the History of Hindustan, by H. G. Keene, p. 120.

આશરે ૧૫૦ ફીટ લાંબા આ મારબલના ઓરડાની ચારે દીવાલોમાંથી બાહેરનો દેખાવ ચાર બારી વાટે નીહાળી શકાય છે. આજુબાજુ ફરતા સંગેમરમરના ઓટલા વચ્ચે નીચેની કબરની બરાબર ઉપર તેની પ્રતિરૂપ (counterpart) તરીકે સફાઇદાર સંગેમરમરની ખાલી કબર (cenotaph) દેખાવ આપે છે. મથાળે છાપરૂં યા ગુંબડ નથી, પણ પહેલાં સોના રૂપાંના કીનખાબનુ છત્ર કબર ઉપર ઝુલતું હતું કે જેને ભરતપુરનો જવાહીરસીંગ ઉઠાવી ગયો હતો. દરવાજા ઉપરનો ૧૬૧૩ નો સને દેખાડે છે કે આ ઇમારત જે શાહ અકબરે પોતે આરંભી હતી તે તેના બેટા જેહાંગીરના વખતમાં તમામ થઇ હતી.[૧] તેના ઉપરના ખુણામાના ચાર સુંદર મીનારા જે જત, મરાઠા વગેરેને હાથ ખરાબી પામ્યા હતા તે હાલ સારી હાલતમાં મુકાયા છે. અત્રે 'ડાક બંગલા'ની સગવડ હોવાથી સહેલાણીઓ પીકનીક ઉતરી પડે છે.

એતેમાદ-ઉદ-દઉલા.


"Its real merit consists in being wholly in white marble, and being covered throughout with a mosaic in "pietro duro"—the first, apparently, and certainly one of the most splendid, examples of that class of ornamentation in India."[૨]

એની ખરી ખુબી આ છે. એક તો તે તમામ સફેદ સંગેમરમરની છે. બીજી તે ફલોરનતાઇન ઢબ પ્રમાણે સખત રંગીન પથરોથી સજ

---

૧ A Sketch of the History of Hindustan, by H. G. Keene, pp. 186-187.

૨ History of Indian and Eastern Architecture, by James Fergusson, p. 588.



(૩૮ માં પાના સામે.)

એતેમાદ-ઉદ્-દઉલા—આગ્રા.

થઇ છે. આથી હીંદુસ્તામ દેશની આવી ક્રાસમની અતિ રોણકદાર ઇમારતોમાંની દેખઇતી રીતે તે પહેલ્લી એક કબર છે.

તવારીખ જણાવે છે કે નુર-મહાલ યાને ખુબસુરતી ખાતર મશહુર થયલી નુરજેહાંન (દુન્યાની રોશની) નાં માતપિતા ગરીબ અવસ્થામાં હોવાથી એક ઝરદાર વેપારીએ તેણીને ઉછેરી મોટી કરી હતી. શાહ અકબરના અમલના મોગલ ઝનાનામાં તેણીને વારંવાર જોવાથી શાહઝાદો જેહાંગીર તેના ઉપર મોહિત પડયો હતો. બીજી હકીકત આ છે. નુર મહાલને પિતા મીરઝા ગ્યાસુદીન મહમદ અકબરની દરબારમાં નોકરીએ હતો. આગ્રા ફોર્ટમાં આગલા અંકમાં જણાવેલી ‘ મોતી મસજીદ ’ ની બાજુમાં ‘ ચીના બઝાર ’ નામનું બાદશાહી કુટુંબીઓનું અકબરશાહના વખતમાં એક બજાર ભરાતું હતું. ત્યાં નુરમહાલને જોઇ શાહઝાદો છક થઇ ગયો હતો અને તેનીજ સાથ પરણવાનો કસદ કીધો હતો. જોકે અકબરે પોતાની હકુમત દરમયાન તેણીને શીરખાન નામના એક અફ્ગાન સાથ પરણાવી દીધી હતી, છતાં બાપનાં મરણ પછી આ બાદશાહી બેઠા જેહાંગીરે શીરખાનને ઠાર મરાવી નુરજેહાનને હાથ કીધી હતી. આ પછી નુરજેહાન બેગો તેના બાપનો પણ દીન ઉઘડયો. ગરીબ ગ્યાસુદીન પોતાના જમાઇનો વઝીર બન્યો ત્યારથી તેને ‘ એતેમાદ-ઉદ-દઉલા ’ (اعتماد الدولہ —રાજ્યનો વિશ્વાસુ સ્તંભ-Prime Minister) ને ખેતાબ મળ્યો. એટલુંજ નહી, પણ આ એક વખતના ફકીરી હાલતના માણસની કબર પણ તેનાં મરણ પછી અમીરી દરજજાને છાજતી બંધાઇ ! એ કબર, ઉપર જણાવેલા તેના એલકાબથીજ ઓળખાય છે. નુરજેહાનની પીતા તરફની ફરજ અને ફીદાગીરી આ કબર રૂપે અમર રહી છે. કહે છે કે તેની ઘોર ઉપર રૂપેરી કબર બનાવ્વાનો તેની આ એકપુરી નસીબદાર બેટીનો વીચાર હતો,

પણ ખરાબાની ધાસ્તીથી તે તેણીએ પડતો મુકયો હતો. આ વઝીરની કબર ઉગમણુની કારીગીરીનો એક નમુનો ગણાય છે અને હીંદુસ્તાનની પહેલી પંકતીની કબરોમાંની એક છે. જમના નદીના ડાબા કીનારા ઉપર 'જમના બ્રીજ'થી આશરે એક માઈલ દુર, એક બગીચા વચ્ચે મારબલના મહેલમાં, આ ફકીરી તોખમનો પણ અમીરી દરજ્જાનો 'એતેમાદ' જાણે 'ઇદન'ના બાગની શાંત ઠંડકમાં પડયો છે! આ કબરની કારીગીરી જુદીજ જોઇએ છીએ. એકઆંગનને કાપતાં (groined) મારબલનાં કોતરેલાં આરકાં માર્ગે અંદર જતાં વચમાં વઝીર તથા તેની બાનુની કબરો છે. દીવાલની બહાર જુદી જુદી જાતના કીમતી પથરો-ભૂમિતિની આકૃતિ (diagonals, cubes) વગેરે આપતાં-જડી લીધા છે તથા તેની અંદરના અનેક ગોખલાઓને ફુલો વગેરેના વેલાઓથી રંગીન રોનકદાર બનાવ્યા છે. સુંદર સીડી માર્ગે ઉપર જતાં વચોવચમાં બે ખાલી મારબલની કબરો-આગળ સીકંદ્રામાં વર્ણન આપવા મુજબ-નીચેની કબરોની પ્રતિરૂપે જોવામાં આવે છે. તેની આસપાસ સુંદર કોતરેલી મારબલની જાળીરૂપી દીવાલો ઉપર એક લગભગ ચાર ખુણી સંગેમરમરનો શોભાયમાન ગુંબડ ઉભો છે. ગુંબડના પોહોરેગીર તરીકે ઉભેલા આસપાસના ચાર મારબલી નાના મીનારા ઉપરથી નદીનો દેખાવ ઘણો રમણીય લાગે છે. મી૦ ફરગ્યુસન નીચલા બોલોમાં એની ખુબી ચીતારતાં જણાવે છે કે શેખ સલીમ ચીસ્તીની કબરને મળતી તેની બારીઓની મારબલી કોતરકામની જાળી અને તેની સણગારેલી સફેદ મરમરની દીવાલો તેને એક એવી અતી સુંદર ઇમારત બનાવે છે કે ફકત શાહજેહાનની ઇમારતો સાથ સરખામણી કરવાથીજ કદાચ તેની ખામી ગોતી કઢાય.

"But ..the beautiful tracery of the pierced marble slabs of its windows, which resemble those of Selim

Chisti's tomb at Futtehpore Sikri, the beauty of its white marble walls, and the rich colour of its decorations, make up so beautiful a whole, that it is only on comparing it with the works of Shah Jehan that we are justified in finding fault."[૧]

'એતેમાદ-ઉદ-દઉલા' જતાં રસ્તામાં 'જમના બ્રીજ' તથા વીશાળ 'રામ બાગ'[૨] ને જોઇ લેવાની તક મળે છે. એવું જણાવવામાં આવે છે કે આ બાગને પહેલો બનાવનાર બાબર બાદશાહ હતો જેના સબને કાબુલ લેઇ જવા આગમજ થોડો વખત અત્રે દાટ્યું હતું. જમના નદી ઉપરના બે પુલો—એક રેલવે લાઇનનો અને બીજો તેથી થોડે દૂર રાહદારીઓ માટેનો—વાંદરા તથા માહીમ વચેનાં રેલવે તથા રાહદારીઓનાં પૂલોને કાંઇક મળતા પણ લાંબા છે. વખત ફાજલ પડે તો આગ્રા ફોર્ટથી આશરે અર્ધો માઇલ દુરની અત્રેની જેલ (Central Jail), જેમા આશરે ૨૫૦૦ બંદીવાનોનો સમાવેશ થાય છે અને જેની સેત્રંજી હીંદુસ્તાનમા વખણાય છે તે, તેમજ અત્રેની ડ્રમંડ રોડ ઉપરની સરકારી કોલેજ, હાસપીટલ, લાંબું કીનારી બજાર તથા આગ્રા કેનટોનમેંટ મધે 'કંપની બાગ' અને 'હેવલોક મેમોયર્લ ચેપલ' જોઇ શકાશે.

જેમ અત્રેની ઇતીહાસીક ઇમારતો મારબલની, તેમ અહીંની નવાઇઓ પણ સંગેમરમરની. પાંચથી પાંચસો રૂપ્યા સુધીના મારબલના તાજમહેલ, રંગબેરંગી મારબલથી મઢી લીધેલા સંગેમરમરના

---

૧ History of Indian and Eastern Architecture, by James Fergusson, p. 589.

૨ 'આરામ બાગ'નો સંક્ષેપ (abbreviation).

'તેબલતૉપ' (table-top), સફેદ સંગેમરમરમાં કાળા મારબલના ટુકડા જડેલી ચેસ રમવાની તેબલ (chess-board), ફોટો ફ્રેમ, દીવાલ ઉપર ટાંગવાની પ્લેટો (wall-plates), છીપથી મઢી લીધેલી પ્લેટો (trays), વગેરે વગેરે તરેહવાર નવીન નવાઇઓ ખુદ આગ્રાની દેશી કારીગીરીના નાદર નમુના છે.

ભાગ બીજો.

દીલ્હી.

પ્રકરણ છઠું.

દીલ્હીની ટુંક તવારીખ.

“ Was ist denn daverend in der Welt Zu sehen ?
Was steht denn fest, wenn Rom nicht konnte
stehen ?”[1]

Can aught on earth's vast space e'er hope to stand,
Since Rome has sunk beneath Time's conquering hand ?



“જ્યારે રોમ જેવું મહાન શહેર વખતના જાલેમ દસ્તને શરણ થયું છે તો દુન્યાની વીશાળ સપાટી ઉપર બીજી શું ચીજ ટકી શકે ?

“ Agra is the great historic town of the Moguls; Benares is enshrined in the hearts of Hindus; but Delhi is the admiration of all, for its varied work, for its history, and because of its mosque.”[2]

આગ્રા શહેર મોગલોનું મોટું ઇતીહાસીક શહેર છે, બનારસ (કાસી) હીંદુનું ધાર્મીક ધામ છે, પણ દીલ્હી શહેર તેના તરેહવાર કામ,

---

૧ Travels in India, by Capt. Leopold Von Orlich, Vol. II. p. 18.

૨ Glimpses of India edited by J. H. Furneaux, p 310.

અસલ તવારીખ અને જુમા મસજીદ માટે સર્વની તારીફ ખેંચી રહ્યું છે.

પરવરદેગારની કરામત ન્યારી છે. આદમ જાતના બાબમાં તો આપણે જોઇએ છીએ કે ચઢતી પડતી જાયજ છે. પણ સ્થળો અને શહેરોના સંબંધમાંભી કાંઇક તેવોજ અનુભવ મળે છે. એક વખતનું ઇલાકામાં મોટું ગણાતું સુરત શહેર આગ અને રેલના નાશથી તેની હાલની હાલતે પહોચ્યું છે. બીજા હાથ ઉપર એક માછીમારનું નાનું ગામડું-મુંબઇનો ટાપુ-ઇલાકામાં બલકે આખા હીંદમાં પહેલી પંકતીનું નમુનેદાર ગુલઝાર શહેર બન્યું છે. તેજ પ્રમાણે હીંદુ તથા મુસલમીન રાજધાની તરીકે મશહુર થયલાં દીલ્હી શહેરના બાબમાં પણ બન્યું છે. એક વખતની હીંદુ તથા મુસલમીન રાજાઓની તે રાજધાની હતી. ત્યાર પછી તે મરાઠાઓના હાથમાંથી સને ૧૮૦૩ માં અંગ્રેજોના હાથમાં આવ્યાથી હીંદુસ્તાનની વડી સરકારનું મથક હોવાનું માન કલકત્તા શહેરને નસીબે હતું પણ તા૦ ૧૨ મી ડીસેમબર ૧૯૧૧ ના યાદગાર દીવસથી દીલ્હી શહેરનો દીન એકવાર ફરી ઉંઘડયો. આપણા નામવર શેહેનશાહ જયોર્જ પાંચમાએ ૧૯૧૧ ના બારમા મહીનાની બારમી તારીખે આ ઇતીહાસીક શહેરમાં દરબાર ભરી એક વખતની પુરાણી રાજધાનીને હીંદુસ્તાનના બ્રીટીશ અમલની પણ રાજધાની જાહેર કરી. એ શહેરની તવારીખ ઉપરથી જાણે એવું દેખાય છે કે હીંદી રાજધાની થવાનું માન એનાજ નસીબે છે !

"The history of Hindostan is involved in much obscurity until the invasion of that country by the Muhammedans, in the year 1000."[1]

[1] Travels in the Mogul Empire, (in two volumes), by Francis Bernier, Vol. II. (Appendix, p. 206).

સને ૧૦૦૦ ના સાલમાં મુસલમીન લોક ચઢાઇ લાવ્યા ત્યાં સુધીની હીંદુસ્તાનની તવારીખ ઘણી અંધકારમાં છે

આ પુરાણા શહેરની તવારીખ ઘણા અસલ જમાનાથી શરૂ થાય છે. ફેરીશતાના જણાવવા મુજબ દીલુ નામનો રાજા તેનો સ્થાપક હોવાથી તેના નામ ઉપરથી આ શહેરનું નામ દીલ્હી પડયું. મહાભારત પ્રમાણે ચંદ્ર વંશના રાજાનો મૂળ પુરૂષ (progenitor) બુધ (Budha) હતો કે જે દીલ્હી શહેર નજદીક હસ્તીનાપુરમાં રાજ કરતો હતો. બુધના લાંબી પેહેડીના વંશજ વ્યાસ (Vyasa) ના બે બેટા ધ્રીતારાશત્ર અને પાંડુ હતા. પહેલાના ૧૦૦ પુત્ર કુરૂ અથવા કોરવને નામે અને બીજાના પાંચ બેટા પાંડુ અથવા પાંડવને નામે ઓળખાતા. બન્ને બેરાદ્દ વચ્ચે જંગ મચ્યો તેમાં પાંડવની ફતેહ થઇ. તેઓમાંના એક યુધીશટરે ઇંદ્રપ્રસ્થ તે હાલની દીલ્હીને* પહેલી રાજધાની બનાવી. હજી પણ દીલ્હી આસપાસના ખંડિયેર મધે ઇંદ્રપ્રત નામનું એક

---

* અસલ દીલ્હીનાં, નીચે જણાવવા મુજબ, ૭ કીલ્લા અને પર દરવાજા હતા, જેનાં ખંડિયેર હજી હસ્તી ધરાવે છેઃ-

(૧) લાલ કોટ—અનંગ પાલે આસરે સને ૧૦૫૨ માં બંધાવેલો (૪ દરવાજા).

(૨) કીલ્લા રાય પીથોરા—રાય પીથોરાએ આસરે સને ૧૧૮૦ માં બંધાવેલો (૧૦ દરવાજા).

(૩) સીરી અથવા કીલ્લા આલાઇ—અલાઉદીને સને ૧૩૦૪ માં બંધાવેલો (૭ દરવાજા).

(૪) તગલખાબાદ—તગલખ શાહે સને ૧૩૨૧ માં બંધાવેલો (૧૩ દરવાજા).

(૫) તગલખાબાદનો કીલ્લો—તગલખ શાહે સને ૧૩૨૧ માં બંધાવેલો (૩ દરવાજા).

(૬) અદીલાબાદ—મહમદ તગલખે આસરે સને ૧૩૨૫ માં બંધાવેલો (૨ દરવાજા).

(૭) જેહાનપનાહ—મહમદ તગલખે આસરે સને ૧૩૨૫ માં બંધાવેલો (૧૩ દરવાજા).

Report of the Archæological Survey of India—Four Reports by Major-General A. Cunningham. Vol. I, pp. 134 and 218.

ગામ[1] છે. ત્યાર બાદ મુસલમીન રાજના અમલમાં ગોરીવંશના સુલતાન મહમદ ગોરીએ દીલ્હીના રાય પીથોરા–તવારીખમાં જણાવેલા પ્રીથ્વી રાજા–ને સને ૧૧૯૩ ની થાનેશ્વરની બીજી લડાઇમાં હાર આપવા પછી કુતુબ–ઉદ–દીન નામના તેના ગુલામ–પાછળથી ગુલામી વંશના પહેલા પાદશાહ–ને વાઇસરાય નેમ્યો હતો. કુતુબે દીલ્હીને જીતવાથી તે શહેર હીંદુ રાજધાની તરીકે દાવો કરતું બંધ પડી, સને ૧૨૦૬ માં કુતુબ–ઉદ દીનના ગાદીએ આવવાથી મુસલમીન પાદશાહોની રાજધાની થઇ. હીંદની એકલીજ રાણી રઝીઆ આજ શહેરની રાજગાદી ઉપર હકુમત કરી ગઇ. ૧૩૯૯ માં તગલખ વંશના છેલ્લા રાજા ફીરૂઝશાહના મરણ પછી આ શહેર મોગલ લશકરના સરદાર તૈમુર (તૈમુરલંગ= Taimur the Lame) ને હાથ સપડાયું પણ તેને પોતાની જીતોને જાળવી રાખવાની જિજ્ઞાસા નહિં હોવાથી લોદીવંશના મુસલમીન સ્થાપક ખીઝરખાંને તેને ફરી રાજધાનીનું માન આપ્યું. જો કે એજ સલતનતના બહલોલ લોદીના અમલમાં દીલ્હીનું મુસલમીન રાજ પંજાબથી બંગાલ સુધી લંબાયું હતું, તો પણ એજ વંશના છેલ્લા રાજા ઇબ્રાહીમે સને ૧૫૨૫ ની પાનીપટની પ્રખ્યાત લડાઇમાં મોગલ સરદાર બાબરને હાથ શીકસ્ત મેળવવાથી દીલ્હીમાં અફગાન હાકેમીનો છેડો આવ્યો, અને મોગલ શેહેનશાહતની સ્થાપના થઇ. બાબરનો બેટો હુમાયું શુર વંશના છેલ્લા રાજા સીકંદરને સરહીંદની લડાઇમાં હરાવી દીલ્હીની ગાદી ઉપર આવ્યો. ત્યાર પછી મોગલ હાકેમીના સરદારો બાદશાહ અકબર અને તેના બેટા જેહાંગીરે ફતેહપુર સીક્રી તથા

---

[1] અસલ દીલ્હીના હીંદુ રાજઅમલ માટે જુઓ કનીંગહેમનો આરકીઓલોજીકલ રીપોર્ટ, વા ૧ પા. ૧૩૫-૧૬૧.

આગ્રાને વધુ પસંદગી આપવાથી દીલ્હીની કીર્તિ કાંઈક ઓછી જણાઈ. પણ શાહ જેહાંગીર પછી તેના બેટા મહમદ શાહબુદીન શાહજેહાંને દીલ્હીને તેનો અસલ બાદશાહી હક પાછો હવાલે કીધો. અસલ દીલ્હીથી દસ માઈલ દૂર હાલના દીલ્હી શેહેરનો સ્થાપક તે હતો જે ઉપરથી જેમ અસલ હીંદુ દીલ્હીનું નામ "ઈંદ્રપ્રસ્થ" તેમ શાહજેહાંને સ્થાપેલાં મોગલાઈ દીલ્હીનું નામ "શાહજેહાનાંબાદ" રાખ્યું. આ શેહેરની ૩ બાજુની ઉંચી રાતી દીવાલો જે આશરે સાડા પાંચ માઈલનો ચક્ર ઘેરી લે છે તે આ શાહે બંધાવી હતી કે જે દીવાલ દસ દરવાજા ધરાવતી હતી. થોડા અંતર સીવાય તે મોગલ રાજ્યની રાજધાની સને ૧૭૭૧ સુધી રહી. એ વરસમાં મહાધાજી સીંધ્યાએ જીત મેળવી મરાઠાઓને દીલ્હીના માલેક બનાવ્યા. ૧૮૦૩ માં ઈંગ્રેજ લશ્કરે પ્રતાપી સેનાપતી લોર્ડ લેકની સરદારી હેઠળ મરાઠાઓને હરાવી દીલ્હીને કબજે કર્યું. આંધળા મોગલ શાહઆલમ બીજાને તેઓના હાથમાંથી પોતાની પનાહમાં લઈ પેનશન બક્ષ્યું. ૧૮૦૩ પછી અનેક હાદેસાઓમાંથી પસાર થઈ ૧૮૫૭ ના ખુનખાર બળવા[૧] વખતે આ કદીમ શેહેર બળવાખોરોના હાથમાં આવ્યું, જેઓએ બુઢા બાહાદુરશાહ બીજાને હીંદનો રાજા જાહેર કર્યો. પણ આ થોડાજ વખત માટે હતું. દીલ્હી બહાર રીડજ તરફ ઇંગ્લીશ લશ્કરે છાવણી નાખી ૬ દીન સુધી બળવાખોરો સ.મે બળતારીથી લડી ૧૪ મી સપટેમબર ૧૮૫૭ ને દીવસે મોગલ શેહેરને બ્રીટીશ શેહેરમાં ફેરવી નાખ્યું. દીલ્હીના છેલ્લા નામના મોગલ શેહેનશાહ બહાદુરશાહ બીજા (શાહ આલમના પૌત્ર)ને બળવા વખતે ઇંગ્રેજ સામે કાવત્રું (treason)

---

૧. ૧૮૫૭ નાં ખુનખાર બળવા વિષે વાંચો, "A History of the Sepoy War in India", by J. W. Kaye, F. R. S, in 3 Volumes.

તથા ખુન કરવાના વાંક માટે અપરાધી ઠરાવી રંગુન તરફ દેશનીકાલ કર્યો, જ્યાં તે ૧૮૬૨ માં મરણ પામ્યો. ઉપલી તારીખથી દીલ્હીના રાજની મોગલ માલેકીનો અંત આવ્યો.

પ્રકરણ સાતમું.

દીલ્હીનો કીર્તિવંત કુતુબમીનાર

પ્રોગ્રામ-ત્રણ દીવસ

પહેલો દીવસ, સવારથી સાંજ સુધી—પુરાણા કીલ્લા, કુતુબ મીનાર (કુતુબ મસજીદ, આલી દરવાજા વીગેરે સાથ) હુમાયું, નીઝામ-ઉદ-દીન અને સફદરજંગની કબરો (આ સઘળાં એકજ ચકરાવમાં પૈસા તથા વખતના બચાવ માટે જોઇ શકાતાં હોવાથી, બપોરનું ખાણું સાથે લેઇ જવાની યા કુતુબ મીનારના 'ડાક બંગલા'માં જમવાની ગોઠવણ રાખવી)

બીજે દીવસ, સવારે-દીલ્હી ફોર્ટ (૩-૪ કલાક).

,, સાંજે—ચાંદની ચોક, તથા જુમા મસજીદ

ત્રીજે દીવસ, સવારે—તગલખ-આબાદ.

,, સાંજે (વખત બચે તો)—રીડજ, મ્યુટીની મેમોર્યલ, નીકલસન, કુદસીઆ વીગેરે બાગો.

"Delhi[૧] may rank, for architectural beauty, historical associations, or present social interest with Rome, Athens, Cairo, Venice, or Constantinople."[૨]


ઇમારતોની ખુબસુરતી, તવારીખી સંબંધ વીગેરે માટે દીલ્હી શહેર, રોમ, એથન્સ, કેરો, વેનીસ અને કોનસ્તેનતીનોપલ જેવાં શહેરોની પંકતીનું ગણાય.

દીલ્હી આગ્રા પરસ્પર સંબંધ (co-relation) ધરાવતાં હોય તેમ જાણે અંકેકની બેહેનપણી ગણાય છે. એક શેહેર

૧ "Indian Rome"--Travels in India, by Capt. Leopold Von Orlich. Vol. II. p 6.

૨ Picturesque India, by W. S. Caine. p. 121.

જોયું તો બીજાને જોવા વગર ત્યાં તુલીકની મુસાફરી ગોયા પુરી ગણાતી નથી. બન્ને વચ્ચે ૧૨૨ માઇલિનો રસ્તો છે. જી. આઇ. પી. નો પંજાબ મેલ ૯૫૭ માઇલની મુંબઇથી દીલ્હી તુલીકની મુસાફરી માટે હાલ ૨૮ કલાક લે છે. જ્યારે બી. બી. નો નોરથરન એક્ષપ્રેસ ૮૬૫ માઇલ ૨૭ કલાકમાં કાપે છે. બન્ને લાઇનથી ઉપલી ગાડીથી જતાં માર્ગમાં ગાડી બદલવાની કડાકુટ નથી. તેમજ 'રેસટોરાં કાર' ની સગવડ મળે છે. જી. આઇ. પી. નો છેડો (terminus) તો 'દીલ્હી સદર'મા આવી રહે છે. પણ તેજ લાઇને, તેજ ગાડીએ એક સ્ટેશન આગળ વધતાં 'દીલ્હી મેન'ના ઇસ્ટ ઇંડયન રેલવે સ્ટેશનપર પગ મેલતાં ખુદ દીલ્હીમાં પહોંચયે છીયે. બી બી. ના એક્ષપ્રેસનું પણ આજ સ્ટેશને આવી અટકવું છે. સ્ટેશન ગંજાવર છે. આખાં હીંદુસ્તાનનું તે મોટું જોડાણ (junction) છે. હીંદની સાત મુખ્ય રેલવે લાઇનો-ઇસ્ટ ઇંડીઅન, મુંબઇ વદોડરા, રજપુતાના માલવા સાથે, નોર્થ વેસટરન, અઉધ રોહીલખંડ, સધરન પંજાબ, ગ્રેટ ઇંડીયન પેનીનસુલા અને દીલ્હી અંબાલા કાલકા રેલવે-નું તે જાણે સાંકળ રૂપી જંકશન છે, જે હીંદના આ પાયતખ્તને દેશના મુખ્ય શેહેરો-મુંબઇ, કલકત્તા, કરાંચી, લાહોર, પેશાવર, અંબાલા, આગ્રા, મથ્રા વગેરે-સાથે સમાગમમાં લાવે છે. આ રીતે તે હીંદનું ગોયા મધ્યબિંદુ છે. આગળ આગ્રા શેહેરના વર્ણનમાં જણાવવા મુજબ, બલકે તેથી વધારે, ગાડી તેમજ ઇલેકત્રીક ત્રામ તથા રીફ્રેશમેંટ રૂમની સગવડ છે. આગ્રા કરતાં ઘણા વધારે-ઉંચા તેમજ મધ્યમ ભાવના-હોટેલો છે, તેમાં જયાં હોય ત્યાં નામીચું સેસીલ હોટલ પહેલું. આગળ ૪૫ માઇલનો ચકકર ખાતું હાલનું દીલ્હી શેહેર-શાહજેહાનાબાદ-જમના નદીનાં જમણા હાથ ઉપર, ત્રણ બાજુ સાડાપાંચ માઇલ લાંબી દીવાલ વચ્ચે, સમાઇ જાયછે. ૧૮૫૭ ના કમનસીબ બળવા પછી પંજાબ પ્રાંત સાથ તેને જોડી



(૫૧ માં પાના સાંમે.)

કુતુબ મીનાર-દીલ્હી.

નાંખવામાં આવ્યું છે. ત્રણ લાખ ઉપરની વસતી-જેમાં મુખ્ય ભાગ હીંદુ-માટે ૧૨૦ માઈલ દુરથી જમનાજીનું પાણી નહેર (canal) મારફતે લાવવામાં આવે છે. કલકત્તાગેટ, કાશમીરગેટ, મોરીગેટ, કાબુલગેટ, લાહોરગેટ, ફરાસખાનાગેટ, અજમીરગેટ, તરકોમાનગેટ, દીલ્હીગેટ અને રાજઘાટ નામના દસ દરવાજા[1] દીલ્હીના દરબાન તરીકે ગણાય છે.

કુતુબ મીનાર.

આગ્રા શહેરમાં જેમ તાજ મહેલનાં દર્શન કરવા તેમ દીલ્હી શહેરમાં ખાસ કરી કુતુબ મીનારની ખુબી પીછાણવા લોક ઉલટ ઝાઝી છે. મુસલીમ સલતનતનો આ સાત સદીનો સ્તંભ શહેરથી ૧૧ માઈલ દુર છે. રસ્તા ઘણા મજબુત અને પહોળા છે. ખુદ કુતુબનાં કંપાઉંડમાં દાખલ થતાં 'ડાક બંગલા' માં ખાણાં-પીણાંની સગવડ છે. આખો રસ્તો ઇતીહાસીક બનાવો તથા ઇમારતોથી પુર છે. મોગલ સરદાર તેમુરે પઠાણ પાદશાહ મહમદશાહને ૧૩૯૮ માં જે મેદાનમાં હાર આપી હતી તે મેદાન વચ્ચેની સડક પોતાનો કુતુબમીનાર તરફનો રસ્તો કાપે છે.

તેના સ્થાપક બાબેની જિકર.

તાજમહેલનો સ્થાપક અને માલેક તો વગર શકે શાહજેહાન, પણ કુતુબમીનારના રચનાર તરીકે બે નામો રજુ થાય છે. એક તો ગુલામી વંશના પહેલા રાજા કુતુબ-ઉદ-દીનનું, જેણે આ મીનારનો પ્રારંભ કર્યો હતો. ઉપર જણાવ્યા મુજબ તેના માલેક મહમદ ગોરીએ પ્રીથ્વી રાજાને થાનેશ્વરની બીજી લડાઇમાં ૧૧૯૩ માં હાર આપ્યા પછી કુતુબ-ઉદ-દીને મીરત અને દીલ્હી હાથ કીધાં હતાં. તેમ દીલ્હીને

---

૧ મેજર કનીંગહેમ આમા, નીગમબદગેટ અને ખેરાતીગેટ નામના બે દરવાજાનો ઉમેરો કરી શહેરના બાર દરવાજા જણાવે છે.--Archaeological Survey of India, by Major-General A. Cunningham, Vol. I, p. 224.

જીતવાથી એ શહેર ઉપર તેના શેઠે તેને હાકેમ (viceroy) બનાવ્યો. મહમદગોરીના મરણ બાદ કુતુબ પોતે ગાદીએ આવ્યો તેથી દીલ્હીમાં મુસલમીન રાજની પહેલી સ્થાપનાંની અમર યાદગારી તરીકે પોતાનું નામ ધરાવતો આ મીનારો તેણે ઉભો કીધો.[1] પણ તેને પુરો કરવાનું તેની પછી ગાદીએ આવનાર તેના જમાઇ શાહ અલતમશના નસીબમાં હતું.[2] આ મીનારના પહેલાજ તબકકા ઉપર કુતુબના નામનો લેખ લગભગ નાશ પામ્યો છે. સીવીલીયન મી૦ ફનશા જેવણ પંજાબ સરકારના ચીફ સેક્રેટરી તથા દીલ્હીના કમીશનર હતા તેવણ પોતાની "દીલ્હી પાસ્ટ એન્ડ પ્રેઝંટ" (Delhi Past and Present) નામની ચોપડીમાં ઉપલી હકીકતને ટેકો આપે છે:—

"There is no good reason for doubting that Kutab-ud-din Aibak began the basement storey of the Kutab Minar—the name of the minaret in common parlance is much more probably derived from him than from the saint known as the Kutab Sahib—any more than there is for doubting that it is entirely of Muhammadan origin, and was primarily intended to serve as a minaret to the mosque of that Sultan."[3]

કુતુબમીનાર તમામ મુસલમીન અસલ્યાતનોજ છે અને તે કુતુબ મસજીદના એક મીનારા તરીકે પહેલાં બાંધવામાં આવ્યો હતો તે બીના

---

૧ A Sketch of the History of Hindustan, by H. G. Keene, pp. 25-26.

૨ Ibid, p. 28, line 25.

3 Delhi Past and Present by H. C. Fanshawe, I. C. S., p. 265.

જેમ શકથી દૂર છે તેમ તેનો સોથી નીચલો ભાગ કુતુબ-ઉદ-દીન અયબકેજ આરંભ્યો હતો તે બાબદ ઉપર શક લઇ જવા માટે કાંઇ મુસ્તકીમ કારણ નથી; કુતુબ સાહેબ નામના સાધુના નામ કરતાં તેના (કુતુબ-ઉદ-દીનના) નામ ઉપરથીજ સાધારણ રીતે તે કુતુબ મીનાર તરીકે જાણીતો છે. મી૦ જેમ્સ ફરગ્યુસન પણ તેને જય (કીર્તિનો) સ્તંભ તરીકે જણાવે છે. તે લખે છે કેઃ—

"This, however, must not be looked at as if erected for the same purposes as those usually attached to mosques elsewhere. It was not designed as a place from which the muieddin should call to prayers, though its lower gallery may have been used for that purpose also, but as a Tower of Victory—a Jaya Stambha, in fact—an emblem of conquest, which the Hindus could only too easily understand and appreciate."[૧]

બીજે ઠેકાણેની મસજીદના સંબંધમાં મીનારાઓ જે નેમથી બાંધેલા હોય છે તેમ આ મીનારાને જોવાનો નથી. તેને બાંધવાની નેમ બાંગીને લોકોને બંદગી માટે બોલાવવા કાજે ન હતી—જોકે તેની નીચલી અગાસી તે કારણ માટે પણ વપડાઇ હોય—પણ (તે આ હતી કે) તે એક ફતેહની યાદગારી, ખરેખર એક જય સ્તંભ, એક જીતની નીશાણી (તરીકે કાયમ રહે) કે જેને હિંદુઓ સહેલથી સમજી શકે.

---

૧ History of Indian and Eastern Architecture, by James Fergusson, p. 506.

વળી પોતાની "પીક્ચરેસ્ક ઇંડયા" (Picturesque India) નામની કેતાબમાં મી૦ કેન નીચે મુજબ જણાવે છે:—

"The Kutab-Minar was commenced by Kutab-ud-din, in the latter part of the 12th century, and finally completed by Altamsh, his successor, about A. D. 1210-20. It is a Tower of Victory, and has looked down upon the Hindus conquered by its founder, under an unbroken Muhammadan sway, from its completion, until the Mutiny in 1857."[૧]

બારમી સદીના પાછલા ભાગમાં કુતુબમીનારનો આરંભ કુતુબ-ઉદ-દીને કર્યો હતો અને તેની પછી ગાદી આવનાર અલતમશે સને ૧૨૧૦-૨૦ ને આસરે તેને તમામ કર્યો હતો. તે તમામ થવા પછીથી છેક ૧૮૫૭ ના બળવા સુધી હીંદુઓ ઉપરની અચુક મુસલમીન જીતના પુરાવામાં એક જયસ્તંભ તરીકે ગણાયો છે.

"Kutab-ud-Din, his viceroy, is better remembered in Delhi, because he erected a beautiful mosque, about 1193 A. D., and the famous Kutab-Minar, a splendid tapering tower, in its courtyard."[૨]

તેનો (મહમદગોરીનો) વાઇસરાય કુતુબ-ઉદ-દીન દીલ્હીમાં સારી રીતે જાણીતો છે, કારણ તેણે સને ૧૧૯૩ માં ત્યાં એક સુંદર મસજીદ અને તેના ચોગાનમાં પ્રખ્યાત કુતુબમીનાર બાંધ્યાં હતાં.

---

૧ Picturesque India, by W. S. Caine, p. 132.

૨ Glimpses of India. edited by J. H Furneaux, p. 304.

બીજા હાથ ઉપર તેના આરંભ તેમજ અંતનું તમામ માન કુતુબ-ઉદ-દીન પછી ગાદીએ આવનાર તેના જમાઇ અલતમશને અર્પણ કરવામાં આવે છે કે જેણે તે વખતના પંકાયલા સાધુ (saint) ખ્વાજા કુતુબ-ઉદ-દીન બખત્યાર ખાકીની યાદગારીમાં તેને નામે બાંધ્યો હતો. પણ જે કાંઇ લખાણ આ મીનારા ઉપર જોવામાં આવે છે તે ઉપર આ શેખને વીશે કશો ઇસારો નથી; જો કે બીજા, ત્રીજા અને ચોથા તબકકા ઉપર અલતમશ માટે ફરતો લેખ છે.[1] અલતમશ માટેના અરબીક લેખોમાંનો બીજા તબકકા ઉપરનો એક લેખ અત્રે ટાંકીશું:—

امر باتمام هذه العمارت الملک المويد من السما شمش الحق والدين ايلتمش السلطاني ناصر امير المومنين *

'અમર બે એતમામ હઝે ઉલએમારત ઉલ મલેક ઉલ મવીદ મનએસસમાં શમસઉલહક વ ઉદદીન અલતમશ ઉસસુલતાની નાસેરે અમીર ઉલ મુમેનીન."

પરવરદેગારની બક્ષેશથી સચાઇ અને દીનનો ખોરશેદ ભકતીમાન લોકોનો મદદગાર સરદાર સુલતાન અલતમશે આ ઇમારતની તમામીને[2] માટે હોકમ ફરમાવ્યો.

ચોથા તબકકાના દરવાજા ઉપરનો લેખ જણાવે છે કે અલતમશે આ મીનાર બાંધવાનો હોકમ ફરમાવ્યો હતો. આ લેખ ઉપરથી મેજર જનરલ એ. કનીંગહેમ જણાવેછે કે તે ફકટ ચોથા તબકકા માટેનો હોકમ હતો.

---

૧ કુતુબમીનારના લેખો માટે જુઓ મેજર જનરલ એ. કનીંગહામનો રીપોર્ટ, વા. ૧, પા. ૨૦૦-૨૦૧.

૨ "Completing the Kutb Minar."—A Sketch of the History of Hindustan, by H. G. Keene, p. 28.

સૌથી નીચેના ભાગ ઉપર કુતુબ-ઉદ્દ-દીન ઐબક અને તેના સાહેબ મહમદ-બીન-સામના નામના લેખો હોવાથી તેમજ ત્યાં અલતમશના નામનો કશો પણ ઇસારો ન હોવાથી તે અનુમાન કરે છે કે આ મહાન મીનારનો સ્થાપક કુતુબ-ઉદ્દ-દીન અને તેને સરજાંમ ઉતારનાર અલતમશ હોવા જોઇએ:—

"With these two names engraved on the basement storey it seems only natural to conclude that the building of the pillar was begun by Aibeg during the life-time of his Suzerain, Muhammad Bin Sâm, and in full accordance with this conclusion is the statement recorded over the doorway of the second storey, that the *completion* of the pillar was ordered by Altamsh. Under this view the building of the Minar may have been begun by Aibeg in about A. D. 1200, and completed by Altamsh in about 1220.........The absence of Altamsh's name in the inscription of the lower storey is, I think, a conclusive proof that he himself did not claim it as his own work."[૧]

"This celebrated pillar was erected in 1193 by Coottub-ud-Deen, the founder of the Ghoorides, who overthrew the throne of the Brahmins in Delhi, in

---

૧ Report of the Archaeological Survey of India, by Major-General A. Cunningham, Vol. I, pp. 202-203. Also vide, "A Sketch of the History of Hindustan," by H. G. Keene, p. 26.

commemoration of the triumph of Mahometanism over Brahminism."[1]

કુતુબ-ઉદ-દીન, જેનાથી દીલ્હીમાં હિંદુ રાજનો અંત આવ્યો, તેણે આ પ્રખ્યાત સ્તંભ બ્રાહ્મનોની ઉપર મુસલમીન ફતેહની યાદગારીમાં સને ૧૧૯૩ માં બાંધ્યો હતો.

ત્યારે અનુમાન આ નીકળે છે કે સુલતાન કુતુબ-ઉદ-દીનના અમલમાં દીલ્હીમાં મુસલમીન ફતેહની પહેલવહેલી કીર્તિના સ્તંભ તરીકે તે આરંભવામાં આવ્યો હોય અને તેને પોતાના નામ સાથ કુદરતી જોડયો હોય. જ્યારે કુતુબનું મરણ નીપજતાં શાહ અલતમશે તે પુરો કરી દીલ્હીમાં મુસલીમ રાજના સ્થાપક સુલતાન કુતુબ સાથ શેખ કુતુબનું નામ પણ જોડયું હોય. કહો કે સુલતાન કુતુબે મુસલમાન કીર્તિની યાદગારી તરીકે અને અલતમશે કુતુબ તરફની ઉંડાં માન અને ફીદાગીરીની ઇધાણી તરીકે આ મીનારને શરૂ અને તમામ કીધો. કોઇબી રીતે તો દીલ્હીમાં મુસલમીન ફતેહ અને રાજની ઇધાણી દાખલ ઉપરના બે વીભાગ સીવાય, ૭૦૦ વરસ થવા છતાં, હજી લગભગ જેમનો તેમ આ સંગીન મીનારો ઉભો છે! અસલ તે સાત તબકકાનો એટલે સાત ઝરૂખા—કહો કે સાત માળ—નો સીધો માનવંત મીનાર હતો. પણ તેના ઉપર સને ૧૩૬૮ માં વિજળી પડવાથી તેનો ઉપલો ભાગ બીસ્માર બન્યો તેથી ઉપલા બે મજલા નીચે ઉતારવામાં આવ્યા હતા. અસલ સાત તબકકાના આ મીનારનો ફોટો (J 51) દીલ્હી ફોર્ટના મયુઝીઅમમાં જોવામાં આવે છે જે ઉપરનો લેખ જણાવે છે કે વિજળીથી ફાટી જવાથી તેના ઉપલા બે વીભાગ તોડી પાડયા હતા. ૧૮૦૩ માં

1 Travels in India. by Capt. Leopold Von Orlich, Vol. II, p. 26.

કુદરત પાછી ખફા થઇ, કારણ તે વરસના ધતીંકંપે ઉપરના ઝરૂખા (cupola)ને નીચે ફેંકી આખા મીનારને જોખમમાં નાખ્યો હતો. પણ બ્રીટીશ સરકારે એની મરામત—મેજર રોબર્ટ સ્મીથની સરદારી હેઠળ—હાથ ધરી ૧૮૨૮ થી હાલની સ્થીતીમાં હૈયાત રાખ્યો છે.

તેની રોનક.

પહેલ્લે તબકકે દીલ્હીના પહેલા મુસલમીન બાદશાહ કુતુબ–ઉદ–દીન અને તેના બાદશાહી માલેક શાહબુદીન મહમદગોરીને નામનો લેખ છે. બીજા, ત્રીજા અને ચોથા ઝરૂખા ઉપર અલતમશની કીર્તિ સાથ કોરાનના ફકરાઓના લેખનું ચકકર આમેજ કીધું છે. જ્યારે પાંચમો મજલો ફીરોઝશાહ, કે જેણે ૧૩૬૮ માં ઉપરના બે મજલા ફરીથી બાંધ્યા હતા તેનું નામ અમર રાખે છે. ઉપર ચઢતાં એક ઠેકાણે હાલ પથ્થર સહેજ ફાટવાથી પીતળના પાટાથી સાંધેલો માલમ પડે છે. આ મીનારાના નીચલા ત્રણ ભાગો રાતા પથરના, અને ચોથા તબકકાનો ઉપલો ભાગ સફેદ મરમરનો છે. જ્યારે પાંચમા મજલાની આસપાસ સફેદ સંગેમરમરના બે સુંદર પટાનો સણગાર છે. મેજર જેનરલ એ. કનીંગહેમ, રોયલ એનજીનીઅર, જે હીંદુસ્તાનનાં સરકારી 'આરકીઓલોજીકલ સરવે' (પુરાતન બાંધકામ વિશેની તપાસ) ખાતાંના ડાઇરેકટર જેનરલ હતો, તેના રીપોર્ટ પ્રમાણે કુતુબમીનારની ઉંચાઇ સને ૧૭૯૪ માં ૨૫૦ ફીટ ૧૧ ઇંચ હતી, જ્યારે હાલ ૨૩૮ ફીટ ૧ ઇંચ છે. તલેટીએ વ્યાસ (diameter) હાલ ૪૭ ફીટ ૩ ઈંચ અને ટોંચ ઉપર લગભગ ૯ ફીટ મપાય છે.[1] તેની ઉંચાઇ મી૦ જેમ્સ ફરગ્યુસનના લખાણ પ્રમાણે ૧૭૯૪ માં ૨૪૨ ફીટ હતી, જ્યારે હાલ ૨૩૮ ફીટ ૧ ઇંચ છે. તલેટીએ

---

૧ દરેક તબકકાની જુદી જુદી ઉંચાઇ વીશે જુઓ મેજર કનીંગહામનો આરકીઆલોજીકલ સરવેનો રીપોર્ટ, વાલ્યુમ ૧, પા. ૧૯૫–૯૭.

વ્યાસ ૪૮ ફીટ ૪ ઈંચ અને ટોંચ ઉપર ૯ ફીટ મપાય છે. મીનારની બાંધણી દીલ્હીના ખડકના ભુરા અને લાલ પથર અને જેપુરના સફેદ મારબલ મળી, ત્રણ જાતના પથરની બની છે. તેના દરેક મજલેથી બહાર નીકળી આવેલા ચાર સુંદર ઝરૂખા,—જેના ઉપર ઉભા રહી આસપાસનો દેખાવ તબક્કે-તબક્કે જોઇ શકાય છે—આ મીનારનો એક સણગાર છે. પેચદાર (spiral) લાલ પથરની ૩૭૯ સીડી ધીરજથી ચઢતાં ટોંચે પોંહચાય છે. કુદરતી રીતે આ મીનારો ઉપર જતાં ઘેરાવામાં સાંકડો બનતો જાય છે. ટોંચ ઉપરના લોખંડી કટેરા લગાર ઘણા મજબુત લાગતા નથી. તેના ઉપર ગુંબડ યા છત્ર ન હોવાથી થાકેલા માણસને તડકામાં રાહત મળતી નથી. મથાળેથી આજુબાજુ જોતાં પશ્ચિમ દીશાએ લાલકોટ અને રાય પીથોરાનો કીલ્લો દીસે છે અને સફદર જંગની કબરના અને પ્રસીધ્ધ થયલી જુમા મસજીદના સફેદ ગુંબડો જાણે આકાશમાં વાદળના ગોટા માફક ઝાંખા નજર પડે છે. સફદર જંગની કબરની બીજી બાજુએ પુરાણા કીલ્લાની લાંબી દીવાલની હારો અને હુમાયું બાદશાહની કબર ઉપરની સફેદ સંગેમરમરની ગુંબડી છત્ર દેખાવ દે છે. મી. કેન આ કીર્તિવંત કુતુબને દુન્યાના સૌથી ઉંચા મીનારામાનો બીજો ગણે છે.[૧] પણ આ આકાશી મીનારાની ઉંચાઈ વીશે પોતાની 'હીસ્તરી ઑફ ઇન્ડીઅન એન્ડ ઇસ્તર્ન આરકીતેકચર' (History of Indian and Eastern Architecture) નામની ચોપડીમાં મી૦ જેમ્સ ફરગ્યુસન નીચે મુજબ લખે છે:—

"Be this as it may, it is probably not too much to assert that the Kutub Minar is the most beautiful

---

૧ "The Kutab-Minar is supposed to be the most perfect, as well as the second loftiest tower in the world."—Picturesque India, by W. S. Caine, p. 132.

example of its class known to exist anywhere. The rival that will occur at once to most people is the campanile at Florence, built by Giotto. That is, it is true, 30 ft. taller, but it is crushed by the mass of the cathedral alongside; and, beautiful though it is, it wants that poetry of design and exquisite finish of detail which marks every moulding of the Minar."[1]

ગમે તે હોય પણ કુતુબમીનાર તેની ક્રીસમની ઇમારતોનો એક સૌથી સુંદર નમુનો છે એમ કહેવામાં અતિશયોક્તિ કીધેલી લેખાશે નહીં. ઘણાકોને જીઓતોએ બંધાવેલી ફ્લોરન્સ મધેની 'કેમપેનાઇલ' એનો હરીફ માલુમ પડશે. જો કે તે ૩૦ ફીટ વધારે ઉંચી છે છતાં તેની બાજુના ગંજાવર દેવલથી તેની રચના તુટી જાએ છે અને જો કે તે સુંદર છે છતાં કુતુબમીનારની કલ્પીત રચના અને ઉત્તમ બાંધણી તેમાં જોવામાં આવતી નથી.

"Its beauty of form and colour—red sand-stone and white marble, contrasted with the intense blue of an Indian sky—cannot be described at all."[2]

તેના આકાર અને રંગની ખુબસુરતી–હીંદી બલુ આકાશની સાથે હરીફાઇ કરતું તેના લાલ પથર અને સફેદ મરમરનું મિશ્રણ–વર્ણન નહી થઇ શકે તેવી છે.

૧ History of Indian and Eastern Architecture, by James Fergusson, p. 506.

૨ Picturesque India, by W. S. Caine, p 132

કોઇબી ઇમારત સાથે જોડાયા વગર અલગ ઉભો રહેવાથી આ મીનાર તેના દમામદાર દેખાવ અને રોનક માટે દુન્યાની આ કીસમની બીજી કોઇબી ઇમારત કરતાં શ્રેષ્ટ છે. તે બાબે ફરગ્યુસનનો અનુભવ નીચે ટાંકીશુ:—

"The only Mahomedan building known to be taller than this is the minaret of the mosque of Hassan, at Cairo ; but as the pillar at Old Delhi is a wholly independent building, it has a far nobler appearance, and both in design and finish far surpasses not only its Egyptian rival, but any building of its class known to me in the whole world."[૧]

આ મીનાર બાંધવાની નેમ વીશે પણ બે મત છે. મી૦ ફનશા પાસે આવેલી કુટુબ-ઉદ-દીનની મસજીદના એક ભાગ તરીકે તેને લેખે છે કે જે મીનારાને તે ઉપરથી ઇસલામીઓને બંદગી માટે એકઠા થવા કાજે પોકાર મારવા માટે બાંધવામાં આવ્યો હતો એમ જણાવી લખે છે કે:—

"...... and was primarily in tended to serve as a minaret to the mosque of that Sultan."[૨]

મેજર કનીંગહેમ ઉપલી હકીકતને ટેકો આપી જણાવેછેકે "...I conclude that the Kutb Minar is a *Mâzinah* or Muazzin's tower"[૩]

---

૧ History of Indian and Eastern Architecture, by James Fergusson, p. 506.

૨ Delhi Past and Present, by H. C. Fanshawe, p. 265.

૩ Archaeological Survey of India, by Major-General A. Cunningham, Vol. I, p. 194.

તે બાંગીને માટે મુસલીમ લોકને ઈઝન પોકારવા કાજે બાંધ્યો હતો એવું તેનું અનુમાન છે.

મી૦ ફરગ્યુસન આથી ઉલટો વીચાર ધરાવી ઉપર જણાવ્યા મુજબ તેને ફતેહની યાદગારી-કીર્તિનો સ્તંભ-("Tower of Victory-a Jaya Stambha, in fact-an emblem of conquest")[1] તરીકે જણાવે છે તે સંભવીત છે.

---

૧ History of Indian and Eastern Architecture, by James Fergusson, p. 506. Vide also, A Sketch of the History of Hindustan, by H. G. Keene, pp. 25-26.

પ્રકરણ આઠમું.

આલી દરવાઝા અને કઉવત-ઉલ-ઇસલામ.

આલી દરવાઝા.

સાધારણ લોક માને છે તેમ કુતુબ મીનાર ફકત એક અલાહેદા મીનારા તરીકેજ જોવાનો નથી, પણ તેની આસપાસની સને ૧૧૯૧ થી ૧૩૧૫ સુધીની–એક સદી ઉપર પંથરાયલી મુદતની–મુસલમીન રાજની નીશાણીઓ સાથે જોવાનો છે. તેમાંની મુખ્ય અલાઉદીનનો અપુર્ણ મીનાર તથા ' આલી દરવાઝા,' 'કુતુબ મસજીદ,' ફીરોઝ શાહનો સ્તંભ (Firoz Sha's Lath) તથા શાહ અલતમશની કબર છે.

પ્રખ્યાત કુતુબ મીનારથી ૪૭૦ ફીટ દુર શાહ અલાઉદીને કદ અને ઉંચાઇમાં એનાથી બમણો એક બીજો મીનાર બાંધવાનું સને ૧૩૧૧ માં શરૂ કર્યું હતું, પણ ૪૦ ફીટ ઉંચો ચઢાવ્યા પછી તગલખાબાદ દરબારનું મથક થવાથી તેને પડતો નાખવામાં આવ્યો હતો; તે હજી ત્યાં પડત જોવામાં આવે છે. અજબ જેવું છે કે જગજાહેર તાજમહેલની જોડી પોતાની કબર માટે બાંધવાની જેમ શાહજેહાંનની નેમ હતી તેમ પ્રસીધ કુતુબમીનારનો હરીફ ઉભો કરવાની અલાઉદીન બાદશાહની ખાહેશ હતી! પણ બન્ને પોતાની નેમમાં ન ફાવવાથી આ અસલ ઇમારતો મુસલમીન રાજની અજાયબ ઇધાણીઓ તરીકે અમર રહી છે!

આ અપુર્ણ મીનાર ઉપ્રાંત શાહ અલાઉદીનનું નામ અત્રે એક જબર દસ્ત ઉંચા મજબુત દરવાજા–'આલી દરવાઝા'–સાથ જોડાઇ રહ્યું છે, કે જેને ઘણાકો એક સૌથી સુંદર દરવાજો ગણે છે. બરાબર જોતાં તો તે એક ૫૬ ચોરસ ફુટની ચોરસ ઇમારત છે જેની દીવાલ ૧૧ ફીટ જાડી

છે. પોતાના મરણની પાંચ વરસ અગાઉ ૧૩૧૧ માં ત્યાં આવેલી કુતુબ–ઉદ–દીનની મસજીદના એક ભાગ તરીકે શાહ અલાઉદીને તે દરવાજો બાંધ્યો હતો. આ દરવાજાને મેજર–જેનરલ એ. કનીંગહેમ પઠાણ રૂપની ઇમારતનો એક સૌથી સુંદર નમુનો ગણે છે. ચોરસ ઓરડાની ચારે બાજુ ઉંચા દરવાજાને મથાળે એક સાદો ગુંબજ ગોઠવાયો છે. દીવાલની અંદર ચારે બાજુ મારબલના કોતર કામની જાળીવાળી બારીઓ છે. એની ખુબીઓ–એક તેના કોતર કામ તથા તરેહવાર રંગના જોડાણની રોનક–વીશે મી૦ ફનશા નીચલા બોલો જણાવે છે: "The Alai Darwazah is not only the most beautiful structure at the Kutab Minar, but is one of the most beautiful specimens of external polychromatic decoration not merely in India, but in the whole world."[૧] બીજી ખુબી–બહારનો ચોરસ દેખાવ (square) અંદરથી આઠ ખુણાની આકૃતિ (octagon) માં ફેરવાઇ જઇ ચૌદમી સદીની દેશી કારીગરીનો અચ્છો નમુનો બતાવે છે. આ ખુબીની તારીફના પરદેશીના બોલો વધારે આવકારદાયક ગણાશે. ફરગ્યુસન તે વીશે જણાવે છે કે "It is therefore about a century more modern than the other buildings of the place .....and the mode in which the square is changed into an octagon is more simply elegant and appropriate than any other example I am acquainted with in India.[૨]

૧ Delhi Past and Present, by H. C. Fanshawe, p. 270.

૨ History of Indian and Eastern Architecture, by James Fergusson. pp. 509-10.

પોતાના 'આલી દરવાજા'થી થોડાંક કદમ દૂર કુતુબ મસજીદની પછવાડે શાહ અલાઉદીન હમેંશની આરામ લે છે.

કુઉવત-ઉલ-ઇસલામ.

કુતુબ મીનારનો ત્રીજો પાડોશી તેના સ્થાપક કુતુબ-ઉદ-દીનના નામની મસજીદ યાને 'કવ્વત-ઉલ-ઇસલામ'[૧] જોઇયે છીયે.

"This Great Mosque, which even in ruin is one of the most magnificent works in the world, was seen by Ibn Batuta about 150 years after its erection, when he describes it as having no equal, either for beauty or extent."[૨]

આ મોટી મસજીદ ખંડિયેર હાલતમાં હોવા છતાં દુન્યાની ભપકા ભરેલી ઇમારતોમાની એક છે. તેની બાંધણીની ૧૫૦ વરસ પછી જ્યારે એબને બતુતાએ તે નીહાળી ત્યારે તેની રોનક અને વીશાળપણા માટે તેણે તેને સર્વોત્તમ ગણી હતી.

દરગાહ જોકે ગંજાવર તોપણ હાલ તદન ખખડી ગયલી હાલતમાં ખંડિયેર રૂપે પડી છે. ઉત્તર તથા પુર્વ તરફનો દરવાજો તેના લેખ સાથ હજી ઠીક છે પણ તેની સામેની બીજી બે બાજુના ભાગનો નાશ થયો છે. મુસલમીન લોકની દીહ્‌લીની જીત પછી સને ૧૧૯૩ માં તેનો આરંભ થયો હતો. અંદર તે એક મઠ ધરાવે છે જેના કોતર કામ કોયેલા થાંભલા ૨૭ હીંદુ દેહેરાંની લુટનો મસાલો હતો.[3] હીંદુઓ તેને

---

૧ 'મસજીદે-કુતુબ-ઉલ-ઈસલામ' કનીંગહામનો આરકીઓલોજીકલ રીપોર્ટ, વા. ૧. પા. ૧૮૪.

૨ Report of the Archæological Survey of India, by Major-General A. Cunningham, Vol. I, p. 185.

3 A Sketch of the History of Hindustan, by H. G. Keene, p. 25. Also vide "The History of Hindostan," translated from the Persian, by Alexander Dow, Esq., Vol. I, p. 190.

'ચૌસઠ ખાંભી' (ચોંસઠ થાંભલાવાળો) તરીકે ઓળખે છે. સૌથી સરસ થાંભલાની હારતો ઉત્તર તરફ છે જેને બારીક નજરથી જોતાં ફુલોના હાર સાથના ચીત્તા, ફુલો સાથના ફુલદાન (flower-vase) વીગેરેના કોતર કામથી સણગારેલા દીસે છે. બારીકીથી જોતાં મથાળે વિષ્ણુ, ઇંદ્ર, બ્રમ્મહ, શીવ વીગેરેની કેટલીક જઇન આકૃતિઓ પણ જણાશે. આ એબાદતગાહની ખરી ખુબી તેના હીંદુ દેખાવ રજુ કરતા આ થાંભલાઓમાં જેટલી નથી તેટલી પશ્ચિમ બાજુએ ૩૮૫ ફીટ લંબાતાં અગિયાર-૩ મોટાં, ૮ નાના—અણીદાર (pointed) સુંદર આરકાંમાં સમાઇ છે. વચલું આરકું ૨૨ ફીટ પહોળું અને લગભગ ૫૩ ફીટ ઊંચું છે. મેજર જનરલ એ. કનીંગહેમ જણાવે છે કે જો કે આ મસજીદ જુઆનપોરની મસજીદ જેટલી મોટી નથી છતાં તેનાં ગંજાવર આરકાંની હાર અને દીવાલ ઉપરના વેલાની રોનક માટે તે બીનહરીફ છે. બંધ કળી તથા ખીલેલાં ફુલોના વેળા સાથનું તુગરા હરફમાં લખાણ તેના અસલ વખતમાં ઘણું દીપાયમાન હોવું જોઇયે. અલતમશ અને અલાઉદીને આ ઇમારતમાં ઉમેરો કીધો હતો. આ મસજીદ જે તૈમુરની ખુનરેજીનું મથક હતું તેને દરૂસ્ત કરાવનાર શાહ ફીરોઝ હતો. એબને બતુતાના લખાણ પ્રમાણે દીલ્હી હાથ કરવા આગમજ તે એક હીંદુ દેહરૂં હતું. અમીર ખુશરોના નીચલા બોલો આ એબાદતગાહની તારીફ માટે પુરતા લેખાશેઃ—

مسجد او جامع فیض الله—زمزمه خطبه او تا با ماه

"મસજીદે ઉ જમાએ ફઇઝે અલ્લાહ—ઝમઝમેએ ખુતબાએ ઉ તા બા માહ."

એટલે કે કુતુબની આ મસજીદ ખુદાઇ ભૂષણનો ભંડાર છે, (અને) તેની બંદગીનો ગણગણાટ માહતાબ સુધી પહોંચે છે!

કેટલાકોથી ફીરોઝશાહના લાથ તરીકે ઓળખાતો એક સાધો લોખંડી થાંભલો કુતુબ મસજીદના ચોગાનમાં અસલ જમાનાની અજાયબ ઇધાણી તરીકે અલગ ઉભો છે. જમીનની અંદર ૨૦ ઇંચ ઉંડાઇમાં અને જમીન ઉપર ૨૨ ફીટ ઉંચાઇમાં હોવાથી તેની કુલ્લે ઉંચાઇ ૨૩ ફીટ ૮ ઇંચ છે. તેના આરંભના જમાના વીશે મતફેર છે. મેજર ન્યુઅલ તથા મી૦ વીલકીન્સ નામના લખનારો—તેના ઉપરના સંસ્કૃત લેખ ઉપરથી—રાજા ધવા (Dhava) ની ફતેહની યાદગારીની ઇધાણી તરીકે તેને આરંભેલો જણાવે છે. મી૦ જેમ્સ ફરગ્યુસન તેને ચોથા યા પાંચમી સદીનાં હીંદુ ગુપતા વંશના કોઇક ચંદ્ર રાજાના વખતનો હવાલો આપી બલહીકાસ વર્ણ ઉપરની ફતેહની યાદગારીનો સ્તંભ ગણે છે. પંદર સદી—દોઢ હજાર વરસ—ગબડી જવા છતાં અજબ લાગે છે કે આ અસલ જમાનાની ઇધાણી કાટ ખાવા વગર તેના ઉપરના લેખ તથા મથાળેના રોનકી કોતરકામ સાથે અલગ ઉભી છે. તેના ઉપરના સંસ્કૃત ભાશાનાં ૬ લાઇનના વંચાઇ શકાય તેવા ખુલ્લા લેખની ૩ લાઇન આ સ્તંભને વિષ્ણુને અર્પણ કીધેલો જણાવે છે. હીંદુસ્તાનમાં અસલ હીંદુ રાજ અને સત્તાની યાદગારીનો તે એક અજબ નમુનો છે. પહેલાં તેની ટોંચ—જગનનાથનાં જાણીતાં હીંદુ મંદીરનાં થાંભલાઓનાં સણગાર માફક—એક ગરૂડા (Garuda) એટલે વિષ્ણુના ગરૂડ પક્ષીની ગાડીથી સણગારેલી હતી જે મુસલમીન લોકે કાઢી લીધેલી હોવી જોઇએ એમ મી૦ ફરગ્યુસન માને છે. કોઇ તેને તમામ ટિપેલાં લોખંડ (wrought iron)[1] નો તો કોઈક તેને લોખંડ, તાંબુ તથા જસતના મિશ્રણનો બનેલો કહે છે. અસલ

[1] Archaeological Survey of India, by Major-General A. Cunningham, Vol. I p. 169.

જમાનાના હિંદુઓએ પોતાનો ફતેહનો આ પુરાવો ઉભો કીધો હતો કેવું અજબ જેવું છે કે મુસલમીન લોકોએ ૮ સદી પછીના હીંદુ વંશજોને હરાવી તેની જોડમાંજ તેનો એક હરીફ યાદગાર કુતુબ મીનાર ઉભો કીધો હતો ! આ ભાઇબંધ કોમોના પાસે પાસે ઉભેલા ફતેહના સ્તંભ પુરવાર કરે છે કે પોતાની ફતેહ યા જીતની યાદગારી ભવિષ્યની ઓલાદ માટે જાળવી રાખવાનો નીયમ હીંદુસ્તાન દેશમાં છેક ચોથી-પાંચમી સદીના હિંદુઓથી ચાલુ હતો. આના સંબંધમાં મી૰ ફરગ્યુસનના નીચલા શબ્દોને સત્તાધારી લેખીશું:--

"Taking A. D. 400 as a mean date—and it certainly is not far from the truth—it opens our eyes to an unsuspected state of affairs to find the Hindus at that age capable of forging a bar of iron larger than any that have been forged even in Europe up to a very late date, and not frequently even now."[૧]

" ....It is, to say the least of it, a curious coincidence, that eight centuries afterwards men from that same Bactrian country should have erected a Jaya Stambha ten times as tall as this one, in the same courtyard, to celebrate their victory over the descendants of those Hindus who so long before had expelled their ancestors from the country."[૨]

૧ History of Indian and Eastern Architecture, by James Fergusson, p. 508.

૨ Ibid, p. 509.

કુતુબ મસજીદની બહાર એક બાજુએ શાહ અલ્તમશની આલા કબર આવી છે. આ ગુલામી વંશનો શાહ લાલ પથરની ઇમારત મધે કબર અંદર સને ૧૨૩૬ ના સાલથી સુતો છે. ઇમારતની અંદરના ભાગનું કોતરકામ તેની શોભા છે. આલા કબર લખવાનું કારણ આ કે તે અસાધારણ કદ અને ઉંચાઇ ધરાવે છે જેની તલેટીએ કોરાનના ફકરા છે. તેના ઉપર છત્ર યા છાપરૂં ન હોવાથી લોક કથા જણાવે છે કે પોતાની કબર ઉપર આકાશ શિવાય કશું છત્ર ન રાખવું એવી સુલતાન અલ્તમશની ખાહેશથી તે ઇમારતને ખુલ્લીજ રાખવામાં આવી છે. વળી એવું પણ જણાવવામાં આવે છે કે સુલતાના રઝીઆ બેગમે પોતાના પીતાની કબર ઉપર છત્ર ઉભું કરવા માંડયું હતું, પણ તે પાછળથી પડતું મેલાયું હતું. હીંદુસ્તાનમાં તે એક જુનામાં જુની મુસલીમ કબર લેખાય છે.

કુતુબ મીનાર અને તેની આસપાસની મસજીદ, કબર વીગેરે ઇમારતો ત્યારે ત્રણ મુસલમીન રાજાના અમલની નિશાનીઓ છે. ૧. ગુલામી વંશના પહેલા સુલતાન કુતુબ-ઉદ-દીન અઇબકે મસજીદનો અંદરનો ભાગ બાંધવાનું તથા કુતુબ મીનારનો આરંભ નાંખવાનું કામ માથે ઉઠાવ્યું હતું. ૨. તેનો જમાઇ શમ્સ-ઉદ-દીન અલતમશ પ્રખ્યાત કુતુબ મીનારને સરંજામ ઉતારી તથા કુતુબ મસજીદમાં ઉમેરો કરી તેજ મસજીદની બાજુમાં જમાના થયા શાંત પડયો છે. ૩. અલાઉદીન ખીલજી કે જેણે મીનાર નજદીકનો ‘આલી દરવાજા’ તથા કુતુબ મસજીદનો એક વધુ ભાગ બાંધ્યો હતો તે પોતાના ‘આલીમીનાર’ ને અપુર્ણ હાલતમાં નાંખી ‘આલીદરવાજા’ આગળજ દટાયો છે. ટુંકમાં અસલ હીંદુ-મુસલીમ રાજ અને અમલની અનેક ઇંધાણીઓનું કાંઈ સૈકા આગમજનું મિશ્રણ અભ્યાસીઓ માટે અત્રે અખુટ પડેલું છે.

પ્રકરણ નવમું.

દીલ્હીનો દીલપઝીર કીલ્લો.

"...the palace at Delhi is, or rather was, the most magnificent palace in the East—perhaps in the world—and the only one, at least in India, which enables us to understand what the arrangements of a complete palace were when deliberately undertaken and carried out on one uniform plan."[૧]

"In its glory, it was probably the most splendid palace in the world. As its massive and lofty red-sandstone walls, towers, and noble gateway burst upon the view on entering the Maidan in front, it is as impressive as the first sight of Windsor Castle from the Thames."[૨]

આ રાજવંશી શેહેરનો કીલ્લો એકજી વખતે એક સરખી ઢબ ઉપર બાંધેલો હોવાથી તેમજ તેનો રચનાર પેલો તાજ મહેલનો સરદાર શાહાજેહાંન—જેને હીંદી રાજાઓમાં ઇમારતોનો રચનાર ('most magnificent builder') ની સૌથી સુંદર વાજબી ઉપમા આપવામાં આવી છે—હોવાથી આખા કીલ્લાની ગોઠવણ શું હોવી જોઇયે તેનો ખરો ખ્યાલ ખચીત તે આપે છે.

---

૧ History of Indian and Eastern Architecture, by James Fergusson, p. 591.

૨ Picturesque India, by W. S. Caine, p. 122.

તમામ દુન્યામાં પોતાની કીર્તિ માટે તે ઘણુંકરીને સર્વથા દીપાયમાન કીલ્લો છે. ઇંગ્લંદની તેમ્સ નદીમાંથી ત્યાંનાં 'વીંડસર કેસલ'નો દેખાવ મન ઉપર જેટલો છાપ બેસાડે છે તેટલોજ અસરકારક દેખાવ આ (દીલ્હીના) કીલ્લાની જબરદસ્ત ઉંચી લાલ દીવાલો, તાવરો અને બુલંદ દરવાજો, તેની આગળનાં મેદાનમાથી પુરો પાડે છે.

બાદશાહ શાહજેહાંને વસાવેલાં શાહજેહાનાબાદ શેહેર એટલે હાલના ખુદ દીલ્હી શેહેરમાં જમના નદીના કીનારા ઉપરજ આગ્રાના કીલ્લા માફક તે આવ્યો છે. ગોયા નદીનો કીનારોજ કીલ્લાની એક બાજુ બનાવે છે, જયારે બાકીની ત્રણ બાજુ લાલ પથરની ૧૧૦ ફીટ ઉંચી-વચમાં ટાવરો સાથ-દીવાલના આશરા હેઠલ છે. સામે આવેલી જુમા મસજીદની ઉપરથી, સાંજના અસ્ત પામતા સુર્યની રોશનીના કીરણ સાથનો આ કદીમ કીલ્લાનો દેખાવ ઘણો દીલપઝીર લાગે છે. કીલ્લો લગભગ ચોખુણ આકૃતિ (parallelogram) ના દેખાવમાં દોઢ માઇલનું ચક્ર ધરી લે છે. દાખલ થવા માટે બે દરવાજા-એક જબરદસ્ત મોટો ૧૪૦ ફીટ ઉંચો 'લાહોર ગેટ' અને બીજો દક્ષિણ દિશાએ 'દીલ્હી ગેટ.' પહેલો દરવાજો જે હાલ 'વીકટોર્યા ગેટ'ને નામે પણ ઓળખાય છે અને જે પ્રખ્યાત ચાંદની ચોકની બરાબર સામે પોતાની ટોંચ ઉપર ઉડતા બ્રીટીશ બળના બુલંદ વાવટા સાથે ડોળા ધુરકે છે તે ત્યાંજ બે આનાની કીમતે મળતા પરવાના વગર દાખલ થવા દેતો નથી. બીજા દરવાજા ઉપરનાં અસલ હાથીઓની જગ્યાએ બે સુંદર હાથીઓ આપણા માજી વાઇસરાય લોર્ડ કરઝનની નવાજેશની યાદ આપે છે. 'લાહોર ગેટ'ના ખુલ્લી બેયોનેટ સાથના ગોરા લશકરી દરબાનને સર ઝુકાવી દાખલ થતાંજ આગ્રા અને દીલ્હીના કીલ્લાઓ

વચ્ચે ઘણો ફેર માલુમ પડે છે. આગ્રાના મસ મોટા દરવાજામાંથી દાખલ થતાં સીધો ખુલ્લો રસ્તો પસાર કરવો પડે છે, પણ દીલ્હીના કીલ્લામાં તેમ નથી. અત્રેનો દરવાજો દુન્યાના સૌથી સુંદર દરવાજામાંનો એક ગણાય છે.[૧] દરવાજામાં દાખલ થઈશું તો જાણે ઉપર છત્ર સાથે બન્ને બાજુ બે માળવાળી એક ઇમારત સાથના રસ્તા વચ્ચેથી પસાર થતા હોઇયે તેમ લાગશે. ફરગ્યુસનનાં જણાવવા મુજબ એક ગંજાવર 'ગૉથીક' દેવલના મધ્ય ભાગ (nave) ને લગભગ મળતો આ હૉલ છે. કોઇબી કીલ્લાના દરવાજા કરતાં સૌથી વધુ દબદબા ભરેલો દમામદાર દેખાવવાળો દરવાજો જોવા હોય તો તે આ દીલ્હીનો 'લાહોર ગેટ' છે.[૨] કોઈક શેહેરની પોળનો તે દેખાવ આપે છે. નીચે નાની નાની દુકાન ખુસુસ કરી અંદરના લશકર માટે પોતાના તરેહવાર વેચવા મુકેલા માલ સાથ ખુલ્લી છે. આ પોળને છેડે ચોગાનમાં પહેલાં એક બાજુ 'દીલ્હી ગેટ' સુધી તથા બીજી બાજુ બાગ સુધી એક બજાર ભરાતું હતું. ચોગાન સામેના 'નઉબતખાના' અથવા 'નકારખાના' (music gallery) નો દરવાજો પસાર કરી કીલ્લાના બીજાં ચોગાનમાં દાખલ થતાંજ આજુબાજુ બગીચા વચ્ચે અનેક અસલી પણ હજી દીલપસંદ ઇમારતો નજરે પડે છે. અંગ્રેજ લશકરની બરાક માટે કાલા પથરની બે-ત્રણ મજલાની ઇમારતો અંદરના મેહેલો આસપાસ બાંધેલી માલમ પડે છે.

---

૧ "Its gateway, "The Lahore Gate", and inner hall behind the gate, is one of the finest lodges or entrances to any building in the world." -Glimpses of India, edited by J. H. Furneaux, p. 308.

૨ "This hall, which is 375 ft. in length over all, has very much the effect of the nave of a gigantic Gothic cathedral, and forms the noblest entrance known to belong to any existing palace."—History of Indian and Eastern Architecture, by James Fergusson, p. 592.

તવારીખ નવેશા આ કીલ્લાને ત્રણુ ભાગમાં વર્ણવે છે. બાદશાહનાં 'માહતાબ બાગ' તથા 'હૈયાતબક્ષ બાગ' ની બોરદુને 'બુનીઆદ મુબારક' (propitious foundation) તરીકે ઓળખાવે છે, કારણુ કીલ્લાનું બાંધકામ આ તરફથી શરૂ થયું હતું તેમજ બાદશાહ શાહજેહાન આજ તરફથી પહેલાં દાખલ થયો હતો. 'નકારખાના' તથા 'દીવાને આમ' સાથના વચલા ભાગનું નામ 'કીલ્લે મુબારક' (fortunate fort), જયારે દીલપઝીર 'દીવાને ખાસ' અને તે આસપાસના ઝલકદાર અમલાઓના વીભાગને 'જલઉ ખાને' (abode of splendour) ની ઉપમા આપી છે.

નકારખાનું કમાનદાર સુંદર દરવાજો આસપાસ બન્ને બાજુ એક સરખી લાલ પથરની નાની ઇમારત છે. મથાળે ૧૦૦ ફીટ લાંબી ખુલ્લી આરકાંવાલી અગાસી ઉપર બાદશાહી નગારચી બીરાજતા. એને 'હાથીઆ પુલ' તરીકે અત્રે ઓળખવામાં આવે છે, સબબ કે બાદશાહી કુટુંબીઓ સીવાય સર્વ અમલદાર વગેરેને દરબારમાં જવા માટે પોતાની સવારી ઉપરથી આ જગ્યાએ નીચે ઉતરવું પડતું. આ નકારખાના આસપાસ લગાર દુઃખદાયક તવારીખ વીંટળાયલી છે. મોગલ શહેનશાહ ફરૂખશીઅર, જેહાંનદરશાહને આગ્રા નજદીક હાર આપી અત્રે તેને ઠાર મારી, રાજ ગાદીએ આવ્યો હતો. પણુ તવારીખમાં રાજ ગાદી આપનારા (king-makers) ના નામથી જાણીતા થયલા બે સૈયદો, બીહારનો હાકેમ સૈયદ અલી અને અલાહબાદનો હાકેમ સૈયદ અબ્દુલા, જેઓએ ફરૂખશીઅરને ઉપલી લડાઈ વખતે મદદ કરી હતી, તેઓના જોર તોડવાની ફરૂખશીઅરે યુકતી રચી, તેથી તેને સૈયદોએ જનાનામાંથી બહાર કાઢી અત્રેજ ઠાર કીધો. વળી 'લાહોર દરવાજા'ની પોળ તથ

'નઉબતખાનાં' વચ્ચેના ચોગાનમાંના ટાંકાં નજદીક ૧૮૫૭ ના બળવાની ૧૬ મા મેને દીને બળવાખોરોએ આશરે પચાસ ગોરાઓને શહેરમાંથી પકડી આજ જગ્યાએ તેઓની બેકદર કતલ કીધી હતી.

નકારખાનું પસાર કીધું કે સામે આગ્રાના આમ લોકોનાં દીવાનખાનાની ઢબ ઉપર પણ તેથી વધારે સુંદર અત્રેની 'દીવાને આમ.' આગળ તેના ઉપર બે મજલા હતા તે હાલ નથી. હાલ તેને કેટલાકો 'ચેહલ્ સેતુન'—ચાલીસ થાંભલાઓની ઇમારત—ના નામથી ઓળખે છે. દરેક ખુણે ચચાર સુંદર થાંભલાઓના જમેલા ઉપર આ ઇતિહાસિક દરબાર હોલ ઉભો છે. પાછલી દીવાલની બરાબર વચમાં બાદશાહી તખત માટે મસમોટા ગોખલા(niche)રૂપી જગ્યા બનાવવામાં આવી છે, જયાં એક સુંદર મારબલના આસન (platform) ઉપર બાદશાહ પોતાના જગ આશકાર 'તખ્તે તાઉસ' (Peacock Throne) ઉપર બીરાજતા. આ 'તખ્તે તાઉસ'ને નીચે બે બોલમાં દરશાવ્યો છે. આસનનો સર્વ ભાગ તેમજ ઉપરની છત્ર તમામ સફેદ મારબલનાં બનાવેલાં છે. હોલની પાછલી દીવાલ મધેના એક નાના દરવાજા વાટે સીડી માર્ગે આ મારબલના ગુંબડી આસન ઉપર જવાય છે. આ તખત ધરાવનાર જગ્યા આ દીવાનની ખુબસુરતી છે. તેની પીઠ તથા છત્ર વીગેરે ઉપર સુંદર સફેદ સંગેમરમરમાં સજ થયલાં રંગીન મારબલનાં ફૂલો, પક્ષીઓ વીગેરેનો સણગાર છે. આગ્રાના તાજના વર્ણનમાં જણાવ્યું છે કે દીલ્હીના 'દીવાને આમ'માં મારબલમાં મઢી લીધેલો એક ગોરા સાહેબનો ફોટો છે કે જેને હાથ કાપી લીધલો ચીતારેલો છે, તે ઉપરથી ગાઇડો જણાવે છે કે શાહજેહાને તેના હાથ કાપી લીધા હતા, સબબ બીજો તાજ તેજ કીસમનો તે બનાવી શકે નહીં ! તે ચીતાર આજ તખત આસનની

પીઠ ઉપર છે. તાજનો તેજ ઇજનેર આ 'દીવાને આમ'નો પણ શિલ્પશાસ્ત્રી હતો. તખતના આસન નીચે મારબલના નીચા પ્લાટફારમ ઉપર દરબારના મુખ્ય અમલદારો ઉભા રહેતા યા બેઠક લેતા. રૂપાંના કટેરા તેઓના ભાગને બાકીના દીવાનખાના મધેના અરજદારોના ટોળાંથી છુટો પાડતા. ઉપલાં આલા આસન ઉપર તમામ હીરા-મોતી જડીત નામીચું 'તખ્તે તાઉસ' જગ્યા લેતું. આખા હોલને ફ્રેંચ મુસાફર બર્નીઅરનાં જણાવવા મુજબ બાદશાહી ઢબે સણગારવામાં આવતો હતો. ભોંય ઉપર કીમતી રેશમી પરશીઅન ગાલીચા અને થાંભલા ઉપર તેમજ મથાળે કીનખાબ, સુના રૂપાનાં ઝુલતાં ફુમતાં સાથે, આખી દરબારને ઝલક આપતાં હતાં. આ બાદશાહી તખત ઉપર મોગલ બાદશાહો દરરોજ બે કલાક બેઠક લઇ નીચે ઉભેલા દરબારના અધીકારીઓ તરફથી આમ લોકની ફર્યાદ સમજતા અને ચુકાદો આપતા હતા.[1] મેજર ન્યુઅલ જણાવે છે કે આ રોજીંદી દરબારને મોગલ બાદશાહો એટલી અગત્યતા આપતા હતા કે મરણ કાંઠે પડેલા શાહ અઉરંગઝીબે ત્યાં હાજર થવાને હઠ લીધી હતી.

તખ્તે તાઉસ

ઉપર ઇસારો કીધેલાં શાહજેહાન બાદશાહનાં દુન્યામાં મશહુર થયલાં તખ્તે તાઉસને[2] મુસાફર તેવરનીઅર જેણે દીલ્હીની મુસાફરી

---

૧ શાહ અઉરંગઝીબનો બાદશાહી પોષાક તથા જયારે તે દરબારમાં બીરાજતો ત્યારનો દબદબા ભરેલો દેખાવ, બર્નીઅર પોતાની મોગલ મુલકની મુસાફરી (Travels in the Mogul Empire, Vol. I, pp. 305-308) ના વા. ૧ ના પાનાં ૩૦૫ થી ૩૦૮ સુધીમાં ચીતારે છે.

૨ Delhi Past and Present, by Mr. H. C Fanshawe, pp. 31-33. Also vide. "Travels in India", by Capt. Leopold Von Orlich. Vol. II, p. 24.

સને ૧૬૬૫ માં કરી હતી તેના બોલોમાં ટુંકમાં ચીતારીશું. ચાર નકકર સુનાના પગ ઉપર આધાર રાખતું પથારીના આકારનું ૬×૪ ફીટનું તે એક તખત હતું. બાર સળિયા ઉપર ઉભેલી એક સુંદર છત્ર છાયો આપતી હતી. સળિયાઓને કીમતી મોતી, હીરા, માણેક વગેરે જવાહીરોથી સજ્જ કીધા હતા. ત્રણ સીડી ચઢી તખત ઉપરની ત્રણ સોનેરી ગાદી (cushion ઉપર બાદશાહ બીરાજતા. છત્રની અંદરના ભાગને હીરા અને મોતીથી, ગોળ ફરતી મોતીની કીનારી સાથ, સજ કીધો હતો. છત્રના ચાર બોરદુવાળા ગુંબદ ઉપર મોર (peacock) તેની બન્ને બાજુ સુનાના તોરા સાથે ઉભો હતો. કીમતી પથરો સાથના સોનેરી શરીરનો તે મોર હતો, જેની છાતી વચ્ચે એક મોટા માણેકમાંથી પેરના આકારનું આશરે ૫૬ કેરેટનું સહેજ પીળા રંગનું મોતી નીચે લટકતું હતું. લીલમ તથા બીજા કીમતી પથરોથી નસીબદાર મોરની પુછડી બની હતી. છત્રના આગલા ભાગ ઉપર માણેક અને લીલમ વચ્ચે ૮૦ થી ૯૦ કેરેટ વજનનો એક હીરો પોતાના પ્રકાશિત કીરણ આજુબાજુ ફેંકતો. તખતની આસપાસ રાજદંડ, ઢાલ અને તીરકામઠાં ટાંગેલાં હતાં. તખતની આગળ બન્ને બાજુએ લાલ મખમલની બે છત્રી ઉભી હતી. છત્રીને ભરતકામથી તથા મોતીની કીનારીથી સણુગારેલી હતી. તેના ૭ થી ૮ ફીટ ઉંચા દાંડાને પણ હીરા, માણેક, મોતી દીપાવતાં હતાં. તખત ઉપર બધાં મળી ૧૦૮ મોટાં માણેક અને ૧૧૬ પાંનાં હતાં. બરનીઅર તેની કિમ્મત ૪૫ લાખ પાઉંડ યાને પોણાસાત કરોડ રૂપીયાની જણાવે છે. તવારીખ જણાવે છે કે મોગલ બાદશાહ મહમદ શાહના નબળાં રાજઅમલમાં સને ૧૭૩૯ માં નાદીરશાહે ઇરાનથી ચઢાઇ લાવી મોગલ લશકરને હાર આપી દીલ્હીમાં જબરી લુટ તથા ખુનરેજી ચલાવી હતી, તે વખતે આ દુન્યાની અજાયબી–તખ્તે તાઉસ-ને તે

ઉઠાવી ગયો હતો મી૦ ફ્નશા જણાવે છે કે ૧૯ મી સદીમાં એવો ગપાટો ઉડયો હતો કે આ કારીગીરીનો કીમતી નમુનો તે સદી સુધી ઇરાનના શાહના ખજાનખાનામાં હતો, પણ લોર્ડ કરઝન જેવણે ત્યાંનાં સર્વ તખતો તપાસ્યાં હતાં, તેવણુની ખાતરી થઇ હતી કે તે નામવર નવાઇનું ત્યાં નામ નીશાન નથી.

'દીવાને આમ'ની પાછળ થોડેક દુર ડાબી બાજુ 'દીવાને ખાસ'–ખાસ લોકની દરબાર–ખચીત આ કીલ્લાનો હજી પણ જોવા લાયક સણુગાર છે. અંત્રે મોગલ રાજા સાંજે દરબાર ભરતા હતા. આ બાદશાહી દરબાર હોલ પાંચ સુંદર આરકાંઓ સાથનો તમામ સફેદ સંગેમરમરનો ૯૦ ફીટ લાંબો મેહેલ છે જમીન, થાંભલા, સીલીંગ, બારી વગેરે તમામ મારબલનું. મથાળે ચાર ખુણે ચાર મારબલી ગુંબદો ૩૨ સફેદ મારબલનાં થાંભલાઓ ઉપરના છત્ર ઉપર સવાર થયા છે આગલા વખતની તેની રૂપેરી સીલીંગ,–કે જે ઉપર મરાઠાઓએ લુટ ચલાવી હતી–તથા સુનાના વીગેરે પુરેલાં કામનો સણુગાર, ખુબસુરતીનો સ્વપનો ("Dream of beauty") ગણાતાં. એની નજદીક આવેલા 'રંગ મહેલ' મધેથી બાદશાહી હમામખાનામાં પસાર થતો પાણીનો ઝરો આ દીવાનની નીચેથી પસાર થતો. વચલા હોલનાં આરકાંને મથાળે મારબલ પેનલ ઉપર બે બાજુએ સામસામે કોતરેલો નીચલો ફારસી લેખ 'દીવાને ખાસ'ની ખુબસુરતીનો ખરો ખ્યાલ આપે છે:—

اگر فردوس بر روی زمین است
همین است و همین است و همین است

"અગર ફેરદુસ બર રૂએ ઝમીન અસ્ત,
હમીન અસ્ત ઓ હમીન અસ્ત ઓ હમીન અસ્ત."

જો આ દુન્યાની સપાટી ઉપર (કોઇબી) બેહેસ્ત હોય તો તે આજ છે અને આજ છે અને આજ છે.

હોલના પાછલા ભાગ ઉપર મારબલની પલાટફારમ ગાદી બેઠક છે. જે ઉપર આ શેહેરના છેલ્લા કમજોર રાજાઓ બીરાજતા. હોલની પુર્વ બાજુએ મારબલની કોતરકામની જાળીઓવાળી સુંદર દીવાલ છે અત્રે એક ભાગ તરફનાં આરકાં ઉપર એક ઇનસાફનું ત્રાજુ, મીઝાને અદલ, (میزان عدل-balance of justice) ના લેખ સાથનું ચીતાયું છે, જેનાં બન્ને પલ્લાં એકસરખી સપાટીએ લટકે છે, એવુ દેખાડતાં કે બાદશાહનો ઇનસાફ ખાસોઆમ માટે એકસરખો હતો. આને બર્નીઅરના બોલો ટેકો આપે છે કે એશીઆ ખંડના પાદશાહો પોતાની રૈયતને ઇનસાફ આપવા કાજે પુરતું લક્ષ આપતા હતા[1]

આ દીવાનની તારીફમાં ફરગ્યુસન વાજબી લખે છે કે અત્રેની દીવાને ખાસ જો સૌથી સુંદર નહીં તો ખચીત શાહજેહાનની ઇમારતો મધેની સર્વથી ઉત્તમ સણગારેલી અદાલત છે. આગ્રાની 'દીવાને ખાસ' કરતાં તે રોનક તેમજ ઘેરાવામાં ચઢિયાતી છે. તેની અંદર મઢી લીધેલા કીમતી પથરો તેમજ તેની યોજનાની ખુબી માટે તો તે બીન હરીફ છે

"... . and in one (of the small courts) overhanging the river stood the celebrated Dewanni Khas, or private audience hall—if not the most beautiful, certainly the most highly ornamented of all Shah Jehan's buildings. It is larger certainly, and far richer in ornament than that at Agra, though

1 Travels in the Mogul Empire, by Francis Bernier. Vol. I, p 300.

hardly so elegant in design : but nothing can exceed the beauty of the inlay of precious stones with which it is adorned, or the general poetry of the design."[1]

વળી મી૦ કેનના જણાવવા મુજબ શાહજેહાંનની કીમતી ઇમારતોમાંની–તાજમેહેલ સીવાય–સૌથી સુંદર ઇમારત આ દીવાન છે જે તેની રચના, પ્રમાણ અને રોનકમાં પુરી છે.

"This hall is probably the most beautiful of all Shah Jahan's costly buildings, always excepting the Taj Mahal. In design, proportions, and decorations, it is choice to perfection."[2]

આ ખુશનુમા ખાસ દીવાનને તેની રોનક માટેજ જોવાનો નથી, પણ તેની સાથ સંબંધ ધરાવતા અનેક તવારીખી બનાવો વગેરેના ખ્યાલ સાથ તપાસવાનો છે. આજ દીવાનખાનામાં છેલ્લે એક સફેદ મારબલી પ્લાતફોર્મ ઉપર 'તખ્તે તાઉસ' બીરાજતું. અત્રેજ નાદીરશાહના મેઝમાન મોગલ મહમદશાહે તેને મહેમાન તરીકે રાખ્યો હતો. અત્રેજ નાદીરશાહે અને અહમદખાને તેમજ જટ, મરાઠા અને રોહીલા લોકોએ પોતાનો લુટનો દોર મચાવ્યો હતો. અત્રેજ મોગલ બાદશાહ શાહ આલમની આંખનું નુર બેકદર ગુલામકાદીરે છીનવી લીધું હતું. અત્રેજ ૧૮૦૩ માં બ્રીટીશ બહાદુર લોર્ડ લેકે શાહઆલમને પોતાની પનાહમાં લીધો હતો. અત્રેજ ૧૮૫૭ ના મે મહીનામાં બદબખત બળવાખોરોએ બહાદુરશાહ

૧ History of Indian and Eastern Architecture, by James Fergusson, p. 593.

૨ Picturesque India, by W. S. Caine, p. 123.

બીજાને બાદશાહ તરીકે જાહેર કીધો હતો. અત્રેજ ૧૮૫૭ ના સપટેમબર મહીનાના મુબારક ૨૯ મે દીવસે દીલ્હી જીતવા માટે બ્રીટીશ બંદગી થઇ હતી અને અત્રેજ પદભ્રષ્ટ સુલતાન બહાદુરશાહની, બળવાખોરોને મદદ કરવા માટે, ૧૮૫૮ ની શરૂઆતમાં તપાસ થઇ મોગલ શહેનશાહત ઉપર છેલ્લો પડદો પડયો હતો !

'દીવાને ખાસ'ની દક્ષિણે એક નાનું ચોગાન છોડી જતાં બાદશાહી ખાનગી ઓરડા-'ખાબગાહ'(સુવાનો ઓરડો),'તસબીહગાહ'(બંદગી કરવાનો ઓરડો), તથા 'બેઠક'(બેસવા ઉઠવાનો ઓરડો)-માં પહોંચાય છે. એક ઓરડાને કીમતી ગાલીચા અને કસબી પડદાઓથી તેમજ રંગ રોગાનથી શોભાયમાન કીધો છે. ગાલીચા ઉપર કેટલાંક હથીઆરો તથા શેત્રંજનું પાટીયું (chess-board) ખુલ્લાં પડયાં છે. કદાચ બાદશાહ આ ઓરડામાં પોતાનાં રાજઅમલમાં આ બાદશાહી રમત ખેલતા હશે. ત્રણે ઓરડાઓની દીવાલનો સણગાર દીપાયમાન છે. નદી બાજુએ બહાર નીકળી આવેલો એક ઓરડો 'મુસમ્મન બુર્જ' (અથવા octagonal tower) તરીકે ઓળખાય છે.

મોતી મસજીદ.

ખાસ દરબારની આગળ ૧૦ કદમ દુર 'મોતી મસજીદ' (Pearl Mosque)[૧] ઘણી નાની હોવા છતાં રળીયામણી છે. પોતાના પીતાનાં દીવાન નજદીક શાહ અઉરંગઝીબે સને ૧૬૫૯ માં લગભગ પોણા બે લાખે બંધાવેલી આ ઇમારત અત્રે તેની એકલી યાદગારી છે. તેના કાંસા (bronze) ના દરવાજા ઇટાલીઅન કારીગીરીનો નમુનો કહેવાય

૧ "...the daintiest little building in all India, a veritable 'pearl of price'."—Picturesque India, by W. S. Caine, p. 124.

છે. નીચે, ઉપર, થાંભલા તથા ગુંબદ, સર્વે સફેદ સંગેમરમરનું. મસજીદના ચોગાન વચ્ચે સંગેમરમરનો નાનો હોજ તેમજ મસજીદ ઉપર મોલવી સાહેબને વાએજ કરવા માટે ત્રણ પગથ્યાંનો મારબલી વકતાસન (pulpit). મથાળે બે નાના સફેદ સુંદર ગુંબદ વચ્ચે એક મોટો મારબલી ગુંબદ. મઢી લીધેલાં કામ વગરની આ નાની મસજીદ તદન સાદી ને સ્વચ્છ દેખાય છે. આગ્રાના તાજ તથા દીલ્હીના કીલ્લાને દીપાવનાર શાહજેહાને અત્રે એબાદતગાહ માટે કાંઇગોઠવણ કીધી નહી તે લગાર અજબ જેવું લાગે છે; પણ ફરગ્યુસનના જણાવવા મુજબ તેનો સબબ કદાચ આ હોય કે શહેરની જુમા મસજીદ આ કીલ્લાની એટલી નજદીક હતી કે કીલ્લા મધે જુદી એબાદતગાહ બાંધવાનો વીચાર તેણે રાખ્યોજ ન હોય. તે જણાવેછે કેઃ—

"There is no place of prayer, within the palace walls, of the time of Shah Jehan, nor, apparently, any intention of providing one. The Jumma Musjid was so near, and so apparently part of the same design, that it seems to have been considered sufficient to supply this apparently anomalous deficiency."[1]

વળી આ હકીકત ઉપલી બીનાને ટેકો આપે છે કે ખુદ જુમા મસજીદમાં સાધારણ નેમાજીઓ માટે જગ્યા છુટી પાડી છે, ત્યાંજ શાહજેહાન પણ પોતાની પરસતેશ પરવરદેગારને પોંહોચાડતો.

મોતી મસજીદની પછવાડે 'ગુસલખાના'—બાદશાહી હમામખાના (Royal Baths)–તથા 'દીવાને આમ'ની પાછળ 'રંગમેહેલ'ની ઇમારતો

૧ History of Indian and Eastern Architecture, by James Fergusson, p. 602.

હજી હૈયાત છે. પેહેલી બાદશાહી કુટુંબીઓને સનાન કરવા માટે વપરાતી. તેમા સફેદ મારબલની મઢી લીધેલાં કામની એક નેહેર મધેથી પાણી મળતું. તે હાલ 'ટરકીશ બાથ' (Turkish Bath) તરીકે ઓળખાય છે. બીજી ઇમારત અગાઉ બાદશાહી બેગમો (ઝનાના) નો એક મુખ્ય મેહેલ હતો. હાલ તે કીલ્લા મધેના આલા નસીબના અંગ્રેજ અમલદારોની જમવાની જગ્યા (Mess-house) તરીકે વપરાય છે. અસલ તે ખુબ સણગારેલો હતો, તે ઉપરથી તેનું નામ 'રંગ મેહેલ.' હાલ પણ તે શોભાયમાન હાલતમાં જોઇયે છીએ.

'દીવાને આમ'ના બીજા હાથ ઉપર આગળ મુમતાઝમહાલનો મેહેલ હતો તે ઇમારત અસલ જમાનાની કારીગરીના નમુનાનાં સંગ્રહસ્થાન (archaeological museum) તરીકે હમણા વપરાય છે. તેનાં આગલા ભાગમાં મોગલ શેહેનશાહ બહાદુરશાહ બીજાના વખતની અનેક ઇંધાણીઓનો સંગ્રહ છે, તેમાં મુખ્ય, શાહ અને તેની બેગમ ઝીનત મહાલના પોશાક, જવાહીરો તથા લડાયક સામગ્રીઓ વીગેરે છે. બીજો વીભાગ-'તસવીર ખાને,' જેના અંદર મોગલ બાદશાહ-બેગમોની અસલ રંગીન તસવીરો તથા તેની નકલો અને હાથીદાંત (ivory) ઉપરની તસવીરોનો જમેલો છે. અત્રે કુતુબમીનારનો તેના પેહેલા ૭ તબકકાવાળો લેખ સાથનો ફોટો (J51) તે નામાંકીત મીનારની અસલ હાલતનો ખ્યાલ આપવા રાખ્યો છે. સેવટે આ કીલ્લા મધેની હજી પણ દીલપઝીર દેખાતી દીવાનોને ખુદ જોવા પછી ફરગ્યુસનના વીચારો સાથ મળતા થઇશું કે બ્રીટીશ બરાક વચ્ચેના આ મેહેલો જાણે કોઇ પુર્વ ભણીના જવેહરીના મઢી લીધેલાં ઉત્તમ કારીગીરીના કીમતી કામમાંથી છુટા પાડેલા અહીં તહીં વીખરાયલા બેમુલ હીરા માસાલ દેખાય છે.

"Being now situated in the middle of a British barrack-yard, they look like precious stones torn from their settings in some exquisite piece of Oriental jeweller's work and set at random in a bed of the commonest plaster"[१]

---

१ History of Indian and Eastern Architecture, by James Fergusson, p. 594.

પ્રકરણ દશમું.

જાણીતી જુમા મસજીદ—પુરાણા કીલ્લા.

જુમા મસજીદ.

"The Jumma Musjid is a glorious building built by Shah Jehan on high ground."[1]

"The Jama Masjid is without rival among mosques."[2]

શાહજેહાંને ખડક ઉપર બંધાવેલી જુમા મસજીદ ઇમારતના આકારમાં તે શાહની કીર્તિ જાળવે છે.


મસજીદોમાં દીલ્હીની જુમા મસજીદ બીન હરીફ છે. શહેર મધ્યનો ચાંદની ચોકનો પ્રખ્યાત રસ્તો છોડયો કે જમણા હાથ ઉપર જબરદસ્ત—હીંદુસ્તાનમાં મોટામાં મોટી ગણાતી—જુમા મસજીદ તરફનો રસ્તો છે. મસજીદ ત્યાંથી ફાટતા પાંચ રસ્તા—એક દીલ્હી તથા તરકોમાન દરવાજા તરફ, બીજો અજમેર દરવાજા તરફ, ત્રીજો ચાંદની ચોક અને ચોથો અને પાંચમો દીલ્હી ફોર્ટ તરફ—ની પેહરેગીર છે. આગલા અંકમાં જણાવેલા ("most magnificent builder") શાહજેહાંનની આ પણ ૧૦ લાખ રૂપીઆની મુસલમીન ભાઇઓ માટે મોટી નવાજેશ છે. શાહજેહાંને સને ૧૬૩૨માં[3] તેનો પ્રારંભ કર્યો હતો,

---

1 Glimpses of India, edited by J. H. Furneaux, p. 310,

2 Picturesque India, by W. S. Caine, p. 125.

3 Picturesque India, by W. S. Caine, p. 125 and 'Glimpses of India,' edited by J. H. Furneaux, p. 310.



(૮૪ માં પાના સામે.)

જુમા મસજીદ-દીલ્હી.

જ્યારે ૧૬૪૮ સુધી તે તમામ ન થઇ હતી એમ કહેવાય છે.[૧] આગ્રાં ફોર્ટની 'મોતી મસજીદની'જ ઢબ ઉપર પણ તેનાં કરતાં જબરી મોટી એ ઈબાદતગાહ–તેના ઉપરના એક ગંજાવર ગુંબડ આસપાસ બે નાના ગુંબડો તથા છેડે બે ઉંચા મીનારા સાથે– આદમ જાતના મનમાં ઘણો ગંભીર ખ્યાલ ઉતપન્ન કરે છે.

"...it is raised on a lofty basement, and its three gateways, combined with the four angle-towers and the frontispiece and domes of the mosque itself, make up a design where all the parts are pleasingly subordinated to one another, but at the same time produce a whole of great variety and elegance."[૨]

ઉપલી લાઇનોમાં જેમ્સ ફરગ્યુસન જુમા મસજીદનું ખરૂં વર્ણન ટુંકમાં આપે છે. તે એરેવલી ડુંગર (Aravali Hills) ના બેઠા ખડક ઉપર બીરાજી છે. તાંબાનાં પત્રાંથી સજ કીધેલા ત્રણ બાજુના બુલંદ દરવાજામાંથી દાખલ થવા માટે લગભગ બે મજલા જેટલી ઉંચી ૪૦ સીડી ચઢવી પડે છે. એટલી ઉંચાઇએ આવ્યાથી તેના ગુંબડ તથા મીનારા શાહેરનાં તેમજ દુરના ભાગોમાંથી જોઇ શકાય છે. બે દોઢવાંની ત્યાંથીજ રજા ચીઠી ખરીદી કીધલા સામેની ૪૦ ઉંચી સીડીનો દાદર ચઢયા કે ત્યાં બેઠેલા એક અધીકારી બુટ કઢાવી હાથમાજ રાખવા જણાવે છે! સબબ, જો કોઇ બુટને ઉઠાવી જાય તો તેવણ જોખમદાર નહી.

---

૧ Archæological Survey of India, Vol. I, by Major-General A. Cunningham, p. 225.

૨ History of Indian and Eastern Architecture, by James Fergusson, p. 600.

બાદશાહ હુમાયું અને શાહજેહાંન તેમજ મહાન શાહ અકબરની કબરના દર્શન કરતાં જોડા કાઢવા પડતા નથી, જયારે ફતેહપુરસીક્રીના મેહેલ મધેની શેખ સલીમ ચીસતીની કબર તથા દીલ્હી મધેની નીઝામ-ઉદ-દીનની કબર જોતાં બુટ કાઢવાની ફરજ પડે છે. બીજાના ધરમને માન આપવામાં કાંઇ ગેરવાજબી નથી પણ અત્રેની જુમામસજીદ તો પગમાના પાપુશ હાથમાંજ પકડાવે છે। અંગ્રેજોના બાબમાં જાતે જોતાં તેવું માલુમ પડતું નથી. તેઓના બુટ કઢાવી કેનવાસનાં બુટ પહેરાવે છે. દાબા હાથમાં ખાસડાંની જોડ પકડી અંદર દાખલ થયા તો પીઠ પછાળી ઉંચો દરવાજો અને સાંમે મસ મોટી દરગાહ. બન્ને હાથ ઉપર આરકાંવાળા જરૂખા. વચમાં ચાર ખુણાના ૪૫૦ ચોરસ ફીટ ગંજાવર ચોક (quadrangle)–કહો કે નાના સરખાં મેદાન–મધે પાણીથી પુર સુંદર સફેદ સંગેમરમરના એક મોટા હોજ ઉપર પહેલાં નજર પડતાં આંખને ઠંડક મળે છે. આ હોજ તાજમહેલનાં તથા દીલ્હીના કીલ્લા મધેની 'મોતી મસજીદ'નાં હોજ કરતાં ઘણો મોટો છે. હોજના પવીત્ર પાણીથી હાથ મોઢું ધોઇ, મુસલમીન ભાઇઓ નેમાજ કરવા એબાદતગાહ અંદર આવે છે. 'આગ્રા ફોર્ટ'ની શાહજેહાનની 'મોતી મસજીદ' તથા ફતેહપુર સીક્રીના કીલ્લા અંદરની શાહ અકબરની આલીશાન દરગાહ કરતાં આ દરગાહ પુષ્કળ મોટી છે. જુમાને દીને ૧૦,૦૦૦ મુસલમીન તેનો લાભ લેઇ શકે છે. તેના બે ઉમદા મીનારા અને સફેદ મારબલ સાથ લાલ પથરના મિશ્રણ સીવાય દરેક રીતે તે ઉપલી 'મોતી મસજીદ'ની નકલ છે. મારબલી હોજની સામે આરકાંવાળી ૨૬૦ ફીટ લાંબી અને ૧૨૦ ફીટ પહોળી મજબુત એબાદતગાહના વીશાળ 'હોલ'ની ફરસબંદી સફેદ મારબલની બનાવેલી છે. દરેક માણસ ખુશાલ ઘુંટણ મરડી બંદગી કરી શકે તેટલી સફેદ મારબલની સંખ્યાબંધ

જગ્યાને[1] કાળા મારબલની આરકાંરૂપી પાતલી લીટીથી છુટી પાડી છે, જેથી એકેક ભાગ ઉપર એકેક નેમાજી સેહેલાઇથી પડી નેમાજ પઢી શકે છે. સત્તાધારી (officiating) મુલ્લાં સાહેબના જમણા હાથ તરફની એક સાધારણ નેમાજીના વીભાગ જેટલીજ અને જેવીજ જગ્યા ઉપર શાહજેહાંન બાદશાહ પણ બંદગી કરતા! મારબલી દરગાહને મથાળે સંગેમરમરના ત્રણ મોટા ઉંચા ગુંબડો વચમાનો ગુંબડ ગંજાવર છે ગુંબજોની ટોંચને ગીલીટ કીધેલા કંગુરા (spires) થી સણગારી છે સફેદ મારબલથી મઢી લીધેલા લાલ પથરના બે ઉંચા મીનારા મસજીદની રોનકમાં ઉમેરો કરે છે. એબાદતગાહ મધેનું મારબલનું વકતાસન (pulpit) કાજી સાહેબને વાએજ વીગેરે માટે કામ લાગે છે. આ જુમા મસજીદ હીંદુસ્તાનની મોટી બાદશાહી મસજીદ (Royal Cathedral Mosque) તરીકે ગણાતી હોવાથી સરકારે નેમેલી એક કમીટી હસ્તક તેનો કારભાર ચાલે છે જે ઉપર દીલ્હી મહાલના 'ડેપ્યુટી કમીશનર' દેખરેખ રાખે છે. બુલંદ બ્રીતીશ સરકારે મુસલમીન ભાઇઓનાં આ ધરમના ધામની મોટે ખરચે મરામત કરી હતી. થોડાંક વરસની વાત ઉપર રામપોરનાં નવાબની રૂ ૧,૦૦,૦૦૦ ની અને ભાવલપોરના નવાબની મદદથી તેની મરામત કરવામાં આવી હતી. મસજીદની ખુબી વીશાળ એબાદતગાહમાં સમાયલી છે. તેના પુર્વ તરફના એક ભાગમાં સાચવી રાખેલી પએગંબર મહમદની થોડીક અસલી ઇધાંણીઓ (relics) જોવાની કુદરતી જીજ્ઞાસા થાય છે. આવી પએગંબરી પવીત્ર જુની નીશાણીઓમાંની એક પએંબર

---

૧ દરેક વીભાગ ૩ × ૧૫ ફીટનો છે. (Picturesque India, by W.S Caine, p. 126).

સાહેબની પહેરવાની ચંપલ (sandal) તથા બીજી તેવણુને હાથે લખાયલું કોરાનનું એક પ્રકરણ છે. સૌથી વધારે કીમતી તો પએગંબર સાહેબની દાઢીનો એક રાતો બાલ દેખાડવામાં આવે છે !

આ મહાન મસજીદની ખુબી બર્નીઅરના બોલોમાં જણાવ્યે તો તે આ છે. દરેક ભાગ બરાબર યોજેલો, અને એક સરખા પ્રમાણુમાં બાંધેલો છે. આવી કીસમનું દેવલ જો પારીસમાં પણુ બાંધ્યું હોય તો તેની બાંધણીની અજબ જેવી ઢપ તથા અસાધારણુ દેખાવ માટે જરૂર વખાણ પામેઃ—

" ... every part appears well contrived, properly executed, and correctly proportioned. I am satisfied that even in Paris, a church erected after the model of this temple, would be admired, were it only for its singular style of architecture and its extraordinary appearance."[1]

જુમા મસજીદની થોડેક દુર આશરે ૨૦૦ વારને છેટે જૈન હીંદુનું સુંદર દહેરૂં જોવાની સાથે સાથે તક મળે છે. ત્યાં જવાનો માર્ગ ગાડી માટે સાંકડો હોવાથી પગ પરજ જવાની જરૂર છે. એક સદી ઉપર એક જૈન ગ્રહસ્થે તે આશરે ૮ લાખની કિમ્મતે બંધાવ્યું હતું.[૨] રંગીન ગીલીટ તથા કોતરકામ મંદીરને ખુબ દીપાવે છે. એના જરૂખાની ખુબસુરતી તો વખાણુને પાત્રજ છે. અંદર જૈન ધરમ પ્રમાણે અનેક દેવોને તેઓના દરજ્જા પ્રમાણે જગ્યા મળી છે.

---

૧ Travels in the Mogul Empire, by Francis Bernier, Vol. I, p. 317.

૨. Three Days at Delhi, by Major H. A. Newell, p. 15.

પુરાણા કીલ્લા.

દીલ્હી દરવાજો છોડી આગળ જતાં કુતુબમીનાર તરફનો ૧૧ માઇલનો રસ્તો ઇતિહાસિક ઈંધાણીઓથી ભરપુર છે. પહેલાં શુરવંશના શીર શાહના વખતનો દીલ્હીનો ઉત્તર તરફનો લાલ પથરનો દરવાજો-'લાલ દરવાજા'-ઈંદ્રપટ ગામમાં નજર પડે છે. આ છોડી આગળ વધતાં હુમાયું તથા શીરશાહના જમાનાની લગભગ ચાર સદીની બાંધણીનો નમુનો-'પુરાણા કીલ્લા' અથવા 'ઈંદ્રપ્રસ્થ'-જોવા માટે ગાડીમાંથી પહેલું ઉતરવું પડશે. મુસલમીન રાજાઓએ ઈંદ્રપટને બેદરકારીથી તજી દેવા પછી હુમાયું પાદશાહે તેની મરામત કરી મોગલ રાજધાની બનાવી હતી. રામાયણમાં જણાવેલી જાણીતી રણભુમીના પાંચ ગામો[1]-પાનીપટ, સોનપટ, ઇંદ્રપટ, તીલપટ અને બઘપટ-માના ઇંદ્રપટ મધે ઉપલો ખડીયા ખડખડ કીલ્લો હજી હાંફો મારતો ઉભો છે. ઉંચા મજબુત મીનારાઓ અને જાડી સંગીન દીવાલ આસપાસ આગળ એક ખાઇ હતી જેને જમના નદી સાથ સંબંધ હતો. આ કીલ્લાનુ બીજું નામ શીર શાહ ઉપરથી 'શીરગર' પડયું છે. એના ખખડી ગયલા ભાગોની જબરદસ્ત જાડી દીવાલો વગેરેની હાલ મરામત ચાલી રહી છે. બે તવારીખી ઇમારતો અત્રે દેખાડવામાં આવે છે. એક શીરશાહ શુરની 'શીર મસજીદ' અને બીજી 'શીર મંદીર' અથવા 'શીર મંડળ'. પેહેલીના દર્શનનો સુંદર ભાગ દીલ્હીવાનની રંગીન કારીગરીનો ખ્યાલ આપે છે. તેના જરૂખાનો દેખાવ 'આગ્રા ફોર્ટ' મધેના અકબરના મેહેલની કારીગીરીને મળતો છે. તે શીરશાહ શુરે સને ૧૫૪૧ માં બંધાવી હતી. અફગાન અમલની હૈયાત ઇમારતોનો તે એક અતી સુંદર નમુનો

---

૧ Report of the Archæological Survey of India, by Major-General A. Cunningham, Vol. I, p. 135.

ગણાય છે.[૧] બીજી, પઠાણુ પાદશાહ શીરની 'શીર મંડળ'-એ માલની લાલ પથરની ઇમારત, ઉપર એક ખુલ્લા ડેરા (pavilion) સાથની-નાની ગોળ ઇમારત છે. તેની અંદરની સીડી વાટે હુમાયુંના કેતાબખાનામાં[૨] જવાય છે. તવારીખ જણાવે છે કે હુમાયું પાદશાહ પોતાના મેહેલની અગાસી ઉપરથી બંદગી કર્યા બાદ સીડી ઉતરતાં નીચે પડી જવાથી મરણને શરણ થયો હતો, તે આજ 'શીર મંડળ'ની સીડી છે. તેના મરણ વીશેનો ફારસી 'આનાગ્રામ'—(anagram همایون بادشاه از بام افتاد "હુમાયું બાદશાહ અઝ બામ ઉફ્તાદ"=૯૬૨ હીજરી)–હુમાયું પાદશાહ અગાશી ઉપરથી (નીચે) ગબડી પડ્યો—તેના મરણના સાલનો આંક (ઈ. સ. ૧૫૫૬) લગભગ પુરો પાડે છે. એક અજબ જેવા દૈવયોગથી હુમાયુંની આ પ્રાણઘાતક જગ્યા ઉપરથી તેની દુર આવેલી સુંદર કબરનો સૌથી સરસ દેખાવ મળે છે.

---

૧ Report of the Archæological Survey of India, by Major-General A. Cunningham, Vol. I, p. 222.

૨ A Sketch of the History of Hindustan, by H. G. Keene, p. 84.

પ્રકરણ અગ્યારમું.

હુમાયું--નીઝામ-ઉદ-દીન--સફદરજંગ.

હુમાયું.

" The tomb of Humayun Shah, the first of the Moguls who was buried in India, still stands tolerably entire among the ruins of Old Delhi, of which indeed it forms the principal and most striking object."[1] " Its plan is in fact that afterwards adopted at the Taje, but used here without the depth and poetry of that celebrated building "[2]

ઉપર જણાવ્યા મુજબ હુમાયું બાદશાહ મોગલ શહેનશાહતનો પહેલોજ પાદશાહ હતો જેની કબર હીંદુસ્તાનમાં છે, કારણ મોગલ રાજના પાયો નાખનાર તેના પોતા બાબર બાદશાહની કબર કાબુલમ છે. કુતુબ મીનાર તરફની ૧૧ માલઇની કુચ કરતાં રસ્તે ઘણી જોવા લાયક કબરોમાં હુમાયું. શેખ નીઝામ-ઉદ-દીન અને સફદરજંગની કબરોની ઇમારતો મુખ્ય છે. આ હુમાયું (એટલે ભાગ્યવાન) બાદશાહ, અફગાન સરદાર તથા પાછળથી શુર વંશના શહેનશાહ શીરશાહને હાથ બબે વખત મહાત થઇ મોગલ સલતનતનું તાજું તખત ૧૫ વરસ તુલીક ખોહી બેઠો

---

૧ History of Indian and Eastern Architecture, by James Fergusson, p 575.

૨ Ibid, p. 576.

હતો; પણ પાછળથી તેજ વંશના છેલ્લા અફગાન શાહ સીકંદરને સરહીંદની લડાઇમાં સને ૧૫૫૫ માં શીકસ્ત આપી મોગલ મુલકનો પાછો માલેક બની પોતાનું નસીબદાર (=ખુશનસીબ, હુમાયું=હુમા–Phoenix–માફક) નામ ગોયા પુરવાર કીધું હતું. તેજ હાથથી ગયલી મોગલ શહેનશાહતને પાછી તાજી કરનાર આ બાબર બાદશાહનો બહાદુર બેટો અત્રે દીલ્હીમાં દટાયો છે. આજુબાજુ દીવાલોથી ઘેરી લીધેલા એક ઝાંખા બાગ વચ્ચે તેની રળયામણી કબર શહેરથી બે માઇલ દુર છે. તેની રાણી હાજીબેગમે–જેણી પણ પોતાના પતિથી થોડે છેટે પોઢી છે–આ લાલ પથર સાથની સફેદ મારબલી ઈમારતનો આરંભ કર્યો હતો, જે ઇમારતને તેના બેટા અકબરે પુરી કરી હતી. આ ઈમારત માટે ૩૧૫ લાખ ખરચાયલા જણાવવામાં આવે છે. મોગલ વંશની ઇમારતનો સૌથી પહેલો નમુનો આ ઇમારત પુરો પાડે છે. આજ ઇમારતની નકલ શાહજેહાંને 'તાજમહેલ' માટે કરી હતી. ચળકતા સફેદ સંગેમરમરની આ કબર એક ચોખંડા ઉંચા પલાટફોરમને દીપાવે છે. તેની ઇમારતને બહારથી જોતાં તો તે એક ચોરસ (square) જણાય છે, પણ તેના ચાર ખુણાને કાપી કાઢવાથી અંદરથી તે અષ્ટકોનાકૃતિ (octagon) માં ફેરવાઈ જાય છે. વળી ખુણા કાપવાથી થયલી ચાર બાજુ ત્યાંથી ચઢતા ચાર અષ્ટકોન (octagonal) બુરૂજ (towers) ની અકેકી બાજુ બનાવે છે. દીલ્હી મધેની હુમાયુંની કબર, આગ્રાની એતેમાદ-ઉદ-દઉલાની કબર, સીકંદ્રાની શાહ અકબરની કબર, અને લાહોરની બાદશાહ જેહાંગીરની કબરના મીનારા કબરની ખુદ ઇમારતનેજ લાગેલા છે. જ્યારે શાહજેહાંન અને મુમતાઝ મહેલની કબર—તાજ મહેલ—ના ચાર મીનારા કબરની ઇમારતથી અલગ રહી તે આસપાસના સંગેમરમરનાં મેદાનના ચાર ખુણા શોભાવે છે.

ઈમારતનો નીચલો ભાગ તેમજ વચોવચ સુતેલા હુમાયું ઉપરનો લંડનનાં 'સેંટ પોલ'ના દેવલના ગુંબજ જેટલો લગભગ મોટો ગુંબડ સફેદ મારબલમાં સજ થયાં છે. ઇમારતનો બાકીનો ભાગ સફેદ મારબલનાં મઢી લીધેલાં કામ સાથે લાલ પથરનો બનેલો છે. સફેદ સંગેમરમર સાથ રાખોડી રંગના મારબલનું જોડાણ તથા કબર આસપાસની કોતર કામની કોમળ જાળી કબરની શોભા વધારે છે. દક્ષિણનો દરવાજો કબર તરફ જવા માટે મુખ્ય રસ્તો છે, જયાંથી વળી નીચેનાં ભોંયરાંમાં જવાનો માર્ગ છે. ઈમારતને મથાળે ગુંબડ આસપાસના નાના ઓરડાઓમાં અસલ પાઠશાળા હતી. બાદશાહની રાણી હાજીબેગમની કબર આજ ઇમારતનું એક ખુણું રોકે છે. બાદશાહની કબરની આજુબાજુના ઓરડાઓમાં રાજવંશી કુટુંબીઓ-શાહજેહાનના વડા બેટા દારા, શાહઆલમ, બહાદુરશાહના બે ભાઇઓ તથા તેઓના ત્રણ બેટા, શેહેનશાહ જેહાંદરશાહ તથા આલમગીર બીજા-હૈયાતીમાં છુટા પણ મરણ પછી પાસે પાસે સફેદ સંગેમરમર હેઠળ સદાના સુતા છે. ઇમારતને મથાળેથી શેહેરનો દુરનો દેખાવ સારી રીતે નજરે પડે છે. વળી અત્રેથી જમના નદીના પુર્વ કીનારા તરફ દીલ્હીનું નામાંકીત રણક્ષેત્ર (battle-field) જયાં અંગ્રેજ સરદાર લોર્ડ લેક મરાઠાઓને ૧૮૦૩ માં હાર આપી હતી તે રણભૂમિ પણ ઝાડોનાં જંગલ વચ્ચે જોવામાં આવે છે. જેમ દીલ્હીનો કીલ્લો તેમજ આ કબર પણ ૧૮૫૭ ના અભાગ્યા બળવા સાથ સંબંધ ધરાવે છે. છેલ્લા મોગલ શેહેનશાહ બહાદુર શાહે, ઉપલા બંડ પછીની દીલ્હીની પડતી પછી આજ ઇમારતનો આશરો લીધો હતો આશ્ચર્યકારક છે કે મોગલ વંશના પહેલા વારસ બાદશાહની કબર નજદીકજ તેજ વંશનો છેલ્લો શેહેનશાહ

અંગ્રેજ અમલદાર મેજર હડસનને હાથ ૧૮૫૭ ની ૨૨ મી સપટેમબરે વશ થયો હતો !

હુમાયુંની કબર સામે ઈસાખાન–શીરશાહ સુરના રાજના ઉમરાવ–ની કબર અને દરગાહ દેખાડવામાં આવે છે. વળી બાગના એક ખુણામાંના એક ઘર તથા મસજીદના ખંડિયેરને દંત કથા પ્રમાણે શેખ નીઝામ-ઉદ-દીન અવલીઆના રહેઠાણ તરીકે ઓળખાવવામાં આવે છે. અનેક હાદેસાઓનો સાગર પસાર કરનાર આ હુમાયું સુલતાનની કબર તેના પુત્ર અકબરની સીકંદ્રાની અને પૌત્ર જેહાંગીરની શાહદરા ખાતેની કબરો કરતાં તદન સાદી ને સ્વચ્છ છે.

"In mere beauty it cannot of course compare with the Taj, but there is an effect of strength about it which becomes the last resting-place of a Moghal warrior whose life was marked by many struggles and vicissitudes, and most people will probably prefer its greater simplicity to either the son's tomb at Sikandra, near Agra, or the grandson's tomb at Shahdara, near Lahore"[૧]

નીઝામ-ઉદ-દીન.

દીલ્હી શેહેરની નજદીક નીઝામ-ઉદ-દીન નામનું ગામ અને સ્ટેશન દીલ્હી સદર અને દીલ્હી મેન સ્ટેશનોથી પાંચ માઇલ દુર છે. શેખ નીઝામ-ઉદ-દીન નામના એક મુસલ્મીન સાધુનું અત્રે રહેવું હોવાથી તે ગામે શેખનું નામ ધારણ કરી તેની યાદગારી અમર રાખી છે. સ્ટેશન

૧ Delhi Past and Present, by H. C. Fanshawe, p. 230.

નીઝામ-ઉદ્-દીનથી શેખ નીઝામ-ઉદ્-દીન અવલીઆની દરગાહ જોવાનું નજદીક પડે છે. છતાં દીલ્હીથી કુતુબ મીનાર જોવા ગયા તો ઉપર જણાવવા મુજબ દીલ્હીગેટ છોડી તેજ ૧૧ માઇલના રસ્તા વચ્ચે હુમાયું, નીઝામ-ઉદ્-દીન અને સફ્દરજંગની કબરો તથા 'પુરાણા કીલ્લા' અને છેલ્લે કુતુબ મીનાર સાથે સાથે જોઇ લેવાશે. શેખ-ઉલ-ઇસલામ નીઝામ-ઉલ-હક વ ઉદ્-દીન હીંદુસ્તાન મધેના મુખ્ય મુસલમીન મુનિનો એક થઇ ગયો છે, જેથી તેની કબર ઘણી પવીત્ર ગણાય છે. આ શેખ જેને અબુલ ફઝલે 'મહફેલ શેકન' (મંડળી તોડનાર) નો એલકાબ આપ્યો છે તે ગુલામી વંશના બલબન બાદશાહના વખતમાં દીલ્હી આવ્યો હતો, જ્યાં લાંબી જીંદગી ગુજારી ૯૨ વરસની ઉમરે સને ૧૩૨૪ માં મરણ પામ્યો હતો. તેને મુસલમાન લોકો ઘણું માન આપતા હોવાથી તેના દરજ્જાના પ્રમાણમાં તેની ઘોર ઉપર યાદગારી કાયમ રાખી ધાર્મિક લાગણીને અનુસાર તેની ચાલુ મરામત કર્યાં જાય છે. પથરના પહેલા દરવાજામાંથી દાખલ થતાં જમણા હાથ ઉપર નાના તળાવ જેવું પાણીથી ભરપુર એક ટાંકું છે જેને 'ચશમાએ દીલ ખુશ'—દીલને ખુશ કરનાર ઝરા—ની ઉપમા આપી છે. એને વીશેની દંતકથા આ છે કે ટાંકાં અંદરના એક આરકાં વાટે શેખ નીઝામનાં ભોંયરાંમાં જવાનો રસ્તો હતો. ડાબા હાથ ઉપરના ઓરડામાં ગામની નીશાળ મળે છે. ટાંકું છોડી બીજા દરવાજામાં દાખલ થતાં વચોવચમાં શેખ સાહેબ સદાના સુખમાં સુતા છે. ફતેહપુર સીક્રીના કીલ્લા અંદરની શેખ સલીમ ચીસતીની કબર જોતાં જેમ બુટ કાઢવાં પડે છે તેમજ અત્રે પણ. આ કબરની ખુબી આ છે કે કબર આસપાસ ફરતો પહોળો મારબલી ઓટલો અને કબર નીચે ઘોરનાં અંદરના ભોંયરાંમાં મારબલની કોતરી કાઢેલી જાળી છે.

આ જાળી જાણે આ માનવંત મુનિના મોહડાં ઉપર સુર્યનો પ્રકાશ ફેંકવા બનાવી છે. શેખ સલીમ ચીસતીની કબર માફક આ ઘોરને હંમેશ ઢાંકેલી રાખી છે. આસપાસના સંગેમરમરના સંગીનં કટેરા અને ઉપર છીપથી મઢી લીધેલી લાકડકામની છત્ર તેને છાયો આપે છે. સાધુની કબર ઉપરનો 'કેબલેગાહે-ખાસ-ઓ-આમ' (قبلہ گاہ خاص و عام)-દરેક પંકતીના આદમી માટે બંદગીની જગ્યા--નો લેખ તેની પવીત્રાઇનો પુરાવો છે. અત્રે જણાવવામાં આવે છે કે આ પાક શેખની પવીત્ર પનાહમાં તેની પાસેજ પડવાનું મોટું માન સમજવામાં આવતું અને તેથીજ એની આજુબાજુ અનેક રાજવંશી કુટુંબીઓ વગેરે તેની પાસબાની હેઠલ પડયા છે. મુખ્યત્વે મહમદશાહ, શાહજેહાનની બેટી જેહાંનઆરા અને કવી ખુશરોની કબરો શેખની કબરની એક બાજુએ છે. તેની બરાબર પછવાડે મહમદશાહ જેના હાથમાંથી નિર્દય નાદીરશાહે દીલ્હી ખુંચવી લીધું હતું તે શેખના પ્રતિછાવા નીચે પોઢયો છે. મહમદશાહની કબર તરફ જવાના મારબલી દરવાજા તે ઉપરની ફુલની તહરાં તેમજ આસપાસની મારબલી જાળી કોતરકામની કારીગીરીનો નાદર નમુનો છે. આ કબરના એક હાથ ઉપર જેહાનઆરા અને બીજા હાથ ઉપર તેના ખાવીંદ મીરઝાં જેહાંગીરની કબરો જોઇએ છીએ. આગ્રાના કીલ્લા મધે પોતાના પ્રિય પિતા સાથ ખુશીથી બંદીખાનું ભોગવનાર બહાદુર બેટી જેહાનઆરા-સખાવતી દીલ ગુરદો ધરાવનાર એક ચુસ્ત મુસલામી અને દુન્યાનો વફાદાર સણગાર—તેણીની હરીફ બહેન રોશનઆરા બેગમથી ઘણે દુર—સંગેમરમરના એક પથર અંદરથી કોતરી કાઢેલી ઘોર અંદર સદાની સુતી છે જેના ઉપર માંટી નાખી ઘાસ ઉગાડવામાં આવ્યું છે. ત્યાંના એક સુંદર પથર ઉપરના લેખની આ મતલબ છે—જે એક

વાર તેણીએ લખેલા બોલ્ડો હતા એમ કહેવામાં આવે છે—કે શાહજેહાંન બાદશાહની બેટી અને ચીસ્તના ટોળાની પુંઠ ચાલનાર એક ચેલી ગરીબ જેહાનઆરાની ઘોરનો સહુથી સરસ પોશાક લીલું ઘાસજ હોવું જોઇયે. એની બહેન રોશનઆરાને તેણીની હરીફ જણાવવાનો સબબ આ કે શાહજેહાનના બેટા દારા અને અઉરંગઝીબ વચ્ચેની લડાઇમાં જયારે જેહાનઆરાએ પોતાના ભાઇ દારાનું વાજબી વડપણ કબુલ કર્યું હતું ત્યારે તેની બહેન રોશનઆરાએ અઉરંગઝીબની પક્ષ પકડી હતી. શેખ નીઝામની પછાળી ત્રીજી કદીમ કબર નામાંકીત કવી અમીર ખુશરોની છે. આ તગલખી દરબારનો ફારસી રાજ કવી—'ટુટીએ શકર મકાલ' (طوطی شکر مقال - શીરીન ઝબાનનો પોપટ)—શેખ નીઝામ-ઉદ-દીનનો માનીતો મીત્ર હતો તેથી તેના સાથીની શાંત સંભાળ હેઠલજ તેને અત્રે સુવાડયો છે.

શેખની કબરની દાબી બાજુએ એક સુંદર મસજીદ 'ખીઝરી મસજીદ' અથવા 'જમાતખાના', તેના ખાંચાવાળા વાંક સાથના દર્શનના આરકાંઓ તથા કેબલાના આરકાંના કોતરકામથી ખેંચાણકારક દેખાય છે. વળી અમીર ખુશરોની કબર પછાડે 'ચબુત્રા યારાંની'-(چبوترهٔ یارانی-મીત્રોનો ચબુત્રો-seat of friends)—નામનો એક પ્લાટફોર્મ ઉભો કીધો છે, જયાં નીઝામ નામદાર પોતાના દોસ્તદાર સાથે બેસી ગોફતેગો કરતા. નીઝામની કબરવાળાં વચલાં ચોગાનનાં જમણા હાથ ઉપર થોડેક દુર સરદાર અઝમખાન હાથીદાંતનો રંગ ધારણ કીધેલી મારબલી કબર અંદર દટાયો છે. હુમાયું બાદશાહે શેરશાહને હાથ હાર ખાવા પછી તેની જીંદગી આ બહાદુર યોદ્ધા શમ્સ-ઉદ-દીન મહમદે બચાવી હતી તેથી તેને અઝમખાનનો ખેતાબ મળ્યો હતો. સંસારી ખટપટને લીધે અભાગ્યા અદમખાનને

હાથ હાર થઇ તે પણ અત્રે પાક જગ્યામાં પોઢયો છે. 'ચબુત્રા યારાંની'ની સામે એક અમલો 'ચોંસથ ખાંબી' (ચોંસઠ થાંભલાએ.વાળો હોલ) ના નામથી ઓળખાય છે. પચીસ ગુંબડ ધરાવતો આગ્રાના કીલ્લા મધેની 'મોતી મસજીદ'ને મળતો આ એક મારબલી હોલ છે જેની ચારે બાજુ સુંદર કોતરેલા મારબલથી બની છે. આ હોલ મધે અકબરના દુધભાઇ મીરઝાં અઝીઝ કોકલતશ વગેરેની કબરો છે.

સફદરજંગ.

ઔધના પહેલા નવાબ વઝીરનો વારેસ અને અહમદશાહનો વઝીર સફદરજંગ જે ૧૭૫૩ માં મરણ પામ્યો હતો તેની કબરની ઇમારત હુમાયું તથા નીઝામ-ઉદ-દીનની કબર કરતાં વધારે રળયામણી છે. તે દીલ્હીથી ૬ માઇલને અને કુતુબ મીનારથી ૫ માઇલને છેટે છે. આસપાસ ફરતા બાગને, આગ્રાના તાજમહેલ માફક લાલ પથરના દરવાજા આપી, ઉંચી દીવાલોથી ઘેરી લીધો છે. તાજમહેલનો તે આબેહુબ મુકાબલો છે. તાજમહેલના તેમજ હુમાયુંની કબરના ઉંચા પલાટફારમ જેવાજ મોટા ઓટલા ઉપર આ ખુશનુમા કબરની ઇમારત ઉભી છે. શાહજેહાન તેમજ તેની બેગમ મુમતાઝમહાલની અને સફદરજંગની ભોંયરા અંદરની ખુદ કબરો વચ્ચે ફરક છે. જયારે પહેલાં બેની ભોંયરાંની કબરો તેના લેખ સાથ મારબલથી મઢી લીધી છે, ત્યારે સફદરજંગની તે કબર તેની મટીની અસલ હાલતમાં જોવામાં આવે છે તે જોવા કાજે ઉપર જણાવેલા ઉચા ઓટલાની સીડી વાટે ભોંયરાંમાં ઉતરતાં ધુળના ઢગની તેની અસલ હાલતની કબર જોઇએ છીએ. પણ સીડી ચઢી પાછા ઉપર ચઢયા તો તે મટીની કબર ઉપર મારબલની નકલી કબર નિહાળયે છીએ. અત્રે વપરાયલા સફેદ અને તપકીર્યા રંગના મારબલનું મિશ્રણ ખેંચાણકારક

છે. વળી બીજી સીડી વાટે હજી ઉપર ચઢયા તો મથાળે તાજમહેલ માફક વચોવચમાં ૪૦ ફીટ ઉંચા મોટા ગુંબદ આસપાસ ચાર મારબલી મીનારા આજુબાજુને દમામદાર દેખાવ રજુ કરે છે. સફદરજંગની સાફ કીધેલા સુંદર સંગેમરમરની કોતરકામની કબર ઇમારતના વચલા ભાગમાં સારી રીતે જળવાઇ રહી છે. ત્યાંથી આઠ ઓરડા-ચાર ચોરસ અને ચાર આઠ ખુણાની આકૃતિવાળા-માં જવાય છે. આ ઇમારતના કંપાઉન્ડ મધેના ફુલોના બગીચા તથા ઘાસની લીલી ચાદર (lawn) વચ્ચે ઉડતા ફાંકડા ફુવારાઓને ઠંડક આપનારો દેખાવ જાણે આ ઇમારતને બગીચા સાથના મેહેલમાં ફેરવી નાંખે છે. અત્રેનો બાગ હુમાયુંની કબરની ઇમારતના બાગ કરતાં ઘણે દરજ્જે સારો ને દીલખુશ છે. કદાચ તે મી० ફનશાની વાજબી સુચનાનું પરીણામ હોય. સબબ કે આ બન્ને કબ્રસ્તાનના બાગોને વધારે દીલખુશ બનાવવા પોતાની કેતાબના દીબાચામાં સને ૧૯૦૨ માં તે નીચે મુજબ સુચના કરે છે:—

"It would be out of place to specify in this Preface the various buildings round Delhi which need the immediate attention of Government, and I will only urge, therefore, that money should be spent to make the gardens at the Mausoleum of the Emperor Humayun and of Nawab Safdar Jang at least as pleasing as those of the Khusru Bagh at Allahabad, and the Sikandara Tomb near Agra"[1]

---

૧ Delhi Past and Present, by H. C Fanshawe, Preface pp. XIII-XIV.

જંતર મંતર.

કુતુબ મીનાર તથા કુતુબ મસજીદ જોઇ પાછા ફરતાં દીલ્હી શહેરથી બે માઇલ દુર, સફદરજંગની કબર અને અજમેર દરવાજા વચ્ચે જેપુર સંસ્થાનના સ્થાપક રાજા સેવાય જયસીંગ–જે ઉપરથી તે શહેરનું નામ જેપુર[1]–ની આજ્ઞાથી ઉત્પન્ન કરે એવી છુટી છુટી બાંધણીની વેધશાળા (observatory) આવી છે. તેને 'સમરતયંતર' અથવા 'જંતરમંતર' નાં નામથી ઓળખવામાં આવે છે તે મહમદ-શાહનાં રાજમાં સને ૧૭૨૪ નાં સાલમાં આકાશી સેતારાની ચાલ (ascension and declension) વીગેરે માપવા કાજે બાંધવામાં આવી હતી. ભુમધ્ય રેષાની તકતી (equatorial dial) આસપાસનું મારબલી કામ જેના ઉપર અંશ (degrees) દેખાડવામાં આવ્યા હતા તે સર્વ નાશ પામ્યું છે. પણ મધ્ય તકતી હજી હેયાત છે. એક ઉપર એક ગોલાકાર ડોલની નાટકશાળા (amphitheatre) ના આકારની એકેક ઉપર એકેક મળી ત્રણ આરકાંવાળી બે ગોળ ઇમારતો–પહેલી, વરસના ગરમીના ૭ મહીના માટે, જયારે બીજી, શીયાળાના માસ માટે–તારાના ચઢાણ ઉતરાણ (altitude and azimuth) દેખાડવા કાજે બનાવી હતી. અહીંથી થોડે દૂર માધોગંજ નામનાં ગામની જાગીરી હજી જેપુર સંસ્થાનને હસ્તક છે. આ ઇમારતોને જટ તથા બીજાઓએ કેટલુંક નુકસાન પુગાડયું હતું, પણ દીલ્હી મધે સને ૧૯૧૧ ની નામવર સરતાજ શહેનશાહ જીઓર્જની યાદગાર આમદનાં માનમાં, જયસીંગના વંશજ તે હાલના જેપુરના મહારાજા સાહેબે તેને મરામત કરી સારી હાલતમાં મેલી છે.

---

૧ જેપુર શહેરનાં ટુંક વર્ણન વિષે જુવો છેવટે આપેલી પુરવણી (Appendix B.)

પ્રકરણ બારમું.

તગલખ-આબાદ–કીલ્લા રાય પીથોરા–ચાંદની ચૉક.

તગલખ-આબાદ.

તગલખ વંશના પહેલા પાદશાહ ગ્યાસુદીન તગલખે વસાવેલાં શહેર તગલખ-આબાદ તથા તેનો જુનો કીલ્લો દીલ્હી શહેરથી ૯ માઇલ દુર છે. શહેર એક અરધાંષ્ટ-કોણાકૃતિ (semihexagon) ના આકારમાં ચાર માઇલનાં ચક્કરનો સમાવેશ કરે છે. તવારીખ જણાવે છે કે બંગાલામાં કાંઇ બખેડો જાગવાથી ગ્યાસુદીન ત્યાં ગયો હતો. તેના બેટા ઉલુગખાને-પાછળથી સુલતાન મહમદ તગલખે-એક લાકડ કામનો મંડપ પોતાના બાપને બંગાલથી પાછા ફરતાં આવકાર આપવા અર્થે ઉભો કીધો હતો. સુલતાન ગ્યાસુદીનના દાખલ થતાંજ આ અભાગ્યો મંડપ આખો તેના દીલ ઉપર પડવાથી તે મોતને શરણ થયો હતો. ઉલુગખાન તે આગમજનો બહાર નીકળી પડ્યો હતો, તે ઉપરથી તવારીખ નવેશો પીતાના ખુનનો કલંક આ બદબખત બેટાના કપાળે ચોંટાડે છે. એક દંતકથા આ છે કે તગલખ-આબાદ બાંધતી વખતે શેખ નીઝામ-ઉદ-દીન અવલીઆના માણસોને ફરજ્યાત રોકવામા આવ્યાં હતાં. આ ઉપરથી શેખે પોતાનો ગુસ્સો જાહેર કર્યો હતો તગલખશાહ આ બાબદ વીશે બંગાલમાં વાકેફ થતાં દીલ્હીમાં પાછો ફરવા પછી શેખને આ ગુસ્સાનું પરીણામ તે ચખાડશે એમ જણાવ્યું હતું. શાહનો આ ઠેડાવ શેખને કાને પડતાં તેણે આગાહી કીધી હતી કે શાહ કદી દીલ્હી જીવતો પાછો ફરશે નહીં.[1]

---

1 Archæological Survey of India, by Major-General A. Cunningham, Vol. I, pp 214-215.

લાલ પથરની ઢળતી દીવાલ તથા મથાળે આશરે ૮૦ ફીટ ઉંચા ગુંબડ સાથના કીલ્લા અંદર પોતાની બેગમ અને બેટા મહમદ તગલખને એકેક પાસાંમાં લેઇ આ પુરાણા શહેરનો પરવરતાવનાર પાદશાહ નિર્દોષ નિંદમાં પોઢયો છે. પહેલાં આ કબર આસપાસ કીલ્લા અંદર એક બનાવતી તળાવ હતું. બીજા બાદશાહોની બાગ વચ્ચેની આરામગાહ સાથ આ યોધ્ધાની કીલ્લા મધેની કદીમ કબર સરખાવતાં તે બીન હરીફ માલમ પડે છે:-

" His tomb, which was finished at least, if not built, by his successor, instead of being situated in a garden, as is usually the case, stands by itself in a strongly-fortified citadel of its own, surrounded by an artificial lake. The sloping walls and almost Egyptian solidity of this mausoleum, combined with the bold and massive towers of the fortifications that surround it, form a model of a warrior's tomb hardly to be rivalled anywhere, and in singular contrast with the elegant and luxuriant garden-tombs of the more settled and peaceful dynasties that succeeded "[૧]

કાળા (કલાન) મસજીદ.

અજમેર દરવાજા મધેથી સીતારામ બઝાર પસાર કરી જમણા હાથ ઉપર તર્કોમાનગેટ નજદીક 'કાળા' (કાળી) અથવા 'કલાન મસજીદ'

---

૧ History of Indian and Eastern Architecture, by James Fergusson, p. 514.

(મોટી મસજીદ) આવી છે. ફીરોઝશાહે વસાવેલાં ફીરોઝ-આબાદ નામના શહેરની એ મુખ્ય મસજીદ ગણાય છે. તેના રાજમાં ખાન જેહાન નામના છેલ્લા વઝીરે તે ચૌદમી સદીનાં આખેરીએ બાંધી હતી. ઉંચા સીડી ચઢયા તો અંદરથી ત્રણુ બાજુએ આરકાંવાળા જરૂખા અને ચોથી બાજુ ૧૫ આરકાંવાળી તેટલાજ ગુંબડ સાથની એબાદતગાહ. મસજીદનું મજબુત કામ અને અંદરનાં બાજુથી ઢળાવવાળી દીવાલ ધ્યાંન ખેંચનારાં છે.

"The plain but massive appearance of the walls is highly suggestive of strength and solidity, which is fully borne out by the excellent state of preservation of this old building after a lapse of nearly five centuries."[1]

પાંચ સદી સુધી તે સારી હાલતમાં જળવાઇ રહેવાથી તેની દીવાલો જો કે સાદી પણ હજી મજબુત અને સંગીન છે.

'કલાન મસજીદ'ની થોડે દુર બે ઇતીહાસીક નર-નારીની કબરો આવી છે. પહેલી તર્કમાનશાહ-જે મુસલીમ રાજની શરૂઆતમાં એક બુદ્ધમુનિ થઈ ગયો છે અને જેના નામ ઉપરથી આગલાં પ્રકરણુમાં જણાવેલો દીલ્હીનો એક દરવાજો 'તરકામાન ગેટ' તરીકે ઓળખાય છે તે-ની કબર અને બીજી હીંદુસ્તાનની પહેલી શેહેનશાહબાનું સુલતાના રઝીઆબેગમની.

કીલ્લા રાય પીથોરા.

દીલ્હીથી દશ માઇલ દુર કુતુબ તરફના રસ્તા ઉપર અનંગપાલના 'લાલ કોટ'ની ઉત્તર-પુર્વે કીલ્લા રાય પીથોરા નામનો અસલ

---

૧ Archæological Survey of India, by Major-General A. Cunningham, Vol. I. p. 221.

હીંદુ કીલ્લો પ્રોથ્વીરાજે મુસલમીન હુમલા સામે બાંધ્યો હતો. કુટુબ-ઉદ-દીને પ્રીથ્વી રાજાને થાનેશ્વરની બીજી લડાઇમાં સને ૧૧૯૩ માં હાર આપી દીલ્હી જીત્યા બાદ આ કીલ્લાને હાથ કીધો હતો. કીલ્લા અંદરના અસલ હીંદુ મદીરે હાલ મુસલમીન મસજીદની જગ્યા લીધી છે. મસજીદના થાંભલા હજી હીંદુ રાજનો ખ્યાલ આપે છે, જયારે તેઓ આસપાસની દીવાલ મુસલમીન ઢબનો પુરાવો રજુ કરે છે.

દીલ્હી શહેર મધેના દીલ્હી ફોર્ટ તથા જુમામસજીદ તેમજ શેહેર બહારના પુરાણા કીલ્લા, કુતુબ મીનાર તથા કુતુબ મસજીદ, હુમાયું, નીઝામ-ઉદ-દીન અને સફદરજંગની કબરો ઉપરાંત તગલખ-આબાદ વીગેરે અમલાઓ થોડીક ધીરજથી જોવા પછી ફાજલ પડતા વખતે આ પુરાણા શહેરની અંદરના સાધારણ પણ કેટલીક તવારીખ સાથ સંબંધ ધરાવતી જગ્યાઓ જોવાની મહેનત વ્યર્થ જશે નહી. સેંટ જેમ્સનું દેવળ, મેતકાફ હાઉસ, નીકલસન, કુદસીઆ અને રોશનઆરા બાગો, મ્યુતીની મેમોર્યલ અને લોકને મોઢે ચરવાયલા ચાંદની ચોક વીશે એ લાઇન કદાચ બસ થશે. કાશમીર ગેટથી થોડે દુર કલનલ જેમ્સ સ્કીનરે આશરે એક લાખની કીમતે બંધાવેલું એક જુનુ પ્રીસતી દેવળ તેના નામથી સેંટ જેમ્સના દેવળ તરીકે ઓળખાય છે. તેના ગુંબડ ઉપરના આગલા 'બોલ' અને 'ક્રોસ' ૧૮૫૭ ના બળવા વખતના રૂઝાયા વગરના જખમો સાથે હજી દેવળમાં એક બાજુએ પડેલા છે. આજ દેવળના એક ભાગમાં કલનલ સ્કીનર, તથા તેના કબ્રસ્તાન મધે સર ટી. ટી. મેટકાફ, હીંદી ભુમીના અંધારા ભંડારમાં હંમેશના પડયા છે. મેજર એચ. એ. ન્યુઅલ જણાવે છે કે કલનલ સ્કીનરે આ પ્રીસતી દેવળ ઉપ્રાંત એક હીંદુ મંદીર અને મુસલીમ મસજીદ બાંધ્યાં હતાં!

સર ટી. મેટકાફે બંધાવેલું 'મેટકાફ હાઉસ' નામે જાણીતું ઘર ઉપલા બળવા વખતે ઉપયોગી થઈ પડયું હતું, કારણ તેના ભોંયરાં અંદરના આરબ્રઓએ દીલ્હી શેહેરમાંથી નાઠેલા ઇંગ્રેજોને તે વખતે આશરો આપ્યો હતો. દીલ્હીના આ કમીશનરે તે શેહેરના હુમલા વખતે લશકરને પણ સારી મદદ કરી હતી. કાશમીરી દરવાજાના બુરૂજ ઉપર સત્તાવનના ગમખાર બળવા વખતે હુમલો લઇ જનાર જેનરલ જોન નીકલસન જે પાછળથી બંદુકની એક પ્રાણઘાતક ગોળીથી લાહોરગેટ નજદીક લાઇલાજ થઇ માર્યો ગયો હતો તેનું બાવલું અત્રે 'રીડ્જ' તરફ જવાના રસ્તા ઉપર નીકલસન બાગ (Nicholson Gardens) નામે ઓળખાતા બાગ મધે ગોઠવાયું છે. વળી આજ દરવાજાની બહાર અર્ધા માઇલ ઉપર આવેલો એક બાગ કુદસીઆ બાગને નામે જાણીતો છે, સબબ કે તે અહમદશાહની માતા કુદસી બેગમે બનાવ્યો હતો. તેનો ભાંગેલો દરવાજો અને સુંદર મસજીદ ગમખાર બળવાની યાદ આપે છે. કાશમીર ગેટથી બે માઇલ દુર શાહજેહાનની બેટી અને આગળાં પ્રકરણમાં જણાવ્યા મુજબ અઉરંગઝેબની માનીતી બહેન રોશનઆરાનો તેના નામનો અત્રેનો ત્રીજો ખુબસુરત બાગ છે જેનાં ઝાડના છાયા હેઠળ તેણી—જેહાનઆરાની જમ—અંત વીનાની ખાબમાં પડી છે.

મ્યુટીની મેમોરીઅલ.

કાશમીર ગેટથી આશરે એક માઇલ દુર એરેવલી પહાડની છેક ઉત્તર તરફની જગ્યાના એક ખડકી ભાગે અત્રે 'રીડ્જ'નું નામ ધારણ કીધું છે. આ અનુકુલ જગ્યાએથી ૧૮૫૭ ના ઘેરા વખતે બ્રીટીશ તોપો દીલ્હી શેહેર સામે છોડવામાં આવી હતી. અત્રેજ ફીરોઝશાહે ૧૪ મી સદીમાં ઉનાળાના ઉતારા માટે એક મેહેલ બાંધ્યો હતો. સતાવનના

સંતાપજનક બળવા વખતે મરણ પામેલા બ્રીટીશ તથા દેશી બહાદુરો વીગેરેની યાદમાં અત્રે ઉંચાણમાં બગીચાની એક યાદગારી (Mutiny Memorial) ચાર તબકકેનાં ૧૧૦ ફીટ ઉંચા ટાવરની માફક બાંધી છે એની બાજુએ ઉપર મારબલ વીગેરેની તકતીઓ વફાદાર બ્રીટીશ અને હીંદી બહાદુર યોધ્ધાઓની યાદગારી અમર રાખે છે

ચાંદની ચોક.

ચાંદની ચોક (Silver Street) નો પ્રખ્યાત લત્તો દીલ્હી શેહેરમાં થોડા દહાડા રહ્યા તો વારંવાર પેસાર કરવો પડશે. દીલ્હીની તવારીખ લખનાર મી૦ ફનશા જણાવે છે તેમ કમનસીબે આ એક વખતનુ વીખ્યાતી પામેલું પુર્વનું બજાર પોતાનું પુર્વપણું લગભગ ખોહી બેઠુ છે. એક બાજુથી શહેરના લાહોર ગેટ અને બીજી બાજુથી દીલ્હી ફોર્ટના લાહોર ગેટની વચે પોણો માઇલ લાંબું આ વખણાયલું દીલ્હીનું મોટામાં મોટું બઝાર આખો દીવસ લોકોની ધમાલથી ધમધમી રહે છે. ૫૦ વાર પોહોળા રસ્તા વચ્ચે-લાંબા ફુટપાથ ઉપરના ઝાડોના છાયા આસપાસ -બે બાજુ દોડતી ત્રામ ગાડીમાં બેસી આ બહોળાં બજારની ધમાલનો ઉડતો ખયાલ લઇ શકાશે. સોના રૂપાના દેશી દાગીના, હાથીદાંત તેમજ સુખડકામની કારીગીરીના સેંકડા બલકે હઝારો રૂપીઆના અંકક દુકાને એકઠા કીધેલા નમુનાઓને ખચીત ખરીદી ન શકાય તો જોઇ શકાશે. સોના અને રૂપાનાં ભરતકામના હુન્નરના ધામ માટે આ બાદશાહી બજારે આખા હીંદુસ્તાનમાં નામના મેળવી છે.[૧] દીલ્હીમાં આ સર્વ હુન્નરના સ્થાપક તરીકેનું માન મી૦ કેન, અકબરના વઝીર અબુલ

[૧] મોગલ જમાનાના કારીગરોનાં હુન્નર વીશે વાંચો "Travels in the Mogul Empire". by Francis Bernier. Vol. I, pp. 294-95.

ફઝલે લખેલી 'આઇને અકબરી' પ્રમાણે, શાહ અકબરને અર્પણ કરે છે.[1]

જેટલી નામના દેશી બનાવટના દાગીનાઓના બજાર તરીકે આ ચતુર ચોકે મેળવી છે તેટલોજ કાળો ડાઘ તેના કંગાલ કપાળ ઉપર ૧૯૧૨ ના બારમા મહીનાએ ચોંટાડયો છે! વીસમી સદીના બદબખ્ત બારમા સાલમાં હીંદના દુર અંદેશ ખેરખાહ માનવંત વાઇસરાય લોર્ડ હારડીંજ ઉપર તેની દીલ્હી શેહેર મધેની બાદશાહી આમદ (State Entry) વખતે આજ ચંડાળ ચોક તરફથી એક બંબ ફેંકાયો હતો. કોઇ કમબખ્ત કંગાલના આ કરપીણ કામને કુદરતની કરામતે યારી આપી નથી એ હીંદનું સુભાગ્યજ છે. ૧૯૧૧ ના શેહેનશાહી ઢંઢેરા મુજબ નવાં શેહેર માટે, કુટુબ તરફ જતાં શેહેર બહાર, નવા રસ્તા વીગેરે હાલ બનાવવામાં આવે છે. ચાંદની ચોક અને દીલ્હી સ્તેશન વચ્ચેનો રાણીનો બાગ (Queen's Gardens) રખડપટ્ટી પછી મુસાફરને રાહત આપે છે. તેની અંદરની સુંદર ઇમારત એક લાયબ્રરી, મ્યુનીસીપલ ઓફીસ, મ્યુઝીઅમ અને પબ્લીક હોલ ધરાવે છે.

છઠ્ઠાં પ્રકરણમાં જણાવ્યા મુજબ છેક મહાભારતના જમાનાથી રાજ્ય ધામની પદવી પામેલું આ પુરાણું શેહેર દીલ્હી, હીંદુ, મુસલમીન વગેરે લોકના હાથમાંથી સદીઓ ઉપર પસાર થવા છતાં તેનો દમામી દોર છોડી શકયું નથી! બેશક મેજર ન્યુઅલના શબ્દો પુરવાર થયલા માલમ પડે છે કે-"The Imperial City which crowns India's Emperors is not destined to occupy a secondary position."—આ બાદશાહી શહેર જે હીંદના શહેનશાહોની તાજ પોશી કરે છે

---

૧ Picturesque India, by W. S. Caine, pp. 141-142. દીલ્હીના દેશી કારીગરોના હુંન્નર બાબે વાંચો એજ ચોપડીનાં પા. ૧૪૧-૧૪૪.

તે પહેલી પંક્તીના શહેર તરીકેજ સરજાયલું છે! આવી રાજ-તવારીખ હીંદના બીજાં એક પણ શહેરની નથી. ગોયા કુદરતે એને રાજ્ય ધામ તરીકેજ સરજેલું લાગે છે. છેવટે, જ્યારે આપણા નામવર સરતાજ પ્રતાપી પાદશાહ પાંચમા જ્યોર્જે—જેના ઇનસાફી રાજમાં આપણું સર્વ સુખ સમાએલું છે—એને અંતે અંગ્રેજી રાજધાનીનો પણ અનુપમ એલકાબ આપ્યો છે તો દુવા ગુજારીશું કે બ્રીટીશ બુલંદ બળનો વિખ્યાત વાવટો આ ઇતિહાસિક અસલ શહેરની અગ્રગી જાળવતો અત્રે હમેશ ઉડતો રહે! આમીન!

APPENDIX A
પુરવણી એ.
તાજ મેહેલની ખુબીના ફકરાઓ.

I

" Thus the wife of Shah-Jehan, so renowned for her beauty, and whose splendid mausoleum is more worthy of a place among the wonders of the world than the unshapen masses and heaps of stone in Egypt, was named Tage-Mâhil, or the Crown of the Seraglio." (Travels in the Mogul Empire, by Francis Bernier, translated from the French, by Irving Brock. Vol. I, p. 5).

II

" Nevertheless the edifice has a magnificent appearance, and is conceived and executed effectually. Nothing offends the eye ; on the contrary it is delighted with every part, and never tired with looking. The last time I visited Taje-Mâhil's mausoleum, I was in the company of a French merchant, who, as well as myself, thought that this extraordinary fabric could not be sufficiently admired. I did not venture to express my opinion, fearing that my taste might have become corrupted by my long residence in India ; and as my companion was come recently from

France, it was quite a relief to my mind to hear him say, that he had seen nothing in Europe so bold and majestic." (Travels in the Mogul Empire, by Francis Bernier, Vol. I, p. 336).

III

" ... I leave you to judge whether I had not sufficient ground for asserting that the mausoleum of Taje-Mâhil is an astonishing work. It is possible I may have imbibed an Indian taste ; but I decidedly think that this monument deserves much more to be numbered among the wonders of the world than the pyramids of Egypt, those unshapen masses which, when I had seen them twice, yielded me no satisfaction; and which are nothing on the outside but heaps of large stones piled in the form of steps one upon another, while within there is very little that it is creditable either to human skill or to human invention." (Travels in the Mogul Empire, by Francis Bernier, Vol. I, p. 340).

IV

" Though the tombs, with the remains of their enclosures, are so numerous throughout all India, the Taje Mehal, at Agra, is almost the only tomb that retains its garden in anything like its pristine beauty, and there is not perhaps in the whole world a

scene where nature and art so successfully combine to produce a perfect work of art as within the precincts of this far-famed mausoleum." (History of Indian and Eastern Architecture, by James Fergusson, p. 575).

V

" As it is, no words can express the chastened beauty of that central chamber, seen in the soft gloom of the subdued light that reaches it through the distant and half-closed openings that surround it. When used as a Barrah Durrie, or pleasure palace, it must always have been the coolest and the loveliest of garden retreats, and now that it is sacred to the dead it is the most graceful and the most impressive of the sepulchres of the world." (History of Indian and Eastern Architecture, by James Fergusson, p. 598).

VI

" With the Jumna in front, and this garden with its fountains and gateways behind ; with its own purity of material and grace of form, the Taje may challenge comparison with any creation of the same sort in the whole world. Its beauty may not be of the highest class, but in its class it is unsurpassed " (History of Indian and Eastern Architecture, by James Fergusson, p. 599).

VII

" The famous Taj Mahal is probably the most renowned building in the world" (Picturesque India, by W. S. Caine, p. 209).

" Words are worthless in describing a building which, as a whole -whether in its details, its surroundings, its exterior, or its interior—is absolutely faultless." (Ibid, p. 211).

VIII

" In truth, it is difficult to speak of what has been so often described, the charm of which remains, nevertheless, quite indescribable... In all the world no queen had ever such a monument... Admiration, delight, astonishment, blend in the absorbed thought with a feeling that human affection never struggled more ardently, passionately, and triumphantly against the oblivion of death... He (Shah Jehan) has immortalised, if he could not preserve alive for one brief day, his peerless wife." (Sir Edwin Arnold quoted by Mr. W. S. Caine, in his " Picturesque India", pp. 212, 213, 214 and 216).

IX

" We perceived at a considerable distance this diamond of the buildings of the world, which from

the dazzling whiteness of the marble, of which this magnificent sepulchre is built, looks like an enchanted castle of burnished silver" (Travels in India, by Captain Leopold Von Orlich, translated from the German, by H. Evans Lloyd, Esq., Vol. II, p 45).

X

" No photograph or plan can give an adequate idea of the Taj...It must be seen to be appreciated, and those who look upon it never grasp, until afterward, the beauty of the design, the skill displayed by the workmen, or the splendour of the materials of which it is constructed. 'You see it with the heart, before the eyes have time to gaze.' There is a secret in the fascination of the Taj which is not easily explained. It seems to appeal most to the fancy, and has an individuality of loveliness, a peculiar beauty, an indefinable tinge of evanescence, which seem to remove it far from the category of ordinary architectural works" (Glimpses of India, by a corps of well-known writers, edited by J. H. Furneaux, pp. 298-300).

XI

" Yet, masked by the modern garden and consecrated by the repose of the whole scene—glittering,

gleaming, distinguished—there is something about the Táj, as we now see it, which is perhaps unequalled by any building in the world for that mysterious fascination which we express by the single short word 'charm.'" – (A Sketch of the History of Hindustan, by H. G. Keene, pp. 214-15.)

XII

"દુન્યાની નવાઇ, હીંદની ગરૂરી, આગ્રાની મોહતાઇ, મુસાફરની અજાએબી આ તાજમહાલમાં છે, એ મકાણુનો ખ્યાલ આપવો એ એક મુસાફરને માટે અતી મુશકેલ કામ છે" (ઊત્તર હિંદમાં થોડાક દીવસો-કર્તા, શેરાબ પે. ન. વાડીઆ, ૧૮૯૪–પાંનુ ૩૭.)

XIII

"પ્રિન્સ અને પ્રિનસેસે આ જગપ્રસિદ્ધ અજાયબીની મુલાકાત દિવસે લીધી હતી, પણ રાત્રે ચંદ્ર પ્રકાશતો હોય તે વેળા તેને જોવાની મજાહ ઓર છે એમ સાંભળીને એ નામદારોએ રાત્રે પણ આ તાજની ભેટ ખાનગી રીતે લીધી હતી, કે જે વેળા ચંદણીમાં તેનો ગુમ્મજ ચાંદી પેરે પ્રકાશતો હતો. આ 'સફેદ અજાયબી' હિંદની કારીગરીનો સર્વથી નાદર નમુનો છે, અને જે તેને જોય છે તેને તે આંજી નાખે છે." (રાસ્ત ગોફ્તારનો તાજપોશી ગ્રંથ, ૧૯૧૧–પા. ૪૬).

APPENDIX B.

પુરવણી બી.

જેપુર વિષે બે બોલ.

જેપુરના હાલના રાજાના બગીચા વચ્ચેના સાત મજલાના મેહેલ-જેને અંદરથી જોવાની રજા મળતી નથી-ની બાજુમાં અગ્યારમાં પ્રકરણમાં જણાવેલી કીસમનીજ બલકે તેથી મોટી વેધશાળા (observatory) સંપુર્ણ હાલતમા હાલ હસ્તી ધરાવે છે.[1] તે સાધારણ માણસ કરતાં ખગોળ વિધ્યા જાણનારા અભ્યાસીઓ (astronomers) માટે અભ્યાસનું ઉપયોગી સાધન થઇ પડે. જેપુર શેહેરના સંબંધમાં અત્રે જણાવવાનું કદાચ અનુકુળ થઇ પડશે કે તે શેહેરનું આલબર્ટ મ્યુઝીઅમ (Albert Museum) મુલાકાત માટે ખચીત લાયકાત ધરાવે છે.[2] મુંબઇ તથા વડોદરાના મ્યુઝીઅમો કરતાં તો તે ત્રણે દરજજે ચઢીયાતું લાગે છે. જેપુર શેહેરમાં દાખલ થતાંજ 'યાદગાર' ના નામથી ઓળખાતી ઉતારાની જગ્યા (King Edward Memorial)ની બરાબર સામેજ 'રામનીવાસ' નામના વીશાળ બાગ વચ્ચે આ સુંદર મ્યુઝીઅમની ત્રણ મજલાની ઇમારત આવી છે. ભોંયતળિયે તેમજ પહેલા માળ ઉપર જુદી જુદી જણસોનો જબરો જમાવ રાજા સાહેબે એકઠો કીધો છે. તે બારીકીથી જોવા માટે એક આખો દીવસ જોઇયે. બીજા તથા ત્રીજા માળો અગાસીરૂપે છે. ઉપર ચાર ખુણામાં સફેદ મારબલના નાના ઝરૂખારૂપી 'ટાવરો' છે, જયાંથી શેહેરનો ગીચ વસવાટ એકી વખતે નજરે પડે છે. મ્યુઝીઅમની ઇમારતની દીવાલો ઉપર બહારની બાજુએ સાલના અનુક્રમે અસલથી હાલ સુધીના જેપુરના મહારાજાઓના આખા કદના (life-size) ચીતારો ભાતભાતના

---

૧ જુવો પાનું ૧૦૦.

૨ "આ મોયુઝીઅમ કલકતા અને લકનોનાં એવાં સંગ્રહની બરોબરનું યા કોઇક વીભાગમાં ચઢયાતું છે," ઉત્તર હિંદમાં થોડાક દીવસો-શોરાબ પે. ન. વાડીઆ, પા. ૪૧.

રંગમાં ચીતારેલા છે; તેમજ ત્યાંના અસલ ગ્રીક, રોમન, ઇજીપશીઅન વીગેરે દેખાવોના દીલખુશ ચીત્રો, હીંદી ચીત્રકળાના નમુનાનો સંગ્રહ પુરો પાડે છે. બરમીઝ, નેપાલીઝ, ચીનાઈ, જેપાનીઝ અને કેટલીક વેલાતી વીગેરે તરેહવાર વરણના લોકોની બનાવટના નમુના–સંગેમરમર, હાથીદાંત, પિત્તળ, સુખડ, સુના રૂપાં વગેરેની કારીગરીનાં કામો–કાચના સંખ્યાબંધ કેસોની અંદર હજારો બલકે લખોની કિમ્મતના સંગ્રહમાં–સાચવી રાખ્યા છે. મુખ્યત્વે ખુણે ખુણે ગોઠવેલાં હીંદુસ્તાનના અનેક જાતના લોકોના તેઓનાજ વેશમાં સજ કીધેલાં આખા કદનાં પુતળાં, યંત્રો, હીંદી બનાવટના કાપડ અને વનસ્પતિ તથા જીવજંતુ વિદ્યાના (botanical and zoological) વિભાગો વિદ્યાર્થીનાં જ્ઞાનમાં વધારો કરનારાં છે. શેહેર મધિના ઝવેરી બજાર અને ચોકનું બજાર મોટાં ગણાય છે. રાજા સાહેબનો મેહેલ ૭ મજલા ધરાવે છે. તે આસપાસ અનેક ફુવારા સાથે એક સુંદર બાગ વચ્ચે મેહેલની નજદીકમાંજ 'દીવાને આમ' અને 'દીવાને ખાસ'ના મોટા હોલો તથા 'સુખનીવાસ' નામની ઈમારત જોવામાં આવે છે. શેહેરથી દુર પહાડ ઉપર 'ગલતા' નામની એક પીકનીક કરવા લાયક જગ્યા છે. પહાડ ચઢી બીજી બાજુએ નીચે ઉતરતાં બે ખીણ વચ્ચે તળાવ સાથે એક નાનું 'સુર્ય દેવ' (Sun-god) નું હીંદુ મંદીર છે, જેની આસપાસ બાગનો છાયો મળે છે. પણ આ શેહેરના મુખ્ય ખેંચાણ તો મ્યુઝીઅમ અને અસલ 'આમબર'નો કીલ્લો છે. તે બન્ને માટે ખસુસ કરી મુસાફરોની અત્રે આમદ છે.

જેપુર સંસ્થાનની અસલ રાજધાની 'આમબર'નો મેહેલ બાંધવાનું સને ૧૫૯૨ માં જેપુરની રાજગાદીએ આવનાર રાજા માનસીંગે શરૂ કર્યું હતું, જે કામ સેવાય જયસીંગે તમામ કર્યું હતું. તેણે સને ૧૭૨૮ માં પોતાની સરકારનું વડું મથક હાલના જેપુર શેહેરમાં કરવા આગમજ 'આમબરના' મેહેલને

પોતાનું નામ ધરાવતો એક સુંદર દરવાજો ભેટ કર્યો હતો. આ અસલ હીંદુ કીલ્લો શેહેરથી ૭ માઇલ દુર એક નાના તળાવની કીનારીએ ખીણુની અંદર બાંધ્યો છે. અત્રે 'સીલા દેવી'નું હીંદુ મંદીર છે, જયાં દરરોજ એક બકરાનો ભોગ થાય છે.[૧] અત્રેના દીવાને ખાસનાં થાંભલાઓ તથા સીલીંગ ખેંચાણકારક છે. થાંભલાઓ ઉપર હાથીના સર વીગેરેનું સુંદર કોતરકામ, તથા સીલીંગ ઉપર જડેલા આરસીના કાચો દીવાનની ખુબસુરતી વધારે છે. ૧૬ મી સદીની મુસલમીન વળણ પ્રમાણે બાંધેલા અકબર બાદશાહના ફતેહપુર સીક્રીના મેહેલ સાથે તેજ સદીની હીંદુ ઢબનો ખ્યાલ આપતો આ મેહેલ સરખાવતાં તે વધારે સારો લાગે છે. બન્ને ભાઇબંધ કોમોની બાંધણીના ઉપર જણાવેલા બે મેહેલો એકજ કાળની કારીગીરીના નમુના છે. બે ખીણુ વચ્ચે ખડક અંદરથી ફુટી નીકળી નીચેના તળાવમાં પોતાનો પડછાયો ફેંકતા આ કદીમ હીંદુ મેહેલની ખુબી માટે ફરગ્યુસન જણાવેછે કે:—

"Nothing, however, can be more picturesque than the way in which the palace grows, as it were, out of a rocky base or reflects itself in the mirror of the deep lake at its base, and nothing can be happier than the mode in which the principal apartments are arranged, so as to afford views over the lake and into the country beyond."[૨]

---

૧ Glimpses of India, edited by J. H. Furneaux, p. 400.

૨ History of Indian and Eastern Architecture, by James Fergusson, p. 480.